નેઅમત છે અને તે ઉપર એવો ફઝલ કર્યો, કે જે કાંઈ તેના દિલમાં આવે અને જે અંદેશો ઉપજે તે સૌ સત્ય અને બરાબર તહકીક છે. હું તેની તારીફ કરૂં છું કે તેણે અમારા નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમના ઉમ્મતના આલિમોને બની ઈસરાઈલના નબીઓ જેવા કર્યા અને તેઓને દલીલ અને હુજ્જત કાયમ કરવાની સાથે બારીક હુકમો કાઢવાનો અનુભવ આપ્યો અને હું તેનો શુક્ર બજાઉં છું કે જે આલિમો હકને ટેકો આપવા માટે ઊભા થયા, અલ્લાહે તેઓના ઝંડાઓ ઉંચા કર્યા કે તેઓએ પૂર્વ અને પશ્ચિમમાં વિખ્યાતી મેળવી અને તેઓના વિરોધીઓને નીચે જોતા કર્યા. હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ સાચો મઅબુદ નથી, તે એક જ છે, તેનો કોઈ સાથી નથી. એવા બંદાની સાક્ષી જે ચોખ્ખી ખુદાની તવહીદ બોલ્યો અને તેણે જમાનાની ગરદનમાં તે તવહીદનો અજોડ હાર નાખ્યો; અને હું સાક્ષી પુરૂં છું કે અમારા સરદાર અને આકા મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ તેના બંદા અને રસુલ છે; જેમને અલ્લાહ તઆલાએ તમામ જહાનના માટે નૂર, હિદાયત અને રહમત બનાવી મોકલ્યા અને તેઓને પ્રકાશિત બયાન સાથે મોકલ્યા, જેથી આ ચોખ્ખો દીન ઉમ્મત ઉપર વિશાળ થાય. અલ્લાહ તઆલા તેઓ ઉપર અને તેઓની આલ, જે ચળકતા દીવાઓની માફક છે, તે ઉપર અને તેઓના અસ્હાબ, જેઓ હિદાયતના તારા અને મોતીઓના હાર છે, તેઓ ઉપર દુરૂદ અને સલામ મોકલે. હમ્દ અને સલાત બાદ, બેશક તે અલ્લામા ફાઝિલ, જે પોતાની આંખોની રોશની વડે અડચણો અને સંકટો ખોલી દે છે, જેનું નામ **અહમદ રઝાખાન** છે અને જેમાં નામ પ્રમાણે ગુણ છે, તેના નિવેદનરૂપી મોતી તેના અર્થના જવાહીરથી સંબંધ રાખે છે; એટલે તે બારીકીઓનો ખજાનો છે. સંભાળેલા ઈલ્મરૂપી ભંડારોમાંથી વિણાયલો અને તે મઅરેફતનો ખરી બપોરે ચળકતો સૂર્ય છે. ઈલ્મોની જાહેરી અને છૂપી અડચણો ખુબીથી ખોલનાર છે જે તેના ફઝલથી વાકેફ થાય તેને મુનાસિબ છે એમ કહે કે આગલાઓ પાછલા માટે ઘણું એ મુકી ગયા. શએર :–

*ઝમાનેમેં મંય ગરચે આખિર હુવા, વો લાઉં જો અગલોસે મુમકિન ન થા*
*ખુદાસે કુછ ઈસ્કા અચંબા ન જાન, કે એક શખ્સમેં જમ્અ હો સબ જહાન*

ખાસ કરી આ દલીલો, હુજ્જતો અને હક જાહેર કરનારી વાતો બદલ જે તેણે તાઝીમ અને કબૂલ કરવા લાયક **'અલ મોઅતમદુલ મુસ્તનદ'** રિસાલામાં જાહેર કરી; જેનાથી કાફીરો અને બેદીનોનું મૂળ ખોદી કાઢયું, એટલા માટે કે જે આ વાતો ઉપર અકીદો રાખે છે જેમની વિગત આ રિસાલામાં ખુલાસેવાર લખી છે; તે નિઃસંદેહ

3

من الكفرة الضالين المضلين + المارقين من الدين + مروق السهم
من الرمية لدى كل عالم من علماء المسلمين + المؤيدة لما عليه
اهل الاسلام والسنة والجماعة + الخاذلة لاهل البدع
والضلالة والحماقة + فجزاه الله تعالى عن المسلمين المتقلدين
بائمة الهدى والدين الجزاء الوافر + ونفع به وبتاليفه في
الاول والآخر + ولا زال على ممر الزمان + رافعا لواء الحق +
ناصرا لاهله ما تعاقب الملوان + ومتع الله الوجود بحياته وما
برح ملحوظا بعون الله وعناياته + محفوظا بالسبع المثاني +
من كيد كل عدو وحاسد شانى + بجاه عظيم الجاه خاتم
الانبياء والمرسلين + صلى الله تعالى عليه وعلى آله وصحبه اجمعين

رقمه فقير ربه + واسير ذنبه + احمد ابو الخير بن
عبد الله ميرداد خادم العلم والخطيب والامام + بالمسجد
الحرام +

احمد
ابو الخير ميرداد

## (٣) صورة ما سطره مقدام العلماء المحققين + وهمام العظماء المدققين + الحريف الماهر + والغطريف الباهر + والسحاب الهامر + والقمر الزاهر + ناصر السنة + وكاسر الفتنة + مفتي الحنفية سابقا + ومحط الرحال سابقا ولاحقا + ذو العز والافضال + مولانا العلامة الشيخ صالح كمال توجه ذو الجلال + بتيجان العز والجمال

بسم الله الرحمن الرحيم

الحمد لله الذي زين سماء العلوم بمصابيح العلماء العارفين + وبين لنا

કાફિર છે, ગુમરાહ છે, ગુમરાહ કરે છે, દીનથી નીકળી ગયો છે જેમ તીર નિશાનમાંથી નીકળી જાય છે. મુસલમાનોના આલિમો જેઓ દીને ઈસ્લામ અને એહલે સુન્નત વ જમાઅતના મઝહબને ટેકો આપે છે અને બિદઅત, ગુમરાહી અને મૂર્ખાઈવાળાઓને તજનાર છે, તેઓ એ વિષે એકમત છે. અલ્લાહ તઆલા કર્તાને જેઓ દીન અને હિદાયતના ઈમામોના તાબેદાર છે. સર્વ મુસલમાનોના તરફથી ઘણો જ મોટો બદલો આપે અને તેની જાતથી અને તેની કિતાબોથી આગલા પાછલાઓને નફો બખ્શે અને તે દુનિયાના અંત સુધી હકનો ઝંડો ઊંચો કરે અને જ્યાં સુધી સવાર સાંજ થયા કરે, ત્યાં સુધી તે એહલે હકને મદદ કરતો રહે. અલ્લાહ તઆલા તેની જીંદગીથી તમામ જહાનને ફાયદો પહોંચાડે અને હંમેશા તેની ઉપર અલ્લાહની મદદ એનાયત અને નઝર રહે. અને કુરઆને અઝીમ દરેક દુશ્મન, દરેક કપટી અને દરેક ઈર્ષાખોરના મકરથી તેની સંભાળ રાખે; તેઓની ઈઝઝતનો સદકો, જેઓની ઘણી જ મોટી ઈઝઝત છે અને જેઓ અમ્બિયા અને રસુલોના ખત્મ કરવાવાળા છે અલ્લાહ તેઓ ઉપર અને તેઓની આલ અને અસહાબ સૌ ઉપર દુરૂદ મોકલે. અલ્લાહનો મોહતાજ અને ગુનાહનો ગિરફતાર **અહમદ અબુલ ખયર બિન અબ્દુલ્લાહ મિરદાદ** જે ઈલ્મનો ખાદિમ અને ઈમામ છે; તેણે મસ્જીદુલ હરામ શરીફમાં આ લખ્યું.

અહમદ
અબુલ ખયર
મીરદાદ

---

**(3) ફત્વો :- પેશ્વાએ ઉલમાએ મોહક્કેકીન, મુકતદાએ કુબરાએ મુદક્કેકીન, અઝીમુલ મઅરફત, માહેર સરદારે બુઝુર્ગ, સાહેબે નુરેઅઝીમ, અબરે બારિન્દહ, માહે દુરખશિન્દહ, નાસિરે સુનન ફિત્ના શિકન, હન્ફીઓના પહેલા મુફ્તી, સાહેબે અઝમતો અફઝાલ, જેમની તરફ પહેલાથી અત્યાર સુધી ફૈઝ લેનારાઓ જતા; મૌલાના અલ્લામા શય્ખ સાલેહકમાલ, જલાલવાળો અલ્લાહ ઇઝઝત અને ખૂબસુરતીનો તાજ તેઓના માથા ઉપર મુકે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

સર્વ ખુબીઓ તે ખુદાને છે, જેણે ઈલ્મોના આસમાનને ખુદાને ઓળખનાર આલિમોના ચિરાગોથી શણગાર્યો અને તેઓની બરકતોથી

ببركاتهم طرق الهداية والحق المبين + احمده على مامّن به
والنعم + واشكره على ماخص وعمّم + واشهد ان لا اله الا الله
وحده لا شريك له شهادة ترفع قائلها على منابر النور + وتدفع
عنه شبه اهل الزيغ والفجور + واشهد ان سيدنا
ومولانا محمدًا عبده ورسوله الذى اوضح لنا المحجة + وان لنا طريق
الحجة + اللهمّ فصل وسلّم عليه وعلى اٰله الطيّبين الطاهرين + واصحابه
الفائزين المفلحين + والتابعين لهم باحسان الى يوم الدين + لاسيما
العالم العلامة بحر الفضائل وقرة عيون العلماء الاماثل + مولانا
الشيخ المحقق بركة الزمان **احمد رضا خان** + البريلوى
حفظه الله وابقاه + ومن كل سوء ومكروه وقاه **امابعد**
فعليكم السّلام + ايها الامام المقدام + ورحمة الله وبركاته
على الدوام + ولقد اجبت فاصبت وحققت فيما كتبت + وقلدت
اعناق المسلمين قلائد المنن وادخرت عند الله سبحنه
الاجر الحسن + فابقاك الله لهم حصنا منيعا + وحباك من لدنه
اجرا عظيما + ومقاما رفيعا + وان ائمة الضلال الذين
سميتهم كما قلت ومقالك فيهم بالقبول حقيق فهم
والحال ما ذكرت كفار مارقون من الدين يجب على كل
مسلم التحذير منهم + والتنفير عنهم + وذم طريقتهم
الفاسدة + وآرائهم الكاسدة + واهانتهم بكل مجلس واجبة
وهتك الستر عنهم من الامور الصائبة + ورحم الله القائل ؎

| | |
|---|---|
| من الدين كشف الستر عن كل كاذب | وعن كل بدعيّ اتى بالعجائب |
| ولولا رجال مؤمنون لهدّمت | صوامع دين الله من كل جانب |

اولئك هم الخاسرون + اولئك هم الضالون + اولئك هم الظالمون + اولئك

અમારા માટે હિદાયત અને સત્ય જાહેર કરનારા માર્ગોને પ્રકાશિત કર્યા. હું તેના ઉપકાર અને ઈનામ ઉપર તેની હમ્દ બજાઉં છું અને તેની ખાસ અને આમ મહેરબાનીઓ ઉપર હું તેનો શુક્ર કરૂં છું અને હું ગવાહી આપું છુ કે અલ્લાહના સિવાય બીજો કોઈ મઅબુદ નથી, તે પોતે એકલો જ છે. તેનો કોઈ ભાગીદાર નથી. તે ગવાહી એવી કે પોતાના કહેવાવાળાને નૂરના મિમ્બરો ઉપર ચઢાવે અને દુષ્ટ પાપીઓની શંકાઓને તેની પાસે ન આવવા દે અને હું ગવાહી આપું છું કે અમારા સરદાર અને અમારા આકા મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ તેના બંદા અને તેના રસુલ છે, જેઓએ અમારા માટે હુજ્જતને જાહેર કરી અને વિશાળ માર્ગ પ્રકાશિત કર્યો. ઈલાહી ! તુ કયામત સુધી તેઓ ઉપર અને તેઓની પાક અને પવિત્ર આલ ઉપર તેઓના મોક્ષ પામનારા અને ફતેહ મેળવનારા સહાબા અને તેઓના તાબેદારો ઉપર દુરૂદ અને સલામ મોકલ અને ખાસ કરી તે (અલ્લામા આલિમ ઉપર જે ફઝીલતોનો સમુદ્ર છે અને બુઝૂર્ગ આલિમોની આંખોની ઠંડક છે) અને તે મૌલાના મોહક્કિક ઝમાનાની બરકત **અહમદ રઝાખાન બરેલ્વી** છે. અલ્લાહ તઆલા તેની સંભાળ રાખે, તેને સલામત રાખે અને દરેક બુરી અને ભૂંડી વાતોથી તેને બચાવે. હમ્દ અને સલાત બાદ, અય ઈમામ અને પેશ્વા ! તમો ઉપર સલામ અને અલ્લાહની રહેમત અને બરકત હંમેશ હોજો. બેશક આપે જવાબ આપ્યો અને ઘણો જ સારો આપ્યો અને લખાણમાં તહકીકને ઈન્સાફ આપ્યો ! અને મુસલમાનોની ગરદનમાં ઉપકારની માળા નાખી અને અલ્લાહ અઝઝ વ જલ્લને ત્યાં ઉત્તમ બદલો મેળવવાનું સાધન કરી લીધું. અલ્લાહ તઆલા આપને મુસલમાનોના માટે મજબૂત કિલ્લો બનાવી કાયમ રાખે અને પોતાની બારગાહથી આપને મોટો બદલો અને ઊંચો દરજ્જો બખ્શે ! ગુમરાહીના તે પેશ્વા જેઓના તમોએ નામો લીધા બેશક તેઓ તે જ પ્રમાણે છે, જેવું તમોએ લખ્યું અને આપે તેઓ વિષે જે કંઈ કહ્યું, તે મુનાસિબ અને કબૂલ છે. આપે તેઓની જે હાલતનું વર્ણન કર્યુ, તેને અંગે તેઓ કાફીર અને દીનથી નીકળી ગયા છે. દરેક મુસલમાન ઉપર વાજીબ છે કે લોકોને તેઓથી બીવડાવે અને તેઓથી દૂર રહેવા કહે, તેઓના ખરાબ રસ્તાઓની, ખોટી ધારણાની બુરાઈ બયાન કરે અને દરેક મજલીસમાં તેઓને બેઈઝઝત કરવા વાજીબ છે અને તેઓનો પરદો ઉઘાડો કરવો સારા કામોમાંથી છે અને ખુદા તેના ઉપર રહેમત કરે, જેણે કહ્યું :

દીનમેં દાખિલ હય હર કઝઝાબકી પરદાદરી
સારે બદ દીનોંકી જો લાએ અજબ બાતેં બુરી
દીને હક્કી ખાનકાહે હર તરફ પાતાગિરી
ગર ન હોતી એહલે હક્કો રૂશ્દકી જલ્વાગરી.

એ જ લોકો નુકશાન ઉઠાવનારા છે ! તેઓ જ ગુમરાહ છે ! તેઓ જ બેઈન્સાફી કરનારા છે !

هم الكافرون + اللهم انزل بهم باسك الشديد + واجعلهم
ومن صدق اقوالهم ما بين شريد وطريد + ربنا لا تزغ قلوبنا بعد
اذ هديتنا وهب لنا من لدنك رحمة انك انت الوهاب وصلى الله
على سيدنا محمد وعلى آله وصحبه وسلم تسليما كثيرا غاية محرم
الحرام سنة ١٣٢٤ قاله بفمه + وامر برقمه + خادم العلم والعلماء
بالمسجد الحرام محمد صالح بن العلامة المرحوم الشيخ صديق
كمال الحنفي مفتي مكة المكرمة سابقا غفر الله
له ولوالديه ولمشايخه واحبابه وخذل اعداءه
وحساده ومن يسوء اراده آمين ۔

محمد صالح كمال

## (٤) صورة مارقمه العلامة المحقق + والفهامة المدقق + مشرق سناء الفهوم + مشرق ذكاء العلوم + ذو العلوم والافضال مولانا الشيخ علي بن صديق كمال + ادامه الله بالعز والجمال +

بسم الله الرحمن الرحيم

الحمد لله الذي اعز الدين القويم بالعلماء العاملين المكرمين بالعلم النافع
الذين جعلتهم انجما يستضاء بهم في الازمنة الدهماء الحوالك الظلم +
وشهبا تحرق بهم طوائف الطغيان والزيغ والبدع فيحوروا ارمم +
واشهد ان لا اله الا الله وحده لا شريك له شهادة ادخرها
ليوم الزحام + واشهد ان سيدنا محمدا عبده ورسوله
خاتم الانبياء العظام صلى الله تعالى عليه وسلم وعلى آله وصحبه الكرام
وبعد فانا اشكر الله ربي على طلوع هذا النجم الساطع + والدواء الناجع
في هذا الزمان الفاجع + الذي نرى فيه البدع كالسيل

તેઓ જ કાફિરો છે ! અય અલ્લાહ ! તે લોકો ઉપર તું તારો સખત અઝાબ ઉતાર અને તેઓની વાતોને સાચી કહેનારાઓને કાંઈ એવું કર, જેથી તે પૈકી કેટલાક નાસી જાય ! અને કેટલાક મરદૂદ થઈ જાય ! અય અમારા રબ ! તેં અમોને સાચો માર્ગ બતાવ્યો અને અમોને રેહમત બખ્શી છે, જેથી હવે તુ અમારા દિલોમાં ગુમરાહી પેદા ન કર, બેશક તું જ છે ઘણું બખ્શવાવાળો. અલ્લાહ તઆલા અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ ઉપર અને તેઓની આલ અને અસ્હાબ ઉપર ઘણાં જ દુરૂદ સલામ મોકલે. તા. ૩૦ માહે મોહર્રમુલહરામ સને ૧૩૨૪ હીજરી મક્કા મોઅઝઝમાના સબક દેવાવાળા મુફતી ઈલ્મ અને આલિમોના ખાદિમ **મોહંમદ સાલેહ બિન અલ્લામા મરહુમ હઝરત સિદ્દીક કમાલ હનફીએ** મસ્જીદે હરામ શરીફમાં પોતે પોતાની જીભથી કહ્યું અને લખવાનો હુકમ આપ્યો. અલ્લાહ તેને, તેના માં–બાપને, ઉસ્તાદો અને દોસ્તો સર્વને બખ્શે અને તેના દુશ્મનો, કપટીઓ, બુરૂ ચાહવાવાળાઓને બેઈઝઝત કરે, આમીન.

મોહંમદ
સાલેહ
કમાલ

---

**(૪) અલ્લામએ મોહક્કિક, અઝીમુલ ફહેમ મુદક્કિક, લામેએ અનવારે ફુહુમ, મશરિકે આફતાબે ઉલુમ, સાહેબે રિફઅતો અફઝાલ, મૌલાના શયખઅલી બિન સિદ્દીક કમાલનો ફત્વો. અલ્લાહ હંમેશા તેઓને ઇઝઝત અને જમાલની સાથે રાખે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

સર્વ ખુબીઓ તે ખુદાને છે, જેણે આ સાચા દીનને અમલ કરવાવાળા આલિમોથી ઈઝઝત આપી. જેઓ ઈલ્મનો નફો આપવાની બખ્શીસ મેળવી ચૂકયા છે. ઈલાહી તેઓને તેં એવા તારાઓ બનાવ્યા છે કે ગુમરાહીના અંધકારમય કાળાશ છવાએલા ઝમાનામાં તેઓથી અજવાળું લેવામાં આવે; અને તે આગની ફેંકાતી ચિનગારીઓ જેનાથી અભિમાન, ગુમરાહી અને બદ મઝહબીની ટોળીઓ એવી બાળી મૂકવામાં આવે કે બળીને કાળી મેંશ થઈ જાય અને હું સાક્ષી આપું છું કે અલ્લાહના સિવાય બીજો કોઈપણ મઅબુદ નથી, તે એકલો છે અને તેનો કોઈપણ સાથી નથી, એવી ગવાહી જેને હું કયામતના દુઃખના દિવસ માટે જમા રાખું છું અને હું ગવાહી આપું છું કે અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ તેના બંદા અને રસુલ ઈઝઝતવાળા, નબીઓના ખત્મ કરવાવાળા છે. અલ્લાહ અઝઝ વ જલ્લ તેઓ ઉપર અને તેઓની આલ અને અસ્હાબે કિરામ ઉપર દુરૂદ મોકલે. હમ્દ અને સલાત બાદ હું મારા રબ અઝઝ વ જલ્લનો શુક્ર બજાઉં છું કે આ શ્રેષ્ઠ સિતારો ચમકયો અને આ પુરતી નફો દેનારી દવા આવા ગભરામણ અને સંકટના ઝમાનામાં ઉત્પન્ન થઈ, જેમાં બદ મઝહબોનું અત્યંત જોર પાણીના પૂરની માફક અમો જોઈ રહ્યા છીએ;

الدافع + واهلها يتناسلون من كل حدب واسع + اللهم اخذل
منهم البلاد + ومثل بهم بين العباد + واهلكهم كما اهلكت ثمود
وعاد + واجعل ديارهم بلاقع + لاشك فی کفر هؤلاء الخوارج
كلاب النار وحزب الشيطان + وحقيق بالقبول والاذعان ما جاء
به هذا النجم اللامع + والسيف القاطع رقاب الوهابيه ومن
كان لهم تابع + الشيخ الكبير + والعلم الشهير + مولانا وقدوتنا
**احمد رضا خان** البريلوی سلمه الله
واعانه علی اعداء الدين المارقين بحرمة سيدنا
محمد صلی الله عليه وسلم وعليكم السلام

علی ابن صدیق کمال

(٦) صورة ما نمقه البحر الزاخر + والحبر الفاخر + بقية الاكابر + وعمدة الاواخر
الصفی المتوكل + الولی المتبتل + حامی السنن + ماحی الفتن
مطرح اشعة النور المطلق + مولانا الشيخ محمد عبد الحق
المهاجر الاله بادی + دام بالايادی والايادی السلام عليكم
ورحمة الله وبركاته ومغفرته

بسم الله الرحمن الرحيم

الحمد لله الذی وفق من اختار من عباده لحماية هذه الشريعة + وجعلهم
ورثة انبيائه فی العلم والحكمة وبالهام من رتبة عالية رفيعة + والصلاة
والسلام علی سيدنا محمد الذی جمع فيه مولاه الفضل جميعه + وعلی آله
واصحابه ذوی النفوس السميعة المطيعة + ما صاح الهزار فوق الازهار
ترنيمه وترجيعه + **اما بعد** فقد اطلعت علی هذه الرسالة الشريفة

અને બિદઅતી લોકો વિશાળ ઊંચી જમીનથી તે ઢોલાણ તરફ એક પછી એક આવી રહ્યા છે. અય ખુદા ! તેઓથી શહેરોને પવિત્ર કર અને તેઓને તમામ જહાનમાં બેઈઝઝત કર અને તેઓને હલાક કર, જેવું કે તેં ''સમુદ'' અને ''આદ'' ને હલાક કર્યા ! અને તેઓના મકાનોને ખંડેર કરી દે. આ ખારજી, આ જહન્નમના કૂતરાઓ અને આ શયતાનની ટોળી વગર શકે કાફિર છે અને તે વસ્તુ જે આ(ઝબકતો તારો લાવ્યો, જે વહાબિયહ અને તેના તાબેદારોની ગરદન ઉપર ખૂંખાર તલવારની માફક છે) તે માનવાપાત્ર અને કબૂલ કરવા લાયક છે. ઈઝઝતદાર ઉસ્તાદ અને નામાંકિત નામવર, અમારા સરદાર અને અમારા પેશ્વા **અહમદ રઝાખાન**/બરેલ્વી અલ્લાહ તઆલા અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમની ઈઝઝતના સદકામાં તેને સલામત રાખે અને દીનના દુશ્મનો અને દીનથી નીકળી જનારાઓ ઉપર તેને ફતેહ આપે અને આપ ઉપર સલામ હોજો.

અલી બિન સિદીક કમાલ

---

**(૫) ફત્વો :- દર્યાએ મવ્વાજ, આલિમે કબીર, સાહેબે ફખ્ર, બકીયએ અકાબિર, મોઅતમદે દવ્રે આખિર, મુતવક્કિલે બાસફા, સાહેબે વફા, મુનકતેઅ બખુદા, હામીએ સુનન, માહીએ ફિતન, જલ્વાગાહે લમઅહાએ નૂરે મુતલક, શેખુદ દલાએલ મૌલાના શયખ મોહંમદ અબ્દુલહક મોહાજીર ઈલાહાબાદી હંમેશ કુવ્વત અને નેઅમતની સાથે રહો. આપ ઉપર સલામ અને અલ્લાહની રહેમત અને તેની બરકતો અને તેની બખશિશો હોજો.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

સર્વ ખૂબીઓ તે ખુદાને છે, જેણે પોતાનો જે બંદો પસંદ કર્યો, તેને શરીઅતને મદદ કરવાની તવફીક બખ્શી અને તેને ઈલ્મ અને હિકમતમાં પોતાના પયગમ્બરોનો વારિસ કર્યો અને આ કેવો ઊંચો અને મોટો દરજ્જો છે ? જ્યાં સુધી બુલબુલો ફૂલની કળીઓ ઉપર પોતાના મધુર અવાજોનો શોર કરે, ત્યાં સુધી દુરૂદ અને સલામ અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ ઉપર, જેઓમાં તેઓના મવલાએ તમામ ખુબીઓ એકઠી કરી અને પછી તેઓની આલ અને અસ્હાબ ઉપર, જેઓના જાનો (જીવો) તેઓનો હુકમ સાંભળવાવાળા અને તેઓનો ફરમાન માનવાવાળા છે. તારીફ અને સલાત બાદ હું આ ઈઝઝતવાળા રિસાલાથી વાકેફ થયો

وما حوته من التحرير الانيق + والتقرير الرشيق + فرأيتها هي التي تقربها
العينان لا بغيرها + وهي التي تصغى اليها الاذان حيث ظهر خيرها وميرها
اصاب صاحبها العلامة الحبر الطمطام + المقوال للفضال المنعام + النكر
البحر الهمام + الاريب اللبيب القمقام + ذو الشرف والمجد المقدام
الذكى الزكى الكرام + مولانا الفهامة الحاج **احمد رضا خان** +
كان الله له اينما كان + ولطف به فى كل مكان + فيما بسط و
حقق + وضبط ودقق + افسط وزعا + وارشد وهدى + فيجب ان
يكون المرجع عند الاشتباه اليه + والمعول عليه + فجزاه الله الجزاء
التام + واسبغ عليه نعمه غاية الانعام + واطال طيلته طوال الدهر
المستدام + بارغد عيش لا يسأم فيه ولا يسام + بجن صنديد المرسلين
سيد الانام + عليه وعلى آله الكرام + وصحابته الفخام +
ازكى صلاة الله واطيب السلام + حرره العبد الضعيف ملتجى
بحرم ربه الهادى + محمد عبد الحق ابن مولانا الشيخ شاه محمد
الاله ابادى + عاملهما الله بفضله العميم
٨ صفر المظفر سنه ١٣٢٤ من الهجرة النبوية على صاحبها
الف الف صلاة وتحية +

محمد عبد الحق

٦ صولة مانحة غيظ المنافقين + وفوز الموافقين + حامى
السنة واهلها + ماحى البدعة وجهلها + زينة الزمان + وحسنة
الاوان + منشد خطب الكرم + محافظ كتب الحرم +
العلامة الجليل + والفهامة النبيل + حضرة مولانا
السيد اسمعيل خليل + ادامهما الله بالعز والتبجيل +

અને તેમાં તે ખુશનુમા લખાણ અને શોભાયમાન વાત લખેલી જોઈ કે માત્ર તેના જોવાથી જ આંખોને ટાઢક વળે, બીજાથી નહીં, એમ હું માની શકયો અને તે વસ્તુ તે છે કે જેને જીવ પણ કાન દઈ સાંભળે, સબબ કે તેની ખૂબી અને ઘણો મોટો ફાયદો જગજાહેર છે અને તેના કર્તા અલ્લામહ,(બુઝૂર્ગ આલિમ, ઘણા જ જોશવાળા સમુદ્ર, ઉમદા તકરીર કરવાવાળા, ઘણીજ ખુદાઈ બખ્શિશવાળા, મોટા ઉપકારવાળા, દીલેર, ઊંચી હિંમતના દરીયા, તેજ ઝેહનવાળા, ઘણી જ સમજવાળા, ઈલ્મના અથાગ સમુદ્ર, શરફવાળા, ઈઝઝતવાળા અને સર્વથી વધી જનાર તબીઅતની તેઝીના માલિક, સ્વચ્છ, અત્યંત કરમવાળા અમારા સરદાર અત્યંત બુદ્ધિશાળી,) **હાજી અહમદ રઝાખાન** છે; તેઓ જે જગ્યાએ હોય, ખુદા તેઓની સંભાળ રાખનાર હોય અને દરેક જગ્યાએ તેઓના ઉપર મહેરબાની કરતો રહે. આ વિગતવાર, સત્યની બારીક તપાસ, મહાવરો, ગોઠવણી અને ઊંડી શોધ (ના રિસાલા)માં સીધો માર્ગ મેળવ્યો. તેઓએ ઈન્સાફ અને ન્યાય કર્યો; રેહનુમાઈ અને હિદાયત કીધી. માટે વાજીબ છે કે શંકા પ્રસંગે એ જ બારીક તપાસ તરફ રજૂ થવું અને એના જ ઉપર વિશ્વાસ કરો, જેથી અલ્લાહ તેઓને પૂરો બદલો બખ્શે અને તેના ઉપર સંપૂર્ણ દરજ્જાની પોતાની ઘણી જ મોટી નેઅમતો આપે અને સદાને માટે તેની બખ્શિશને કાયમ રાખે, અતિ આનંદમય જીંદગી અડચણ કે અકળામણ વગર ગુજારે, (અને આ બધું) સરદારે મુરસલીન સૈયદે આલમીનના સદકામાં પ્રાપ્ત થાય. નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ અને તેઓની ઈઝઝતવાળી આલ ઉપર અને અઝમતવાળા સહાબા ઉપર અલ્લાહનો સૌથી સ્વચ્છ દુરૂદ અને સૌથી પવિત્ર સલામ હોજો. નાચીઝ બંદો **મોહંમદ અબ્દુલહક ઇબ્ને મૌલાના હઝરત શાહ મોહંમદ અલ્લાહાબાદી** જેણે પોતાના રેહનુમા રબની હરમમાં પનાહ લીધી છે, તેણે આ લખ્યું. અલ્લાહ તઆલા મઝકુર બેઉ જણા સાથે પોતાની આમ બખ્શિશનો મામલો કરે. તા. ૮ માહે સફરૂલ મુઝફફર સને ૧૩૨૪ હિજરી. હિજરત કરવાવાળા સાહેબ ઉપર દસ લાખ દુરૂદ અને સલામ હોજો.

મોહંમદ
અબ્દુલ હક્ક

---

**(૬) ફત્વો :- ગયઝે મુનાફેકીન, વ કામે મુવાફેકીન, હામીએ સુન્નત, વ એહલે સુન્નત માહીએ બિદઅત વ જેહલે બિદઅત, ઝીનતે લયલો નહાર, નિકોઇએ રોઝગાર, ખતીબે ખુતબહાએ કરમ, મોહાફિઝે કુતુબે હરમ, અલ્લામએ ઝીલ્કદરે બલંદ, અઝીમલ ફહમ, વ દાનિશમંદ હઝરત મૌલાના સૈયદ ઇસ્માઇલ ખલીલ. અલ્લાહ તઆલા તેઓને સદા ઇઝઝત અને તઅઝીમની સાથે રાખે.**

بسم اللہ الرحمن الرحیم

الحمد للہ الواحد الاحد القہار + القوی العزیز المنتقم الجبار + المتعالی بصفات الکمال والجلال + المتنزہ عن قول اھل الکفر والطغیان والضلال الذی لیس لہ ضد ولاند ولا امثال + ثم الصلاۃ والسلام علی افضل العلمین + سیدنا محمد بن عبد اللہ خاتم النبیین والمرسلین + المنقذ لمن تبعہ من الخزی والردی + الخاذل لمن استحب العمی علی الھدی

**اما بعد** فاقول ان ھؤلاء الفرق الواقعین فی السؤال + **غلام احمد القادیانی ورشید احمد** ومن تبعہ **کخلیل الانبھتی واشرف علی** وغیرھم لاشبھۃ فی کفرھم بلا مجال + بل لاشبھۃ فیمن شک بل فیمن توقف فی کفرھم بحال من الاحوال + فان بعضھم منابذ للدین المتین + وبعضھم منکر ماھو من ضروریاتہ المتفق علیہ بین المسلمین + فلم یبق لھم اسم ولا رسم فی الاسلام + کما لا یخفی علی اجھل الناس من الانام + فان ما اتوا بہ شئ تمجہ الاسماع + وتنکرہ العقول والقلوب والطباع + ثم اقول ایضا انی کنت اظن ان ھؤلاء الضالین المضلین + الفجرۃ الکفرۃ المارقین من الدین + انما حصل لھم ما حصل من سوء الاعتقاد + مبناہ علی سوء الفھم من عبارات العلماء الامجاد + والآن حصل لی علم الیقین الذی لاشک فیہ انھم من دعاۃ الکفرۃ یریدون ابطال دین محمد صلی اللہ تعالیٰ علیہ وسلم فنجد بعضھم ینکر اصل الدین + وبعضھم یدعی النبوۃ منکرا الخاتم النبیین + وبعضھم یدعی انہ عیسی ولعضھم یدعی انہ المھدی وآھونھم فی الظاھر بل اشد ھم فی الحقیقۃ ھؤلاء الوھابیۃ لعنھم اللہ

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

સર્વ ખુબીઓ ખુદાને માટે છે, જે પોતે એકલો સૌ વસ્તુઓ ઉપર સરસાઈ ભોગવે છે. તે કુવત, ઈઝઝત, બદલો લેનાર અને બુઝુર્ગીવાળો છે. જે કમાલ અને જલાલની સીફતો સાથે બલંદ છે અને કાફિરો, બદકારો અને ગુમરાહોની વાતોથી પાક છે. તેનો સમોવડિયો નથી અને કોઈ તેના બરાબર નથી. એ પછી તેઓ ઉપર દુરૂદ સલામ જે સૌ જહાનથી અફઝલ છે અને તે અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ ફરઝન્દ હઝરત અબ્દુલ્લાહના છે, જેઓ તમામ નબીઓ અને રસુલોને ખત્મ કરવાવાળા છે. પોતાના તાબેદારોને બેઈઝઝતી અને બરબાદીથી બચાવવાવાળા છે અને જે હિદાયત ઉપર ગુમરાહી પસંદ કરે, તેને મરદૂદ કરવાવાળા છે. હમ્દ અને સલાત બાદ હું કહું છું કે આ ફિરકાઓ જેઓનું વર્ણન સવાલમાં જાહેર છે, જેવા કે **ગુલામ અહમદ કાદયાની** અને **રશીદ અહમદ ગંગોહી** તેમજ તેના તાબેદારો **ખલીલ અહમદ અંભેટી** અને **અશરફઅલી** વિગેરેના કુફ્રમાં કોઈ પણ શંકા નથી, સંશયને સ્થાન નથી. બલ્કે જે તેઓના કુફ્રમાં શંકા ઉત્પન્ન કરે, બલ્કે કોઈપણ રીતે, કોઈ હાલતમાં તેઓને કાફિર કહેવામાં ઢીલ કરે તેના કુફ્રમાં પણ શંકા નથી. કારણ તેઓ પૈકી કોઈ તો મઝબૂત દીનને ફેંકવાવાળો છે, જ્યારે કોઈ જરૂરિયાતે દીનનો મુન્કીર છે કે જે ઉપર તમામ મુસલમાનોનો એકમત છે જેથી ઈસ્લામમાં એ લોકોના નામો કે ચિન્હો કાંઈ પણ બાકી રહ્યા નથી. એ તો કોઈ જાહેલથી પણ જાહેલ ઉપર છુપુ નથી; કે તેઓ એવી વાતો લાવ્યા છે, જેને સાંભળતાની સાથે જ કાન તેને ફેંકી દે છે ! અને અક્કલો, તબીઅતો અને દીલો તેનો નકાર કરે છે. વળી હું કહું છું કે મારો ગુમાન હતો, કે એ ગુમરાહ કરવાવાળા ગુમરાહો, બદકાર કાફિર અને દીનથી ખારેજ થયા છે. એ લોકોમાં જે બદઅકીદાપણું દાખલ થયું તેનું મૂળ કારણ ખરાબ સમજણ છે કે ઉલમાએ કિરામના લખાણોને તેઓ ન સમજી શકયા હોય અને હવે મને એવી ખાત્રી થઈ કે જેમાં શંકાને બિલકુલ જ સ્થાન નથી કે તેઓ કાફિરોને ત્યાંના પ્રચારક છે. તેઓ મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમના દીનને નષ્ટ કરવા માર્ગે છે. જેથી એઓમાંથી કોઈને અસલ દીનનો ઈન્કાર કરતો જોશે અને કોઈ તો નબુવતના ખત્મનો મુનકિર થઈ નબુવતનો દાવો કરે છે અને કોઈ પોતે જ પોતાને ઈસા બનાવે છે અને કોઈ મેહદી બને છે અને જાહેરમાં આ સર્વથી હલ્કા અને હકીકતમાં આ સર્વથી સખત આ **વહાબીઓ** છે. ખુદા તેઓ ઉપર લઅનત કરે.

واخزاهم + وجعل النارماواهم ومثواهم + يلبسون على العوام + الذين هم كالانعام + بانهم هم المتبعون للسنة وان غيرهم من السلف الصالح الائمة + فمن دونهم مبتدعون + وللسنة الغراء تاركون ومخالفون فيا ليت شعرى اذالم يكن هؤلاء لنهجه صلى الله تعالى عليه وسلم متبعين فمن المتبع له واحمد الله تعالى على ان قيض هذا العالم العامل + والفاضل الكامل صاحب المناقب والمفاخر + مظهر كم ترك الاول للاخر + فريد الدهر + وحيد العصر + مولانا الشيخ **احمد رضا خان** سلمه الله الرب المنان + لابطال حججهم الداحضة + بالايات والاحاديث القاطعه + كيف لا وقد شهد له علماء مكة بذلك + ولو لم يكن بالمحل الارفع لما وقع منهم ذلك + بل اقول لو قيل فى حقه انه مجدد هذا القرن لكان حقا وصدقا ؎

| | |
|---|---|
| وليس على الله بمستنكر | ان يجمع العالم فى واحد |

فجزاه الله خير الجزاء عن الدين واهله + ومنحه الفضل والرضوان بمنه وكرمه + والحاصل قد وجدت بارض الهند الفرق كلها وهذا بحسب الظاهر + والاهم بطانة الكفرة اعداء الدين + ومرادهم بذلك ايقاع التفرقة بين كلمة المسلمين + ربِّ ليس الهدى الاهداك ولا الاء الا آلاك + وحسبنا الله ونعم الوكيل + ولاحول ولاقوة الا بالله العلى العظيم + اللهم ارنا الحق حقا وارزقنا اتباعه + وارنا الباطل باطلا والهمنا اجتنابه + وصلى الله على سيدنا محمد وعلى اله وصحبه وسلم قاله بفمه + وكتبه بقلمه + راجى عفو ربه الجليل + حافظ

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

સર્વ ખુબીઓ ખુદાને માટે છે, જે પોતે એકલો સૌ વસ્તુઓ ઉપર સરસાઈ ભોગવે છે. તે કુવત, ઈઝઝત, બદલો લેનાર અને બુઝુર્ગીવાળો છે. જે કમાલ અને જલાલની સીફતો સાથે બલંદ છે અને કાફિરો, બદકારો અને ગુમરાહોની વાતોથી પાક છે. તેનો સમોવડિયો નથી અને કોઈ તેના બરાબર નથી. એ પછી તેઓ ઉપર દુરૂદ સલામ જે સૌ જહાનથી અફઝલ છે અને તે અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ ફરઝન્દ હઝરત અબ્દુલ્લાહના છે, જેઓ તમામ નબીઓ અને રસુલોને ખત્મ કરવાવાળા છે. પોતાના તાબેદારોને બેઈઝઝતી અને બરબાદીથી બચાવવાવાળા છે અને જે હિદાયત ઉપર ગુમરાહી પસંદ કરે, તેને મરદૂદ કરવાવાળા છે. હમ્દ અને સલાત બાદ હું કહું છું કે આ ફિરકાઓ જેઓનું વર્ણન સવાલમાં જાહેર છે, જેવા કે **ગુલામ અહમદ કાદયાની** અને **રશીદ અહમદ ગંગોહી** તેમજ તેના તાબેદારો **ખલીલ અહમદ અંભેટી** અને **અશરફઅલી** વિગેરેના કુફ્રમાં કોઈ પણ શંકા નથી, સંશયને સ્થાન નથી. બલ્કે જે તેઓના કુફ્રમાં શંકા ઉત્પન્ન કરે, બલ્કે કોઈપણ રીતે, કોઈ હાલતમાં તેઓને કાફિર કહેવામાં ઢીલ કરે તેના કુફ્રમાં પણ શંકા નથી. કારણ તેઓ પૈકી કોઈ તો મઝબૂત દીનને ફેંકવાવાળો છે, જ્યારે કોઈ જરૂરિયાતે દીનનો મુન્કીર છે કે જે ઉપર તમામ મુસલમાનોનો એકમત છે જેથી ઈસ્લામમાં એ લોકોના નામો કે ચિન્હો કાંઈ પણ બાકી રહ્યા નથી. એ તો કોઈ જાહેલથી પણ જાહેલ ઉપર છુપુ નથી; કે તેઓ એવી વાતો લાવ્યા છે, જેને સાંભળતાની સાથે જ કાન તેને ફેંકી દે છે ! અને અક્કલો, તબીઅતો અને દીલો તેનો નકાર કરે છે. વળી હું કહું છું કે મારો ગુમાન હતો, કે એ ગુમરાહ કરવાવાળા ગુમરાહો, બદકાર કાફિર અને દીનથી ખારેજ થયા છે. એ લોકોમાં જે બદઅકીદાપણું દાખલ થયું તેનું મૂળ કારણ ખરાબ સમજણ છે કે ઉલમાએ કિરામના લખાણોને તેઓ ન સમજી શકયા હોય અને હવે મને એવી ખાત્રી થઈ કે જેમાં શંકાને બિલકુલ જ સ્થાન નથી કે તેઓ કાફિરોને ત્યાંના પ્રચારક છે. તેઓ મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમના દીનને નષ્ટ કરવા માર્ગે છે. જેથી એઓમાંથી કોઈને અસલ દીનનો ઈન્કાર કરતો જોશે અને કોઈ તો નબુવતના ખત્મનો મુનકિર થઈ નબુવતનો દાવો કરે છે અને કોઈ પોતે જ પોતાને ઈસા બનાવે છે અને કોઈ મેહદી બને છે અને જાહેરમાં આ સર્વથી હલ્કા અને હકીકતમાં આ સર્વથી સખત આ **વહાબીઓ** છે. ખુદા તેઓ ઉપર લઅનત કરે.

4

હરમે મક્કા મોઅઝઝમાની કિતાબોના હાફિઝ **સૈયદ ઇસ્માઇલ બિન સૈયદ ખલીલે** પોતાની જીભથી આ કહ્યું અને પોતાની કલમથી લખ્યું.

સૈયદ
ઈસ્માઈલ બિન
ખલીલ

---

**(૭) સાહેબે ઇલ્મે મોહકમ, વ ફઝિલતે બલંદ વ કરમ વ એહસાન વ ખુલ્કે હસન વ નુરેઝીનત, મૌલાના અલ્લામહ સૈયદ મરઝુકી અબુહુસયનનો ફત્વો. અલ્લાહ તઆલા બેઉ જહાનમાં તેઓનો નિગેહબાન થાય.**

**બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ**

સર્વ ખુબીઓ તે ખુદાને છે, જેણે જહાનના આસમાનમાં એક પ્રકાશિત સુર્ય ચળકાવ્યો, જે ગુમરાહોના અંધકારને મટાડવાવાળો અને માથુ કુચલવાવાળો થયો અને હકના માર્ગ તરફ દોરવણી કરી, સંપુર્ણ હુજ્જત બન્યો અને એવો વિશાળ માર્ગ, જે તે ચાલે, તેનો પગ લપશે પણ નહિં અને વાંકો પણ ન થાય. આ સર્વ તેમની પાક હસ્તીથી છે, જેમની રિસાલતથી અલ્લાહ તઆલાએ અમને ઘણી જ ફેલાયલી નેઅમતોનો ફયઝ પહોંચાડયો અને ખાલી દિલોને પોતાની ઓળખાણથી ભરી દીધાં. અમારા સરદાર અને અમારા આકા મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ જેઓને ઈઝઝત અને બુઝૂર્ગીવાળા અલ્લાહે અતિ પ્રકાશિત આયતો અને અકલને દંગ બનાવી નાખનારા મોઅજેઝા અતા ફરમાવ્યા અને તેઓને પોતાના હુકમથી અને પોતાની ઈચ્છાથી ગૈબો ઉપર ઈલ્મ બખ્શયો. અલ્લાહ તઆલા તેઓ ઉપર દુરૂદ મોકલે અને તેઓની આલ અને અસ્હાબ ઉપર જેઓ ઈમાનમાં અમારાથી અત્યંત સરસાઈ ભોગવે છે અને નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમના દીનને મદદ કરવામાં અને તેને કાયમ કરવામાં અને તેના માર્ગને શણગારવામાં તેઓએ પોતાની જાનો વેચી નાખી અને તેઓ જ બરાબર રીતે મુરાદે પહોંચ્યા, દેખાવ અને સ્વભાવ બંનેમાં કિર્તીવાળા, એવી નેકનામી સાથે ઈઝઝત અને આબરૂ પામ્યા, જે હંમેશ બાકી રહેશે અને એવા ખાસ સવાબ સાથે જે આમાલના દફતરમાં વધામણી અને ચઢતી પામશે અને તેઓના તાબેદારો ઉપર જેઓ તેઓની ઉત્તમ વર્તણૂકને મજબૂત રીતે વળગી રહયા છે અને તેઓના સીધા માર્ગ ઉપર ચાલવાવાળા છે. ખાસ કરી હુઝુરના વારિસ, નામદાર આલિમો, જેઓના નુરથી સજ્જડ અંધકારમાં અજવાળું લેવામાં આવે છે. અલ્લાહ અઝઝ વ જલ્લ ઝમાનાની હસ્તી સુધી તેઓની જાતને કાયમ રાખે અને ઊંચા આસ્માનોમાં

તેઓના નેક ચકચકિત તારાઓ તમામ ગામો અને શહેરોમાં જાહેર કરે; અય અલ્લાહ, આવું જ કર ! હમ્દ અને સલાત બાદ બેશક મારા ઉપર અલ્લાહનો ઉપકાર થયો અને તેને જ માટે વખાણ અને શુક્ર છે કે હું હઝરત આલિમ અલ્લામહથી મળ્યો, જેઓ ઝબરદસ્ત આલિમ, મોટી સમજણના સમુદ્ર છે, જેઓની ફઝીલતો વિશેષ અને મોટાઈઓ જાહેર છે અને દીનના ઉસુલ (સિદ્ધાંતો) અને મુખ્ય મસ્અલામાંથી નીકળતા બીજા મસ્અલાઓ અને ઈલ્મના જુદા જુદા વિષયોમાં ઘણી કિતાબો લખાયલી છે. ખાસ કરી દીનમાંથી નીકળી જનાર બાતિલ ટોળીઓ બદ મઝહબોના રદમાં છે અને બેશક મેં તેઓનું શુભ વર્ણન અને મહાન મરતબો પહેલાથી જ સાંભળ્યો હતો અને તેઓની કેટલીક કિતાબો પઢી શરફ મેળવ્યો હતો. જેના નૂરના કન્દીલ (ફાનુસ)થી હક રોશન થયું, જેથી મારા દિલમાં તેઓની પ્રીતિએ ઘર કર્યુ અને જો કે મારા દિલ અને અકલમાં તેઓની મોહબ્બત પહેલાથી કાયમ થઈ ચૂકી હતી પણ;

દીદે જાનાં હીપે મોકુફ નહીં ઈશ્ક કભી
કાનકી રાહસેભી આકે સમા જાતા હય

જ્યારે અલ્લાહ તઆલાએ તેઓની સાથે મુલાકાત કરાવી ઉપકાર કર્યો, તો મેં તેઓમાં તે કમાલો જોયા, જેનું વર્ણન કરવું મારી શકિતની બહાર છે. મેં ઈલ્મનો ઉંચો પર્વત જોયો, જેના નૂરના સ્થંભ ઘણાં ઊંચા છે અને મઅરેફતોના એવા સમુદ્ર છે, જેનાથી મસ્અલાઓ નહેરોની માફક ઝલકે છે. સંપૂર્ણ મગજશકિતવાળા એવા ઈલ્મના ધણી છે, જેણે ફિત્નાના દ્વાર બંધ કરી દીધાં. દીની ઈલ્મોની વાતોની સંભાળમાં (કુવતદાર ઝબાનવાળા) જે કલામ અને ફિકહ અને ફરાએઝના ઈલ્મ ઉપર સરસાઈ સાથે જબરદસ્ત કાબૂ ધરાવે છે. ખુદાની તવકીફથી મુસ્તહબાત, સુન્નતો, વાજીબો અને ફર્ઝો ઉપર અચૂક નિગેહબાની કરવાવાળા છે. અરબી અને હિસાબના ઈલ્મના સંપૂર્ણ જાણકાર છે/ ઈલ્મે મનતકના તો દરીયા છે, જેમાંથી મોતીઓ પ્રાપ્ત થાય છે અને તે પણ ઘણી ખુબીઓ સાથે ! ઈલ્મે ઉસૂલના માર્ગદર્શક બની તેને આસાન કરવાવાળા છે ! કારણ કે તેનું જ હંમેશ રટણ રહે છે. હઝરત મૌલાના, અલ્લામહ, ફાઝિલ, મૌલવી, બરેલ્વી, હઝરત **અહમદ રઝા** છે. અલ્લાહ તઆલા તેની ઉંમર લાંબી કરે અને બંને જહાનમાં તેને હંમેશ સલામત રાખે અને તેની કલમને એવી ખુલ્લી તલવાર કરે જેનું મ્યાન ન હોય પણ ગુમરાહોની ગરદનો જ મ્યાન તરીકે હોય. અય અલ્લાહ ! એવું જ કર, એવું જ કર ! તો અલ્લાહ તેઓનો સંભાળ રાખનાર હોય. તેઓને નિહાળીને મને નઝમ અને નસરવાળા શાએરનો આ કૌલ યાદ આવ્યો :

| | |
|---|---|
| كانت مسئولة الركبان تخبرني | عن احمد بن سعيد اطيب الخبر |
| ثم التقينا فلا والله ما نظرت | اذناى امن مما قد بصرى |

ورأيت نفسي ذا عي وحصر ❊ عن البلوغ في وصفه الى البغية والوطر ❊
وقد تفضل على الفاضل المذكور ❊ ضاعف الله له الاجور ❊ برؤية هذا
التاليف الجليل ❊ والتصنيف النبيل ❊ الذي ذكر فيه الفرق الضالة
الحديثة ❊ التي كفرت ببدعها المكفرة الجلية ❊ فرفعت الكف الضراعة ❊
متشفعا بصاحب الشفاعة ❊ طالبا من الله حفظ الايمان ❊ مستعيذا به
من الكفر والفسوق والعصيان ❊ وان يحفظ جميع المسلمين ❊ من سريان
عقائد الكفرة المضلين ❊ ويجزي حضرة المؤلف خير الجزاء في
في يوم الدين ❊ اذ قام مقاما تشكره عليه جميع المؤمنين ❊ في الرد
على هؤلاء المبطلين ❊ بل الكذبة المفترين ❊ وبيان فضائحهم
وترهاتهم وقبائحهم ❊ ولا شك ان ماهم عليه من الاعتقاد ❊
في غاية البطلان والفساد ❊ لا تتصوره العقول ❊ ولا تصدقه النقول ❊
بل مجرد اوهام وترهات ❊ ليس لها ادلة ولا شبه تدرؤ عنهم ولا
تاويلات ❊ وانما هي محض اتباع للهوى ❊ صوقعوا والعياذ بالله تعالى في الردى ❊
وقد قال تعالى بل اتبع الذين ظلموا اهواء هم بغير علم ومن اضل
ممن اتبع هواه وقال تعالى فلا تتبعوا الهوى ان تعدلوا وقال تعالى
ولا تتبع الهوى فيضلك عن سبيل الله وقال تعالى ارأيت من
اتخذ الهه هواه وقال تعالى ❊ واتبع هواه فمثله كمثل الكلب ان
تحمل عليه يلهث او تتركه يلهث ❊ وقال تعالى واتبع هواه وكان
امره فرطا ❊ وقد اخرج الطبراني عن انس رضي الله تعالى عنه انه

કાફલે જાનિબે અહમદસે જો આતે થે યહાં
હાલ દર્યાફત પે સુનતા થા નેહાયત અચ્છા
જબ મિલે હમ તો ખુદાકી કસમ ઈન કાનોને
ઉસ્સે બહેતર ન સુના થા જો નઝરને દેખા

અને મારી મરજી અને ઈચ્છાની હદ સુધી તેના વખાણ કરવામાં હું પોતે મને અશકત અને થાકેલો જોઈ રહયો છું અને મઝકુર હઝરત ફાઝિલ, અલ્લાહ તઆલા તેઓનો સવાબ બમણો કરે, મારા ઉપર તેમણે મોટો ઉપકાર કર્યો; કે આ ઉમદા અને ઈલ્મથી ભરપૂર તેઓની રચેલી કિતાબ મારા જોવામાં આવી. જેમાં પેલા નવા ગુમરાહ ફિરકાઓની હાલત લખી છે, જેઓ પોતાની પલીદ અને કુફ્રવાળી નવી વાતોના સબબે કાફિર થઈ ગયા છે, જેથી મેં શફાઅતના ધણી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના વસીલાથી ઈમાનની સંભાળની દુઆ કરતાં, ફિસ્ક અને ગુનાહથી તેની પનાહ માંગતા, ઘણી જ આજીજી સહિત હાથો ઊંચા કરી દુઆ કરી કે તમામ મુસલમાનોને આ કાફિરો અને ગુમરાહ કરનારાઓના નાપાક અકાઈદના ચેપથી અલ્લાહ તઆલા બચાવે ! અને બીજું એ કે આ ગુમરાહ, અત્યંત જુઠા, તોહમત મુકનારાઓના ખંડનમાં; અને તેઓની બેઈઝઝતી, જુઠી વાતો અને બુરાઈઓના બયાનમાં જે ઉત્તમ કાર્ય કર્યું, તે બદલ ખુદાપાક કીર્તિવાન કર્તાને સૌથી બહેતર બદલો કયામતના દિવસે અતા કરે ! જેથી તે એવા મુકામે કાયમ થાય કે તે બદલ તમામ મુસલમાનો શુક્ર કરે અને એમાં શંકા નથી કે તે લોકો જે અકીદાઓ રાખે છે, તે ઘણા જ ફિસાદી અને નાપાક અકીદાઓ છે; જે અકલની નજદિક કદી પણ સત્ય નથી, તેમજ અલ્લાહ અને રસુલના કલામોથી તે સાચા ઠરતા નથી. પણ ખાલી વહેમ અને જુઠી બનાવટની વાતો છે એને માટે કોઈ સાબિતી નથી અને નથી બહાનારૂપી કોઈ સ્થાન અને ન તો કોઈ તાવીલ થઈ શકે છે, જેથી તેઓના બહાનાઓ ચાલી શકે, પણ આ તો ફકત નફસની ઈચ્છાની તાબેદારી છે, જે મઆઝલ્લાહ (ખુદાની પનાહ !) બરબાદીમાં નાખવાવાળી છે અને બેશક અલ્લાહ સુબ્હાનહુએ ફરમાવ્યું : **''બલ્કે ઝાલિમ લોકો પોતાના નફસની ઇચ્છાના તાબેદાર થયા વગર જાણે સમજે અને તેનાથી વધીને ગુમરાહ કોણ છે ? જે નફસની ઇચ્છાના તાબેદાર હોય''**. વળી ફરમાવ્યું : **''સારા માર્ગ ઉપર ચાલવા માટે ઇચ્છાની તાબેદારી ન કરો''**. પાછું ફરમાવ્યું : **''ઇચ્છાની તાબેદારી ન કર, તે તને અલ્લાહના માર્ગથી બહકાવી મુકશે''**. વળી ફરમાવ્યું : **''વારૂ જેણે પોતાની ઇચ્છાને ખુદા બનાવી લીધો, તેને તે કેવો જોયો ?''** ફરી ફરમાવ્યું : કે **''જેણે પોતાની ઇચ્છાની તાબેદારી કીધી, તો તેની કહેવત કૂતરાની માફક છે કે તુ તેના ઉપર હુમલો કરે, તો એ જીભ કાઢી હાંફે અને મુકી દે તો પણ જીભ કાઢે.''** વળી ફરમાવ્યું : **''જેણે પોતાની ઇચ્છાની તાબેદારી કીધી અને તેનું કામ હદથી બહાર થઇ ગયું''** અને બેશક તબરાનીએ અનસ રદિયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત કરી છે કે

قال رسول اللہ صلے اللہ تعالیٰ علیہ وسلم ان اللہ تعالیٰ حجب التوبۃ عن کل صاحب بدعۃ حتی یدع بدعتہ ۔ واخرج ابن ماجۃ عن عبد اللہ بن عباس رضی اللہ تعالیٰ عنہما انہ قال قال رسول اللہ صلے اللہ تعالیٰ علیہ وسلم ابی اللہ ان یقبل عمل صاحب بدعۃ حتی یدع بدعتہ ۔ واخرج ابن ماجۃ ایضا عن حذیفۃ رضی اللہ تعالیٰ عنہ انہ قال قال رسول اللہ صلی اللہ تعالیٰ علیہ وسلم لا یقبل اللہ لصاحب بدعۃ صوما ولا صلوۃ ولا صدقۃ ولا حجا ولا عمرۃ ولا جہاد اولا صرفا ولا عدلا یخرج من الاسلام کما تخرج الشعرۃ من العجین ۔ واخرج البخاری ومسلم فی صحیحہما عن ابی بردۃ بن ابی موسی الاشعری رضی اللہ عنہ حدیثا طویلا وفیہ فلما افاق ای ابو موسے قال انا بریٔ ممن بریٔ منہ رسول اللہ صلے اللہ تعالیٰ علیہ وسلم الحدیث واخرج مسلم فی صحیحہ عن یحیی بن یعمر قال قلت لابن عمر رضی اللہ تعالیٰ عنہما یا ابا عبد الرحمٰن انہ قد ظہر قبلنا ناس یقرؤن القرآن ویزعمون ان لا قدر وان الامر انف فقال اذا لقیت اولٓئک فاخبرہم انی بریٔ منہم وانہم براء منی انتہی ۔ فرحم اللہ امرءً فاضل عن الحق وایدہ واظہرہ ۔ وادحض الباطل ودمرہ ۔ ورحم اللہ امرءً اعان علی ذلک نصرۃ للدین ۔ وخذلانا للکفرۃ المبطلین ۔ ورحم اللہ امرءً تباعد عن اہل الکفر والضلال ۔ واستعاذ باللہ القادر المتعال ۔ فی البکور والاصال ۔ من الوقوع فی مصاید تلک الحبال ۔ قائلا الحمد للہ الذی عافانی مما ابتلاہم بہ وفضلنی علی کثیر ممن خلق تفضیلا ۔ فقد اخرج الترمذی عن ابی ہریرۃ رضی اللہ تعالیٰ عنہ عن النبی صلے اللہ تعالیٰ علیہ وسلم

રસુલે ખુદા સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમે ફરમાવ્યું, **"બેશક અલ્લાહ તઆલા દરેક બદમઝહબને તૌબાથી દૂર રાખે છે અને તે ત્યાં સુધી કે તે પોતાની બદમઝહબી ન મૂકે"** અને ઈબ્ને માજહએ અબ્દુલ્લા બિન અબ્બાસ રદિયલ્લાહો તઆલા અન્હોમાંથી રિવાયત કરી છે કે રસુલે ખુદા સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમે ફરમાવ્યું : **"કોઇ બદમઝહબ જ્યાં સુધી તે પોતાની બદમઝહબી તજે નહી, ત્યાં સુધી તેનું કોઇ સારૂં કામ અલ્લાહ કબુલ કરવા ચાહતો નથી."** વળી ઈબ્ને માજાએ હુઝયફા રદિયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત કરી છે કે રસુલે ખુદા સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમે ફરમાવ્યું : **"અલ્લાહ તઆલા કોઇપણ બદમઝહબનો રોઝો કબૂલ ન કરશે અને ન તો નમાઝ, ન તો ઝકાત, ન તો હજ, ન તો ઉમરા, ન તો જેહાદ, ન તો કોઇ ફર્ઝ, ન તો નફલ કબૂલ કરશે. તે એવો ઇસ્લામથી નીકળી જાય છે, જેવો બાંધેલા લોટમાંથી વાળ નીકળી જાય છે."** અને સહી બુખારી અને સહી મુસ્લિમમાં અબુ બરદહ બિન અબુ મુસા અશઅરી રદિયલ્લાહો તઆલા અન્હોથી લાંબી હદીસ રિવાયત કરી છે, જેમાં જણાવ્યું છે, **"જ્યારે અબુમુસા રદીયલ્લાહો તઆલા બેભાનીથી મુકત થયા, તો ફરમાવ્યું, કે હું તેનાથી બેજાર છું, જેનાથી રસુલુલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ બેજાર છે".** હદીષના અંત સુધી અને સહી મુસ્લિમમાં યહયા બિન યઅમરથી રિવાયત છે કે તેઓએ કહ્યું, **"મેં અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહો તઆલા અન્હોથી અર્ઝ કરી કે અય અબુ અબ્દુર્રહમાન ! અમારી તરફ કેટલાક લોકો નીકળ્યા છે, જેઓ કુરઆન પઢે છે અને કહે છે કે તકદીર કોઇ વસ્તુ નથી અને દરેક કામ શરૂઆતથી જ થાય છે, એથી પહેલા એ બાબતમાં કોઇ તકદીર વિગેરે ન હતી. ફરમાવ્યું, જ્યારે તમો તેનાથી મળો, તો તેઓને ખબર કરજો કે હું તેઓથી બેજાર છું અને તેઓ મારાથી વેગળા છે."** (બસ) તે જેણે હકના તરફથી લડાઈ કરી અને તેને ટેકો આપ્યો અને તેને પ્રકાશમાં આણ્યો અને જુઠને ધક્કો માર્યો અને તેને બરબાદ કર્યો તે મર્દ ઉપર અલ્લાહ રહમ ફરમાવે ! વળી જેણે આ કામમાં મદદ કરી અને દીનની હિમાયત કરી અને જુઠા કાફિરોને બેઈઝઝત કરવા માટે પોતે ઝંપલાવ્યું, તે મર્દ ઉપર (પણ) અલ્લાહ રહમ ફરમાવે ! તેમજ જે કાફિરો અને ગુમરાહોથી દૂર થયો અને સવાર સાંજ કુદરત અને બલંદીવાળા અલ્લાહની પનાહ ઈચ્છી દોરડાના ફાંસાઓમાં તેઓના સપડાઈ જવાથી એમ કહેતો હોય કે સર્વ વખાણ તે ખુદાને છે, જેણે તેઓને બાંધી લઈ મને મુકત કર્યો અને પોતાની ઘણી મખલુક ઉપર મને ફઝીલત બખ્શી (કે માણસ બનાવ્યો, મુસલમાન કર્યો, સુન્ની કર્યો) તે મર્દ ઉપર અલ્લાહ રહમ કરે ! બેશક તરમીઝીએ અબુહુરયરહ રદિયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત કરી છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમે ફરમાવ્યું,

قال من رأى مبتلى فقال الحمد لله الذى عافانى مما ابتلاك به وفضلنى على كثير ممن خلق تفضيلا لم يصبه ذلك البلاء وقال الترمذى حديث حسن ورحم الله امرءطلب لهم من الله تعالى الهداية ۞ لترك تلك الغواية ۞ وطرح تلك الاعتقادات الباطلة ۞ والبدع المكفرة المضللة والتوبة منها ۞ بالاعراض عنها ۞ والتوفيق ۞ لاقوم طريق ۞ فانه تعالى لارب غيره ۞ ولا خير الا خيره ۞ عليه توكلت واليه انيب ۞ وصلى الله تعالى على نبيه ومصطفاه ۞ وآله وصحبه وكل من اتبعه واقتفاه ۞ آمين ۞ والحمد لله رب العلمين ۞ قاله بفمه ۞

وكتبه بقلمه ۞ احد خدمة طلبة العلم بالمسجد الحرام المكى محمد المرزوقى ابوحسين عفا الله عنه آمين

(محمد المرزوقى ابو حسين)

## (٨) صورة ما املاه ذو الشرف الجلى ۞ والفخر العلى ۞ الفاضل الكامل ۞ والعالم العامل ۞ دامغ اهل الكفر والكيد ۞ مولانا الشيخ عمر بن ابى بكر باجنيد ۞ ادامه الله بالتائيد والايد ۞

بسم الله الرحمن الرحيم

الحمد لله رب العلمين ۞ والصلاة والسلام على سيد المرسلين ۞ وعلى آله وصحبه اجمعين ۞ ورضى الله عن التابعين ۞ وتابعيهم باحسان الى يوم الدين وبعد فقد اطلعت على هذه الرسالة ۞ المفاضل العلامة والرحلة الفهامة ۞ الشيخ احمد رضا ۞ فرأيت ان من ذكر فيها من اهل الزيغ والضلال ضالون مضلون ۞ ومن الدين مارقون ۞ وفى طغيانهم يعمهون ۞ اسأل مولاى العظيم ان يسلط عليهم من يقمع شوكتهم ۞ ويقطع

"કોઈને બલામાં સપડાયેલો જોઈ જે આ દુઆ પઢે કે સૌ ખુબીઓ તે ખુદાને છે, જેણે જે બલામાં તને ગિરફતાર કર્યો તે બલાથી મને મુકત કર્યો અને ઘણી મખલુક ઉપર મને ફઝીલત આપી." એમ કહેવાથી, તે બલા તેને લાગશે જ નહીં. તરમીઝીએ કહ્યું કે આ હદીષ હસન છે અને અલ્લાહ તે મર્દ ઉપર રહમ કરે, જે લોકો માટે અલ્લાહ તઆલાથી હિદાયત માંગે કે આ ગુમરાહીને તજી દે અને આ નાપાક અકીદાઓ અને આ કુફ્ર અને ગુમરાહીની નવી વાતોને ફેંકી દે અને એનાથી તૌબા કરે અને એનાથી મોઢું ફેરવે અને સૌથી વધુ સીધા રસ્તાની તવફીક મેળવે. કારણ કે અલ્લાહ અઝઝ વ જલ્લ સિવાય કોઈ રબ નથી અને તેની ભલાઈમાં જ ભલાઈ છે. મેં તેના ઉપર ભરોસો કર્યો અને તેના જ તરફ રજુ કરૂં છું અને અલ્લાહ તઆલા પોતાના નબી અને પોતાના વિણી લીધેલા હબીબ ઉપર અને તેઓની આલ અને અસહાબ ઉપર અને દરેક ફરમાંબરદાર અને તાબેદાર ઉપર દુરૂદ મોકલે. અય ખુદા ! એવું જ કર અને સર્વ ખુબીઓ તેને છે, જે તમામ જહાનનો માલિક છે. મસ્જીદે હરામ શરીફમાં ઈલ્મોના તલબ કરનારાના ખાદિમ **મોહંમદ મરઝુકી અબુ હુસયને** પોતાની જીભથી કહ્યું અને પોતાના કલમથી લખ્યું. અલ્લાહ તેની બખ્શીશ કરે, આમીન.

મોહંમદ
મરઝુકી
અબુ હુસયન

---

**(૮) સાહેબે શરફ રોશન વ ફખરે બલંદ, ફાઝિલે કામિલ, આલીમ-બા-અમલ, સર શિકંને એહલે મકરો કૈદ, મૌલાના શયખ ઉમર બિન અબીબકર બાજુનૈદનો ફત્વો. અલ્લાહ તઆલા હંમેશા તેઓને તાઇદ અને કુવ્વત સાથે રાખે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

સર્વ ખુબીઓ ખુદાને છે, જે સર્વ જહાનનો માલિક છે અને તમામ પયગમ્બરોના સરદાર અને તેઓની આલ અને અસ્હાબ ઉપર દુરૂદ સલામ હોજો અને અલ્લાહ તઆલા કયામત સુધી તેઓના તાબેદારો અને તમામ નેક ફરમાંબરદારોથી રાજી હોજો. હમ્દ અને સલાત બાદ હું આ રિસાલાથી માહિત થયો, જે એવા ફઝિલ અલ્લામહનો લખેલો છે, જેને માટે ચારેકોરથી ફાયદો લેવા સારૂ મુસાફરી કરવામાં આવે છે અને તે ઘણી જ મોટી સમજવાળા, હઝરત **અહમદ રઝા** છે અને મેં જોયું, કે જે બદકારો અને ગુમરાહોનું તેમાં વર્ણન કર્યું છે, તેઓ પોતે ગુમરાહ છે; અને ગુમરાહ કરવાવાળા છે અને તે દીનથી બહાર છે અને પોતાના અહંકારમાં આંધળા બની રહ્યા છે. હું મારા ઈઝઝતવાળા મવલાથી સવાલ કરૂં છું કે તેઓ ઉપર એવા કુવ્વતવાળાને કાયમ કરે, જે તેઓની દેખાતી મોટપની બુનિયાદને ફેંકી દે અને તેઓની જડમૂળો

دابرهم ÷ فاصبحوا لاترى الا مساكنهم ÷ ان ربى على كل شئ قدير ÷ وصلى الله
على سيدنا ومولانا محمد وعلى اله وصحبه اجمعين ÷ والحمد لله
رب العلمين ÷ قاله الفقير الى الله تعالى عمر بن ابى بكر باجنيد

محمد بن ابی بکر باجنید

(9) صورة ما حبرة ÷ حامل لواء العلماء المالكية ÷ مطرح الانوار العرشية
والفلكية ÷ الفاضل البارع ÷ الخاشع المتواضع ÷ ذو التقى والنقى ÷
مفتى المالكية سابقا ÷ مولانا الشيخ **عابد بن حسين** ÷
زينه الله بازين زين

بسم الله الرحمن الرحيم

وعليك ايها المفضال ÷ سلام الله المتعال ÷ الحمد لله الذى اطلع فى
سماء العلماء شموس العرفان ÷ فاذاحوا بانوارها الساطعة عن الدين
غياهب ذوى البهتان ÷ والصلاة والسلام على اكمل من اختصه
مولاه بعلم المغيبات ÷ وجعله نورا ماحيا غياهب التلبيس عن الملة
الحنيفية بقواطع الآيات ÷ ونزهه عن جميع النقائص كالكذب والخيانة ÷
فمعتقد خلافه كافر يستحق بالاجماع الاهانة ÷ وعلى اله الامجاد ÷
واصحابه الاسياد ÷ اما بعد فانه لما وفق الله لاحياء
دينه القويم ÷ فى هذا القرن ذى الفتن وشر العميم ÷
من اراد به خيرا من ورثة سيد المرسلين ÷ سيد العلماء
الاعلام ÷ وفخر الفضلاء الكرام ÷ وسعد الملة والدين ÷
احمد السير ÷ والعدل الرضا فى كل وطر ÷ العالم
العامل ذو الاحسان ÷ حضرة المولى احمد رضا خان ÷ فقام

કાપી નાંખે એટલે એવી રીતે સવાર કરે કે, તેઓના ઉજ્જડ મકાનો સિવાય કોઈપણ દેખાય નહીં (તેમાં કોઈપણ બાકી ન રહે). મારો પેદા કરનાર બેશક દરેક વસ્તુ ઉપર કુદરત રાખે છે અને અલ્લાહ તઆલા અમારા સરદાર અને આકા મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ ઉપર અને તેઓની આલ અને અસ્હાબ ઉપર દુરૂદ મોકલે અને સર્વ ખુબીઓ તે ખુદાને છે, જે કુલ જહાનનો માલિક છે. અલ્લાહ તઆલાની તરફ હાજતમંદ, **ઉમર બિન અબીબકર બાજુનૈદે** આ લખ્યું.

ઉમરબિન
અબીબકર
બા જુનૈદ

---

**(૯) સરદારે લશ્કરે ઉલેમાએ માલેકિયહ, મૂરિદે અનવારે અર્શો ફલક, ફાઝિલે સાહેબે કમાલાતે હયરાંકુન, સાહેબે ખુશુઓ તવાઝઓ પરહેઝગારી વ પાકીઝગી, પેશીન મુફતીએ માલેકિયહ, મૌલાના શયખ આબિદ બિન હુસયન સાહેબનો ફત્વો. અલ્લાહ તઆલા તેમને સર્વ ઊંચા પ્રકારની શોભાથી સુશોભિત કરે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

અય મોટા ફઝલવાળા ! આપના ઉપર અલ્લાહ તઆલાના સલામ. સર્વ તારીફ તે ખુદાને છે, જેણે આલિમોના આસમાન ઉપર મઅરેફતના સૂર્યો ચળકાવ્યા, તો તેઓએ તેઓના તેજસ્વી કિરણોથી બોહતાનવાળાઓના અંધકારો દીન ઉપરથી દૂર કર્યા અને દુરૂદ અને સલામ તેઓ ઉપર, જેઓ સૌથી વિશેષ તેઓથી કામિલ છે, જેઓને અલ્લાહ તઆલાએ ગૈબના ઈલ્મો આપ્યા અને તે ઉપરાંત તેઓને ખાસ કર્યા અને તેઓને એવો નૂર આપ્યો, જે ઈસ્લામના માર્ગથી વહેમોના અંધકારને ખાત્રીની આયતોથી દૂર કરે છે અને તેઓને જુઠ, ફરેબ વિગેરે તમામ એબોથી પાક કર્યા. એની વિરૂદ્ધ અકીદો રાખનાર ઉમ્મતના તમામ આલિમોની નજદીક કાફિર અને ધિક્કારવાને પાત્ર છે અને દુરૂદ સલામ તેઓની ઈઝઝતવાળી આલ અને સરદારીવાળા સહાબા ઉપર. હમ્દ અને સલાત બાદ જ્યારે આવા ફિત્નાઓ અને આખી દુનિયામાં ફેલાએલી બુરાઈઓના ઝમાનામાં અલ્લાહ તઆલાએ જેની સાથે ભલાઈનો ઈરાદો કર્યો તેને જ આ મજબૂત દીનને જીવતો કરવાની તવફીક બખ્શી. તે જે સૈયદે આલમ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમના વારસોમાંથી છે, બુઝૂર્ગ મશહૂર આલિમોના સરદાર અને ઈઝઝતવાળા, ફાઝિલોને ફખ્ર કરનાર, દીને ઈસ્લામની નેક ખૂબી અત્યંત પાક અને સારી આદતવાળા, દરેક કામમાં પસંદ કરાયલા, ઈન્સાફના માલિક, અમલ કરનાર આલિમ અને ઉપકારના ધણી હઝરત મૌલાના **અહમદ રઝાખાન** છે, જેણે

فی ذلك بفرض الكفاية ، وقمع ببراهينه القاطعة ضلالة المبطلين لبادية لذوی الدراية ، ومن الله علیّ فی اسعد الاوقات ، واشرف الطوالع وابرك الساعات بالتيمن بشمس سعوده ، واللياذ بساحة احسانه وجوده ، والوقوف علی رسالته التی جعلها حاصل رسائله اللاتی اقام فيها البراهين ، وبين فيها انواع الضلال ، الصادر من اهل الخبال ، وهم **غلام احمد القاديانی ورشيد احمد وخليل احمد واشرفعلی** ، وخلافهم من اهل الضلال والكفر الجلی ، وسود بها وجه ضلالهم المبين ، فذكرت عند ذلك قول من اجتباه مولاه ان تزال هذه الامة قائمة علی امر الله لا يضرهم من خالفهم حتی ياتی امر الله ، صلی الله وسلم عليه وعلی اله ومن انتمی اليه فجزی الله مولفها حيث قام بهذا الامر الواجب وكشف بشموسه عن وجه الدين الغياهب ، وقمع ضلال المبطلين المفسدين عقائد ضعفاء المسلمين ، عن الاسلام والمسلمين خير الجزاء ، وابقی بدر سعوده منيرا فی سماء الشريعة الغراء ، ووفقه الی ما يحبه ويرضاه ، وانا له من الخير غاية ما يتمناه ، امين اللهم امين ، قاله بفمه وامر برقمه ، خادم العلم بالديار الحرمية ، محمد عابد ابن المرحوم الشيخ حسين مفتی السادة المالكية

## ١٠ صورة ما نظمه فی سلك التحرير العالم النحرير ، الصفی الزكی الذهين الزكی ، صاحب التصانيف ، والطبع اللطيف ، مولانا علی بن حسين المالكی ، نوره الله بالنور الملكی

بسم الله الرحمن الرحيم

આ બાબતમાં તમામ મુસલમાનો તરફથી ફર્ઝ કિફાયા અદા કર્યો છે અને પોતાની મજબુત દલીલોથી બેદીનોની તે ગુમરાહી, જે આલિમો ઉપર જાહેર હતી, (જાણમાં આવી તેનું ખંડન થયું બાકી જે તે ગુમરાહોના દીલોમાં ખબાસતો ભરેલી છે તે ખુદા જ જાણે છે) તેને ઉખેડીને નાબુદ કરી દીધી. અલ્લાહ તઆલાએ સૌથી નેક સમય અને સૌથી વધુ શરફ ગૃહરૂપી મુકદર અને સૌથી મુબારક શુભ ઘડીનો મારા ઉપર ઉપકાર કર્યો કે મૌલાનાના લાભદાયક સૂર્યથી મને બરકત પ્રાપ્ત થઈ અને તેના ઉપકાર અને બખ્શીશના મેદાનમાં મેં આશરો લીધો અને હું તે રિસાલાથી વાકેફ થયો, જેમાં તેઓએ પોતાના તે રિસાલાઓનો ખુલાસો કર્યો, જેમાં દલીલો અને સાબિતીઓ કાયમ કરી છે, તેમાં ગુમરાહીની જુદી જુદી જાતોની હાલત ઉઘાડી પાડી છે, જે ફિસાદીઓથી જાહેરમાં પ્રગટી છે. અને તે ફિસાદવાળાઓ **ગુલામ અહમદ કાદયાની** અને **રશીદ અહમદ, ખલીલ અહમદ** અને **અશરફઅલી** વિગેરે જેઓ ખુલ્લા ગુમરાહો અને કાફિરો છે અને કર્તાએ આ રિસાલામાં તેઓની તે સ્પષ્ટ ગુમરાહીનું મોઢું કાળુ કરી દીધું. એ ઉપરથી આ પ્રસંગે તેઓનો કલામ યાદ આવ્યો જેઓને તેઓના મવલાએ વિણી લીધા અને તે કલામ આ છે : ''આ ઉમ્મત હંમેશા અલ્લાહના હુકમ ઉપર કાયમ રહેશે, જે તેઓની વિરૂદ્ધ કરશે તે તેઓને નુકસાન ન આપશે, અહીં સુધી કે અલ્લાહ તઆલાનો હુકમ આવે.'' અલ્લાહ તઆલા તેઓ ઉપર અને તેઓની આલ ઉપર જે તેઓની સાથે સંબંધ રાખે છે, તે ઉપર દુરૂદ સલામ મોકલે. અલ્લાહ આ કર્તાને જેણે આ ફર્ઝ અદા કર્યો અને પોતાના સૂર્યોથી દીનના ચહેરા ઉપરથી અંધકાર દુર કર્યો અને પેલા બેદીનોની ગુમરાહીઓને ખેદાન મેદાન કરી નાખી; જે ઓછી કુવ્વતવાળા મુસલમાનોના અકાએદમાં બગાડો કરતી હતી, તેને ઈસ્લામ અને મુસલમાનો તરફથી સારો બદલો આપે અને તેની નેક ખૂબીનો પૂનમચંદ્ર પ્રકાશિત શરીઅતના આસમાન ઉપર ચળકતો રાખે અને તેને પોતાની વહાલી અને પસંદ પામેલી વાતોની તવફીક બખ્શે અને તેની ઉમેદના છેડા સુધી તેને નેકી અતા કરે.

અય અલ્લાહ ! એવું જ કર. હરમના શહેરોમાં ઈલ્મનો ખાદિમ મોહંમદ **આબિદ** ઇબ્ને **મરહુમ શયખ હુસયન મુફતી માલેકીયહના સરદારે** પોતાના મોઢાથી કહ્યું અને તેને લખવાનો હુકમ આપ્યો.

મોહંમદ
આબિદ
હુસયન

---

**(૧૦) ફાઝિલ, માહેર કામિલ, સાહેબે સફા, વ પાકીઝગી વ ઝેહન વ ઝુકા, સાહેબે તસાનીફ વ તબઅેલતીફ મૌલાના અલી બિન હુસયન માલેકીનો ફત્વો. અલ્લાહ તઆલા તેઓને આસમાનના નુરથી પ્રકાશિત કરે.**

**બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ**

وعليك ايها المفضال سلام الله ورحمته وبركاته ورضاه ، ان
اعذب المقال ، حمد ذی الجلال ، المنزه عن النقائص والاشباه ،
الذی ختم الرسالة باکرم رسول اجتباه ، ونزهه وسائر رسله
من الکذب والمنقصات واختصهم من بین مخلوقاته بالاطلاع
علی المغیبات ، فمن الحق بهم ادنی نقص من العباد ، فقد
صار بالاجماع من اهل الارتداد ، اللّٰهم فصل علیهم وسلم
وألهم وصحبهم وکرم ، سیما نبیك المصطفٰی ، واله واصحابه
اهل الصدق والوفا ، **امابعد** فانه لما من الله علی باستجلاء
نور شمس العرفان من سماء صفاء ملتزم الاتقان ، من صار
محمود فعله ، کشاف ایات فضله ، وکیف لا وهو مرکز دائرة المعارف
الیوم ، ومطلع کواکب سماء العلوم فی دار القوم ، عضد الموحدین
وعصام المهتدین ، القاطع لصارم البراهین ، لسان المضلین
الملحدین ، والرافع منار الایمان ، حضرة المولی **احمد رضا خان**
اطلعنی علی وریقات بین فیها کلام من حدث فی الهند من ذوی الضلالات
وهم **غلام احمد** القادیانی و **رشید احمد** و **اشرفعلی** و **خلیل احمد**
وخلافهم[1] من ذوی الضلال والکفر الجلی ، وان منهم من تکلم
فی حق رب العالمین ، ومنهم من الحق النقص باصفیاء المرسلین ،
وانه قد ابطل کلام کل من هؤلاء المضلین ، برسالة بدیعة رفیعة
واضحة البراهین ، وامرنی بالنظر فی کلام هؤلاء القوم ، وماذا
یستحقونه من اللوم ، فنظرت اطاعة لامره فی کلامهم فاذاهو
کما قال ذلك الهمام یوجب ارتدادهم فهم یستحقون الوبال ،

[1] اے وغیرهم کما تقدم مصححه

અય મહાન ફઝીલતોવાળા ! તમો ઉપર અલ્લાહના સલામ, તેની રહેમત, તેની બરકતો અને તેની ખુશનુદી હોજો. બેશક સૌથી મીઠી વાત તે જલાલવાળાની હમ્દ છે, જે દરેક એબથી પાક છે અને બીજો તેના જેવો કોઈ નથી, જેણે પોતાના એવા રસુલ ઉપર રિસાલત તમામ કરી, જે સૌ ચૂંટી કાઢેલા રસુલોથી પણ ઘણા જ બુઝુર્ગ છે અને તેમને તથા સર્વ રસુલોને વિરૂદ્ધ વાતોથી અને દરેક બુરાઈથી પવિત્ર કર્યા અને તમામ મખ્લુકોમાં પોતાના રસુલોને ગૈબનો ઈલ્મ અતા કરવા માટે ખાસ કરી લીધા. તો પછી જે માણસ તેઓ ઉપર સહેજ પણ એબ લગાડે તે ઉમ્મતની સંમતિથી મુરતદ છે. અય ખુદા ! તુ આ સર્વ નબીઓ ઉપર અને તેઓની આલ અને અસહાબ ઉપર દુરૂદ અને સલામ મોકલ અને તેઓની અઝમત રાખ ! ખાસ કરી પોતાના નબી મુસ્તફા ઉપર અને તેઓની આલ અને વફાદાર અસહાબ ઉપર દુરૂદ અને સલામ મોકલ. હમ્દ અને સલાત બાદ જ્યારે અલ્લાહ તઆલાએ મારા ઉપર આ ઉપકાર કર્યો; તે પવિત્ર આસમાન જેને મજબૂતી લાઝિમ છે, તેમાં મઅરેફતના સૂર્યનું નૂર મને ખુલ્લે ખુલ્લુ દેખાયું. *અર્થાત :* તે જેના અત્યંત તારીફવાળા કામો તેની ફઝીલતની નિશાનીઓને ખૂબીથી જાહેર કરવાવાળા છે અને કેમ ન હોય ! કારણ કે તે આજે ઈલ્મોના મરકઝ (મધ્યબિંદુ) છે અને તે ઈસ્લામી કોમના ઘરોમાં ઈલ્મોના આકાશી તારાઓ નિકળવાની જગ્યા છે અને તે મુસલમાનોનો મદદગાર, રાહ મેળવનારાઓની સંભાળ રાખનાર, દલીલો અને સાબિતીઓની ખૂંખાર તલવારથી ગુમરાહ કરવાવાળાઓની અને બેદીનોની જીભો કાપી લેનાર, ઈમાનના સ્થંભની રોશનીમાં અત્યંત વધારો કરનાર, હઝરત મૌલાના **અહમદ રઝાખાન** છે. જેઓએ મને કેટલાક વરકો (પાનાઓ) ઉપર ખબર આપી, જેમાં પેલા ગુમરાહોના નામો બયાન કર્યા છે. જેઓ હિંદુસ્તાનમાં નવા ઉત્પન્ન થયા છે અને તેઓ **ગુલામ અહમદ કાદયાની** અને **રશીદ અહમદ** અને **અશરફઅલી** અને **ખલીલ અહમદ** વિગેરે છે. જેઓ ગુમરાહીવાળા અને ખુલ્લા કુફ્રવાળા છે. તેઓ પૈકી કોઈ તો તે છે, જેણે પોતે રબ્બુલ આલમીનની શાનમાં જીભડી હલાવી છે અને કોઈ તે છે, જેણે પસંદ કરેલા રસુલોને ઐબ લગાવ્યો છે. કર્તાએ આ સર્વ ગુમરાહ કરવાવાળાઓના કલામનું ખંડન એક નવી પદ્ધતિસર અને ઉચ્ચ પંકિતના રિસાલામાં લખ્યું છે, જે રિસાલાની દલીલો ઘણી પ્રકાશિત છે. કર્તાએ મને હુકમ કર્યો કે આ લોકોના કલામો હું લક્ષપૂર્વક વિચારૂં અને જોઉં કે એ લોકો કેવી મલામતના હકદાર છે, જેથી કર્તાનો હુકમ માનવા માટે એ લોકોના કલામોમાં મેં નઝર દોડાવી. તો શું જોઉં છું કે ખચ્ચિત જે પ્રમાણે મોટી હિંમતવાળા કર્તાએ બયાન કર્યુ, તે જ પ્રમાણે તે લોકોના બોલ જ તેઓનું કુફ્ર વાજીબ કરી રહ્યાં છે, જેથી તેઓ અઝાબને પાત્ર છે.

بل هم اسوء حالا من الكفار ذوى الضلال ، فجزى الله هذا الهمام حيث ابطل برسائله قول هؤلاء اللئام ، وقام بفرض الكفاية فى هذا القرن العميم الشرور ، ونهى المسلمين عن سفسطة ما صدر من اهل الفجور ، عن الاسلام والمسلمين ، احسن ما جازى به عباده المخلصين ، ووفقه وسدده لاحياء الشريعة الغراء ، واسعده وايده ونصره على هولاء الاشقياء ، ولا زال بدر اقباله ، طالعا فى سماء كماله ، امين ، اللهم امين امين ، والحمد لله ، على ما اولاه ، والصلاة والسلام ، على خاتم الرسل الكرام ، واله والاصحاب ، ما يتمن بذكرهم كتاب ، قاله فيه ، ورقمه بقلمه ، العبد الفقير ذو الاثام ، محمد على المالكى المدرس بالمسجد الحرام ، ابن الشيخ حسين مفتى المالكية سابقا بالديار الحرمية

## (11) ثم امتدح الفاضل العلامة الممدوح ، حفظه المولى السبوح حضرة مصنف المعتمد المستند ، كان له الاحد الصمد بقصيدة غراء ، وهى هذه كما ترى

| | |
|---|---|
| ماست تتيه بحسنها لما زهت | وحلت وطابت طيبة وتشرفت |
| وانت تقول لدى التفاخر اننى | خير البلاد فكة دونى ثبت |
| انى احب من البلاد جميعها | لله حقا دعوة الهادى وفت |
| ولى المطيع تضاعف حسناته | بزيادة عما بمكة ضوعفت |
| وانا السماء تزينت بكواكب | كل الانام بنورها السامى اهتدت |
| ما البدر بل ما الشمس الا من سنا | تلك الكواكب فى البرية اشرقت |
| فلذلك الخضراء برقع وجها | وبكت من الغبراء حتى اعرقت |

બલ્કે તે કાફિરો ગુમરાહોથી પણ ઘણી જ ખરાબ હાલતમાં છે. ખુદાપાક આ આલી હિંમતવાળાને, જેણે પોતાના રિસાલાઓથી આ કમીનાઓના કલામોનું ખંડન કર્યુ, જેનો ફિત્નો આ ઝમાનામાં આમ ફેલી રહયો છે અને જેને માટે તેઓએ તમામ મુસલમાનો તરફથી ફર્ઝ બજાવ્યો છે અને આ બદકારોએ જે પાયા વિનાની બનાવટો કરી છે, તેનાથી મુસલમાનોને દૂર રાખ્યા. ઈસ્લામ તરફથી અને મુસલમાનો તરફથી તે બહેતર બદલો આપે, જે પોતાના ખાલિસ બંદાઓને અતા ફરમાવે છે અને તેને આ પ્રકાશિત શરીઅત સજીવન કરવાની તવફીક આપે અને આ કામને સારો અને નેક બનાવે અને તેને સદભાગ્ય અને મદદ બખ્શે અને આ અભાગ્યા લોકો ઉપર મૌલાના મોસુફની મદદ કરે અને હંમેશા તેના ઈકબાલનો પૂરો ચંદ્ર તેના કમાલના આસમાનમાં ચળકતો રહે. અય અલ્લાહ ! એવું જ કર, એવું જ કર. અલ્લાહને માટે તારીફ છે, કે જેણે આવી નેઅમતો તેને અર્પણ કરી. દુરૂદ અને સલામ હોજો તેઓ ઉપર જેઓ ઈઝઝતવાળા તમામ રસુલોના ખત્મ કરવાવાળા છે અને દુરૂદ અને સલામ હોજો હુઝુરની આલ અને અસ્હાબ ઉપર અને તે ત્યાં સુધી કે જયાં સુધી તેઓના ઝિક્રથી કિતાબો બરકત હાંસિલ કરે, બંદા મોહતાજ અને ગુનેહગાર **મોહંમદ અલી માલીકી મુદર્રિસ મસ્જીદુલહરામ ઇબ્ને શયખ હુસયન સાબિક મુફતી માલિકીયહ** મક્કા મુકર્રમાએ પોતાની જીભથી કહ્યું અને પોતાના કલમથી એને લખ્યું.

મોહંમદ
અલી બિન
હુસયન

---

**(૧૧) પછી ફાઝિલે અલ્લામએ મમદુહ, સલ્લમ હુલ્લાહો તઆલાએ અલ મોઅતમદુલ મુસતનદ દામા ફઝલોહુના હઝરતે મુસન્નિફ (કર્તા)ની તારીફમાં એક રોશન કસીદો લખ્યો છે, જે વાંચકોની ખિદમત સમક્ષ રજુ છે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

ઝુમતા નાઝમે તયબહ હૈ કે તેરી કુદરત,
યેહ મેરા હુસ્ન યેહ નિકહત યેહ હલાવત યેહ સિફત
કેહ રહા હય દમે નાઝિશ કે મેં હું ખયરે બિલાદ,
મેરે એઝાઝકે નીચે હય હરમકી ઈઝઝત.
મેં હું અલ્લાહકો હર શહેરસે બઢકર મહબુબ,
મુસ્તફાકી બરકત ઉન્કી દુઆકી બરકત.
નેકીયાં મક્કેમેં જીસ દરજહ બઢા કરતી હંય,
મુજમેં હય ઉસ્સે ફુઝુ ફઝલે ખુદાકી કસરત.
વો ફલક હું કે મુનવ્વર હૈ મેરે તારોંસે,
જામલહ આલમમેં હિદાયતકી ચમકતી સુરત.
માહમેં શઅશઆ અફશાં હય ઉન્હીકા પરતવ,
મહેરે રખશાં મેં દરખશાં હય ઉન્હીકી રંગત.
હય ફલક ચાદરે નીલીમેં ઈસીસે રૂપોશ,
ગિરયએ અબ્રસે હય ગરકએ આબે ખજલત.

5

فازالذی قد زارنی بجیبه … ذی المعجزات ومن به العلیا ارتقت
بینا انا مصنع لطیب قو لها … اذ شمت مکة فی المحاسن اقبلت
تبدی مفاخرها وقالت اننی … ام القری فجمیعها لعدی اتت
انا قبلة العالمین جمیعهم … ولی المشاعر والمناسك جمعت
لی بیت باربنا الحرام وزمزم … طعم شفا من کل حادثة بردت
اولی الصفا للطائفین ومروة … ویمین رب الخلق لی قد قبلت
ولی الحطیم ومستجار والمقا … م ومسجد حسناته قد ضوعفت
زادت علی حسنات طیبة مائة … الف عن الهادی الروایة ایدت
وانا احب الارض للمولی وللمختار عند رواة اثار روت
واتی بانی خیر ارض الله بالله العظیم روایة الضار هت
انا مطلع للنیرات جمیعها … فبم الفخار لطیبة اذ فاخرت
وانا التی قصدی لقصد النسك یحرم قاصدی حتما بما قد اقتت
وانا علی المسطاع حج واجب … عینا لعمر مرة قد برات
وکفایة فی کل عام قد اتی … والسیات بساحتی قد کفرت
فی کل یوم ینظر المولی الی … اهلی برحمته ابتداء قد ثبت
فیعم حتی النائمین بساحتی … فضلا برحمته ومغفرت وفت
وبکل یوم مائة عشرون من … رحمات مولی الخلق لی قد انزلت
للطائفین وناظرین لکعبة … والراکعین علیهم قد قسمت
انا مهبط الوحی الکریم ومظهر ال … ایمان والطاعات لی قد نوعیت
حبی من الایمان جاء واننی … انفی کما الکیر الخبائث اذ بدت
وانا المقدسة الحرام العرش والبلد الامین صلاح اسمای سمت

---

ل طیبة علی زنة سیدة عدل عن الاسم الی الصفة اشارة الی ان التسمیة بینة علی التوصیف وتم ما بالوقف ان کا مضافا الی الف لما صرح العروضیون ان کل عروض محل الوقف کالضرب ولک ان تقرء طیبة باسکان الیاء والوقف علی التاء ومائه بواو الاطلاق علی ان زادت بمعنی ازداد بقیه حاشیه بر صفحه ۶۶

કામેજા દૈં મેરે ઝાએરકો ખુદાકે મહબુબ,
મોઅજિઝેવાલે કે રફઅતકો હય જીનસે રફઅત
સુન રહાથા મેં મદીનેકી યેહ અચ્છી બાતેં,
કે યકાયક હુઈ મક્કેકી નુમાયાં તલઅત.
ઝેવરે હુસ્નસે આરાસ્તા નાઝિશ કરતી,
કે મેં હું ઉમ્મે કુરા સબપે હે મુજકો સબકત.
ખલ્કકા કિબ્લા હું મુજમેં હે મશાઈરકા હુજુમ,
મુજમેં હે જાએ હજો ઉમરા વ કુરબાંકી ખપત.
મુજમેં હય ખાનએ હક બયતે મોઅઝઝમ ઝમઝમ,
ઝોકકા ઝાએકા હર દર્દકી હુકમી હિકમત.
સઈવાલોકે લિયે મુજમેં સફા મરવહ હંય,
બોસા દેનેકે લીયે અકસે યમીને કુદરત
મુસ્તજાર ઔર હતીમ ઔર કદમે ઈબ્રાહીમ,
ઔર મસ્જીદ, હસનહ જીસ્મેં બળ્હે બે મિશત.
અમલે તયબાસે મસ્જીદકા અમલ લાખ ગુના,
આઈ મવલાસે રિવાયત બ સબીલે સેહહત.
હૈ હદીષે કે મેરે મિસ્લ કિસી બિત્તેહસે,
ન ખુદાકો હે મોહબ્બત ન નબીકો ઉલફત.
બેહતરી અર્દે ખુદા નિઝદે ખુદાહું યેહભી.
એક રિવાયત હે મેરે નાઝકે આંચલમેં બનત.
સારે તારે તો મેરી પાક ઉફકસે ચમકે,
મુજપે નાઝિશકી મદીનેકે લિયેકોન જેહત.
કાસિદેં હકપે મેરે કસ્દસે વાજિબ એહરામ,
આયે મીકાત તો બન જાએ ગદાકી સુરત.
હુકમેં મસ્તુર હે હકકા કે હુવા ફરઝુલ એન,
હઝ મેરા ઉમ્રમેં એક બાર જો રખતા હો સકત.
ઔર યેહ ફર્ઝ કિફાયા હે કે હર સાલહો હજ,
મેરે દરબારમેં જોરમોંકો મીલી મહવીયત.
મુજમેં જબતક જો રહે ઉસ્પે હો હરરોઝ મુદામ,
ઈબ્તેદાઅન મેરે મવલાકી નિગાહે રહમત.
વોહભી આમ અયસી કે જો મુજમેં પળે સોતે હોં,
દફતરે બખશિશો રેહમતમેં હો ઉ-કીભી લિખત.
એકસો બીસ હૈં ખાસ ઉસ્કી નઝરહાએ કરમ,
રોઝ ઉતરતીહૈં જો મુજમે પએ એહલે તાઅત.
એહલે તવ્ફ એહલે નમાઝ એહલે નઝર યઅની જો,
ટકટકી બાંધે હૈં મુજપર યે હૈં ઉનપર કિસ્મત.
મહબિતે વહ્ય હું મેં મઝહરે ઈમાં હું મંય.
મુજમેં હરગૂના હૈ તાઆતે ઈલાહી મુસબત.
જાઝઝે ઈમા હય મોહબ્બત મેરી મેં કરતા હું,
દૂર નાપાકીયોંકો કુરએ હદ્દાદે સિફત.
પાકો, ઝી-હુરમતો, અર્શો બલદે, અમનો સલાહ,
મેરે અસ્મા હંય, મોઅલ્લા મેરે નામો નિસ્બત.

بی اکثر القرآن انزل ربنا ... منی سری بدر فارض اشرقت
لما اطالت فی تمدح نفسها ... قامت وقالت طیبة هی طولت
حسبی بما جزم الانام بانها ... خیر البقاع لطیبها ممن حوت
وکم الاصول تشرفت بفروعها ... فباحمدٍ اباؤه قد شرفت
بی من ریاض الخلد روضة قربة ... بی تم بدر الدین ای جمعت
بی اربعون من الصلاة براءة ... بی منبر الهادی علی حوض ثبت
النسف للخبائث قد اتی کالکیر بی ... محراب طٰه بتر عرش فضلت
قال النبی بانها من جنة ... وبنقلة من خیر مبعوث حلت
انا طابة انا دار هجرة من سما ... بی قربة عن حج بیت قدمت
وبی الاساءة لا یضاعف ذنبها ... اما بمکة فالاساءة ضوعفت
منی فنورا الصاحبین وعترة ... امسوا ضیاء الارض منهم نورت
لما سمعت مقال کل منهما ... قلت اطلبا حکما عدل الله نمت
ذا خبرة مولی المعارف والهدی ... رب البلاغة من به الدنیا زهت
ذا عفة ذا حرمة عند الملا ... ذا فطنة منها العلوم تفجرت
شرح المقاصد فهو سعد الدین ... بذکائه شرح المواقف فانجلت
عضد الهدایة فخرنا محمود فضل زانه کشاف ای احکمت
ابدی معانی المشکلات ببیانه ... ببدیع منطقه الجواهر نظمت
ایضاحه بدلائل الاعجاز اسرار البلاغة منه حقا اسفرت
قالا ومن هو قد توثقنا به ... قلت العزیز ومن به التقوی صفت
محیی علوم الدین احمد سیرة ... عدل رضا فی کل نازلة عرت
مولی الفضائل احمد المدعو رضا ... خان البریلی من به الخلق اهتدت

بقیه حاشیه صفحه ۶۴ ج والفاعل مائة الف فیصیر العروض مفتعلن اھ مصححه -

મુજમેંહી ઉતરાહે કુરઆનકા અકસર હિસ્સા,
મુજસેહી ચાંદકા અસરાથા કે ચમકી છે-જેહત.
જબ કે મક્કેને યેહકી અપની સનામેં તતવીલ,
ઉઠકે તયબાને કહા તાબકુજા તુલે સિફત.
મુજકો યેહ તુરબતે અતહર હી કિફાયત હે કે હય,
બેહતરી બુકઆ બજઝમે ઉલમાએ ઉમ્મત,
કિતની અસલોંને શરફ ફર્અસે પાયા જયસે,
મુસ્તફાસે હુઈ આબાએ નબીકી ઈઝઝત.
મુજમેં કામિલ હુવાદી મુજમેં હુઈ જમ્અ આયાત,
મુજમેં વો ખુલ્દકી કયારી હય રેયાઝે કુરબત.
મુજમેં ચાલીસ નમાઝેં હય બરાતે ઈખ્લાસ,
મુજમેં મિમ્બર જો બિછેગા લબે હોઝે રેહમત.
હર નજિસ દૂર કરૂં મુજમેં હે મેહરાબે હુઝુર,
મુજમેં વોહ પાક કૂવાં અર્શસે જીસકી શોહરત.
કરદીયા શેહદ લોઆબે દહને શહને જીસે,
જીસકો આઈ હે શહાદત કે હે ચાહે જન્નત.
મુજમેં કુરબત વો હય જો હજપે મુકદ્દમ ઠેરી,
મેં હું તાબા મેં હું તાહાકા મકાને હિજરત.
મક્કેમેં જાુર્મભી હો એક કા લાખ ઔર મુજમે,
એક્કા એક રહે મુજમેં હય આસીકી બચત.
મુજમેં સિદક હંય, ફારૂક હય, આલેશહ હય,
જીન સિતારોસે ચમક ઉઠઠી ઝમીકી કિસ્મત.
બાતેં દોનોંકી મય સુન સુન કે હુવા અર્ઝ ગુઝાર,
ફેસ્લેકે લિયે ચાહો હકમે બા નિસફત.
રબ બલાગતકા, મઆરિફકા, હુદાકા મવલા,
સાહેબે ઈલ્મકે દુન્યાકા હય નાઝો નુઝહત.
ઈફફત ઔર મરજઓ મશહદમેં વોહ ઈઝઝતવાલા,
જીસ્સે ઈલ્મોં કે રવાં ચશ્મે હય અયસી ફિત્વનત.
ઉસ્નેકા 'શરહ મકાસિદ', વો હુવા 'સઅદુદ્દીન,'
ઝહેનસે 'કશ્ફ', કિયે 'મવકફે દીનો' મિલ્લત.
વોહ હિદાયતકા 'અઝુદ', ફખ્ર વોહ 'મહમુદ' ફઆલ,
વો જો 'કશશાફી'એ કુરઆં મેં હય મોહકમ આયત.
મુશ્કેલાત ઉસ્સે ખુલે ઉસ્કા બ્યાં અયસા 'બદીઅ,'
જીસ્કી લળીયોંસે જવાહિરકો હય ઝેબો ઝીનત.
ઉસસે 'એજાઝો' દલાઈલ કા મુનવ્વર 'ઈઝાહ,'
ઉસસે 'ઈસરારે બલાગત'કી જીલા બે-રીબત.
બોલે વોહ કોન હે ? હમ માનતે હંય, મેને કહા,
વો મોઅઝિઝઝકે હૈ તકવેકી સફાઓ સુફવત.
દીનકે ઈલ્મોકા વોહ ઝિન્દહ કુન 'અહમદ' સીરત,
વો 'રઝા' હાકિમે હર હાદિસએ નવ સુરત.
વો 'બરેલી' વતન 'અહમદ' વોહ 'રઝા' રબ્બે કમાલ,
ખલ્કકો જીસ્સે હિદાયતકી મીલી હય દવલત.

قالاوالنعم بالمحكم ذی التقی | فعلی تقدمه البریة اجمعت
الطیب بن الطیب بن الطیب بـــنِ ذوی الهدیٰ ایات رفعته رقت
فابن العماد عماده من کشف ذا | حجحابها حجر ابن حجة ادحضت
قاضی القضاة فما الخفاجی عنده | الاکبد ردون شمس اشرقت
املی العلوم فهل سمعت بمثله | املی وذا ایاته قد شوهدت
لازال بدر کماله بسماء عز | زجلاله بهدی العبا داذ اغوت
صلی وسلم ربنا الهادی علی | رب الکمال ومن به الخلق ختمت

تمت

بحمد اللّٰه وعونه وحسن توفیقه وصلی اللّٰه علی من جعله هادیا لطریقه واله

محمد علی بن حسین

## ۱۲ صورة ما کتبه الشاب التقی + المحصل لمترقی + ذوالجمال والزین + مولانا جمال بن محمد بن حسین + نزهه اللّٰه عن کل شین +

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

الحمد للّٰه الذی ارسل رسوله بالهدی ودین الحق + وجعله خاتم الرسله وهادیا الی الصراط المستقیم + لکافة الخلق + وجعل ورثة الانبیاء + علماء دینه القویم + الذابین عن الحق غیاهب الاشقیاء + والصلاة والسلام علی سید الانام + واله الکرام + واصحابه الفخام + امابعد فانی قد اطلعت علی کلام المضلین الحادثین + الان فی بلاد الهند

દોનો બોલે કે ખુશા હાકિમે સાહેબ તકવા,
જીસ્કી સબકત પે હય ઈજમાએ જહાં કી હુજ્જત.
તઈયબે તઈયેબે તય્યબ ખલ્ફે એહલે હુદા,
જીસ્કી આયાત બલંદી હંય સમાએ રફઅત.
વોહ હુજ્જ ખોલે કે હંય મોઅતેમદે ઈબ્ને એમાદ,
ઈબ્ને હુજ્જા કે હુજ્જ જીનસે હુએ હર્ફે ગલત.
શરઅકા હાકિમે બાલા કે 'ખફાજી' કા કમાલ,
ઉસ્કે ખુરશીદ રખતા હય કમરકી નિસ્બત.
યાદ પર ઈલ્મ લિખાએ કોઈ ઉસકાસા સુના,
સાહેબે ફઝલ ઓર ઉસ્કી તો હય મશહુદ આયત.
દાએમા બદ્ર કમાલ ઉસકા સમાએ ઈઝઝ પર,
હાદીએ ખલ્ક હો જબ છાએ ફિતનકી ઝુલ્મત.
રબ્બે અફઝાલ પે હાદીકે દુરૂદ ઓર સલામ,
જીન્કે સાએમેં પનહગીર હય સારી ખલકત.
આલો અસહાબ પે જબતક કે ગુલિસ્તાંમેં રહે,
ગિરીયએ અબ્રસે કલીયોંમેં તબસ્સુમકી સિફત.

અલ્લાહની હમ્દ, મદદ, ખુબી અને તવફીકથી કસીદો સમાપ્ત થયો. અલ્લાહ તઆલા દુરૂદ મોકલે, તેઓ ઉપર અને તેઓની આલ ઉપર, જેઓને પોતાના માર્ગના હિદાયત કરનાર બનાવ્યા.

મોહંમદ
અલી બિન
હુસયન

**(૧૨) જવાને સાલેહ, સાહેબે તહસીલો તરક્કીઓ જમાલો ઝીનત, મૌલાના જમાલ બિન મોહંમદ બિન હુસયનનો ફત્વો. અલ્લાહ તઆલા તેઓને દરેક એબથી પાક રાખે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

સર્વ ખુબીઓ તે ખુદાને છે, જેણે પોતાના રસુલને હિદાયત અને સાચા દીન સાથે મોકલ્યા અને તેઓને પોતાના તમામ રસુલોના ખત્મ કરવાવાળા અને તમામ જહાનને માટે સીધા માર્ગના હિદાયત દેવાવાળા બનાવ્યા અને તેઓના મજબૂત દીનના આલિમોને અમ્બિયા અલયહિમુસ્સલામના વારિસ બનાવ્યા, જેઓ હકને બદબખ્તોના અંધકારોથી દૂર રાખે છે અને જહાનના સરદાર તથા તેઓની ઈઝઝતવાળી આલ અને અઝમતવાળા અસ્હાબ ઉપર દુરૂદ અને સલામ હોજો. હમ્દ અને સલાત બાદ મેં ગુમરાહ કરવાવાળાઓના કલામો જોયા, જેઓ હિંદુસ્તાનમાં હવે

فوجدته موجبا لردتهم واستحقاقهم للخزى المبين + وهم اخزاهم الله
تعالى **غلام احمد القادياني + ورشيد احمد واشرفعلى + وخليل احمد**
وخلافهم من ذوى الضلال والكفر الجلى + فجزى الله حضرة ذى الاحسان +
المولى **احمد رضا خان** + عن الاسلام والمسلمين احسن
الجزاء + حيث قام بفرض الكفاية ورد عليهم بالرسالة المسماة بالمعتمد
المستند ذابا عن الشريعة الغراء + ووفقه لما يحبه ويرضاه
وبلغه من الخير ما يتمناه + آمين اللهم آمين + وصلى الله على سيدنا
محمد وعلى آله وصحبه وسلم + قاله بفمه + وامر برقمه + احد المدرسين
بالبلد بار الحرمية محمد جمال حفيد المرحوم
الشيخ حسين مفتى المالكية سابقا

(محمد جمال بن محمد)

## ١٣ صورة ما كتبه جامع العلوم + ونابغ الفهوم + حائز العلوم النقلية + وفائز الفنون العقلية + الهين + اللين + الخاشع المتواضع + نادرة الزمان + مولانا الشيخ اسعد بن احمد الدهان المدرس بالحرم الشريف + دام بالفيض والتشريف +

بسم الله الرحمن الرحيم

حمدا لمن ابد الشريعة المحمدية على مدى الايام + وايد الملة الحنيفية
بالسنة اقلام العلماء الاعلام + وقيض لها في كل عصر من الاعصار +
حماة وانصار + ذوى عزائم واخطار + يحمون حوزتها + ويقوون
صولتها + ويقررون حجتها + ويوضحون محجتها - وهكذا في كل
عصر + يتجدد النصر + ويحصل للعدو القهر حتى يتم الامر + والصلاة والسلام على من

પૈદા થયા છે, જેથી મને એમ માલમ પડયું કે તેઓના કલામોથી જ તેઓ મુરતદ થઈ ગયા છે અને એ બોલોએ તેઓને પૂરેપૂરા ફજેત થવાના હકદાર કરી દીધા. તેઓ **ગુલામ અહમદ કાદયાની** અને **રશીદ અહમદ** અને **અશરફઅલી** અને **ખલીલ અહમદ** વિગેરે છે, જેઓ ખુલ્લા કુફ્ર અને ખુલ્લી ગુમરાહીવાળા છે. અલ્લાહ તઆલા હઝરત, ઉપકારના ધણી, સરદાર **અહમદ રઝાખાન**ને ઈસ્લામ અને મુસલમાનોના તરફથી સૌથી બહેતર બદલો અતા ફરમાવે કે તેણે ફર્ઝ કિફાયા અદા કર્યો અને રિસાલએ *"અલ મોઅતમદુલ મુસ્તનદ"*માં પ્રકાશિત અને શરીઅત હિમાયત સહિત તેઓનું ખંડન કર્યુ. અલ્લાહ તઆલા તેને પોતાની પ્રિય અને પસંદ હોય તે વાતોની તવફીક આપે અને તેની ઈચ્છા મુજબ તેને ભલાઈ અતા ફરમાવે. આવું જ કર, અય અલ્લાહ ! આવું જ કર. અલ્લાહ તઆલા અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ ઉપર અને તેઓની આલ અને અસ્હાબ ઉપર દુરૂદ મોકલે. હરમના શહેરોના એક સબક આપનાર એટલે **મોહંમદ જમાલ** તે મરહુમ **શેખ હુસયન** જેઓ પહેલા માલેકીયહના મુફતી હતા, તેઓના પૌત્રે પોતાની જીભથી કહયું અને લખવાનો હુકમ આપ્યો.

મોહંમદ જમાલ બિન મોહંમદ

---

**(૧૩) જામએ ઉલુમ, મમબએ ફુહુમ, મુહીતે ઉલુમે નકલીયહ, મદરકે ફુનુને અકલીયહ, ખુશખુ, નરમ મિઝાજ, સાહેબે ખુશુઓ તવાઝોઅ, નાદિરે રોઝગાર, મૌલાના શયખ અસઅદ બિન અહમદ દહહાન મુદર્રિસ હરમ શરીફ દામા બિલ ફયઝે વત્ત શરીફનો ફત્વો.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

હું તારીફ કરૂં છું, તેને માટે જેણે દુનિયાની હસ્તી સુધી શરીઅતે મોહંમદીયહ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમને હંમેશ માટે કાયમ કરી અને બુઝૂર્ગ આલિમોના કલમના ભાલાઓથી ઈસ્લામના માર્ગની મદદ કરી અને દરેક ઝમાનામાં તેની હિમાયત કરનાર અને તેને મદદ કરનાર મુકર્રર કર્યા, જેઓ દીલેરીઓવાળા અને ઈઝઝતવાળા છે અને તેના હરમની હિમાયત કરે છે અને તેના હુમલાઓને કુવ્વત આપે છે અને તેની દલીલોનું વ્યાખ્યાન કરે છે અને તેના વિશાળ માર્ગને રોશન કરે છે અને એ જ પ્રમાણે દરેક ઝમાનામાં તે માર્ગ તાજી મદદ પામતો રહેશે અને અલ્લાહનો હુકમ પુરો થાય, ત્યાં સુધી દુશ્મન ઉપર કહેર થતો રહેશે અને દુરૂદ સલામ તેઓ ઉપર જેઓએ

سن سنة الجهاد + وامر بتجريد سيوف الحجج من الاغماد + لردع اهل الكفر والعناد + والبغي والفساد + وعلى اله واصحابه الذين هم لحزب الله نجوم + ولحزب الشيطان الخاسر رجوم + وبعد فقد اطلعت على هذه الرسالة الجليلة التي الفها نادرة الزمان + ونتيجة الاوان العلامة الذي افتخرت به الاواخر على الاوائل + والفهامة الذي ترك بتبيانه سحبان باقل + سيدي وسندي + الشيخ **احمد رضا خان** البريلوي + مكن الله من رقاب اعاديه حسامه + ونشر على هام عزه اعلامه + فوجدتها حصنا مشيدا على الشريعة الغراء + رفعت على دعائم الادلة التي لا ياتيها الباطل من بين يديها ولا من خلفها + ولا تنهض شبه الملحدين للقيام لديها فانها متوارية من خوفها سلت صوارم الحجج القطعية على عقائد الكفرين + ورمت بشهبها شياطين المبطلين + خفضت هامهم بذلك السيف المسلول + واشهرت فضيحتهم بين ارباب العقول + حتى ظهر ظهور الشمس في رابعة النهار ارتدادهم + اولئك الذين لعنهم الله فاصمهم واعمى ابصارهم + وحقق بما اعتقد وه انسلا لهم من الدين القويم + اولئك الذين لهم في الدنيا خزي و لهم في الاخرة عذاب عظيم فلعمري ان هذا لهو التاليف الذي يفتخر به العالمون + ولمثل هذا فليعمل العاملون + فجزى الله مولفها عن الاسلام والمسلمين + خيرا فانه قلد اجياد هم قلائد النعم + ونصر الذين بما احكمه من محكم + هذا التاليف الذي باد حاض حجة الخصم حكم + لا زالت ايامه

દીનમાં જેહાદનો માર્ગ કાઢયો અને હુકમ આપ્યો કે દલીલોની તલવારોને કાફિરો, હઠધર્મીઓ, ગુમરાહો અને ફિસાદીઓને ઝાપટવા માટે મ્યાનથી બહાર કાઢવામાં આવે અને દુરૂદ સલામ તેઓની આલ અને અસ્હાબ ઉપર જેઓ અલ્લાહની જમાઅત માટે રસ્તો બતાવનારા તારાઓ છે અને નુકશાન કરનારી શયતાની ટોળીને મરદૂદ કરનારા અને ધૂતકારવાવાળા છે. હમ્દ અને સલાત બાદ, હું આ અઝમતવાળા રિસાલાથી વાકેફ થયો, જેનો કર્તા ઝમાનાનો અજોડ અને 'ખુલાસએ લયલો નહાર છે' તે અલ્લામહ જેના સબબે પાછલા આગલાઓ ઉપર ફખ્ર કરે છે અને મહાન મગજ શકિતવાળો, જેણે પોતાના રોશન બયાનમાં ખુશબયાન "સહબાન"ને "બાકિલ" બેઝબાન જેમ કરી મુકયો. મારા સરદાર અને મારી સનદ હઝરત **અહમદ રઝાખાન** બરેલ્વી અલ્લાહ તઆલા તેના દુશ્મનોની ગરદનો ઉપર તેની તલવારને કાબૂ આપે અને તેની ઈઝઝતના બળ ઉપર તેના વાવટાઓનો ફેલાવો કરે.

મેં તે રિસાલાને નૂરાની શરીઅતનો મજબૂત કિલ્લો જોયો, જેને એવી દલીલોના સ્થંભો ઉપર ઊભો કરવામાં આવ્યો છે કે તેની આગળ પાછળ બાતિલને માર્ગ મળતો નથી અને બેદીનોની શંકાઓ તેની સામે થોભવાને ઊઠી પણ નથી શકતી, જે શંકાઓ તેની બીકથી છૂપાઈ રહેલી છે. આ રિસાલાએ સચોટ દલીલોની તલવારો કાફિરોના અકાઈદ ઉપર ખેંચી છે અને પોતાના ઝબકતા તારાઓથી ગુમરાહ શયતાનો ઉપર તીરો છોડયા ! આ ખુલ્લી તલવારથી તેઓના માથાઓ નીચા કરી દેવાયાં અને અકકલવાળાઓમાં તેઓની ફજેતી મશહુર થઈ, તે અહીં સુધી કે તે લોકોનું મુરતદ હોવું, બપોરના સૂર્યની માફક જાહેર થઈ ગયું. એ લોકો તે છે કે જેઓ ઉપર અલ્લાહે લઅનત કરી, જેથી તેમને બહેરા કરી દીધા અને તેમની આંખો આંધળી બનાવી અને તેમના અકીદાઓથી સાબિત થયું કે તેઓ આ સત્ય દીનથી બિલકુલ નિકળી ગયા. એ લોકોને દુનિયામાં બેઈઝઝતી અને આખેરતમાં મોટો અઝાબ છે. મને મારા જાનના સોગન ! આ તે કિતાબ છે, જે ઉપર આલિમો નાઝ કરે અને અમલ કરવાવાળાઓએ એવો જ અમલ કરવો જોઈએ. તો અલ્લાહ તઆલા ઈસ્લામ અને મુસલમાનો તરફથી તેના કર્તાને ભલાઈનો બદલો આપે કે તેણે મુસલમાનોના ગળાઓમાં નેઅમતોના હાર પહેરાવ્યા અને તેણે દીનને મદદ કરી; આ ઉમદા રિસાલાની મજબૂતીથી ખુલ્લી દલીલ વિરોધીને નષ્ટ કરનાર ફેંસલારૂપે થઈ. તેના દિવસો હંમેશા

مشرقة السنا + وبابه كعبة المرام والمنى + مآثر نحمده مادح + وصدح بشكره صادح + وصلى الله على سيدنا محمد وعلى اله وصحبه وسلم + قاله بفمه + و رقمه بقلمه + خادم الطلبة راجي الغفران + اسعد بن احمد الدهان عفا الله عنه وعليكم السلام ورحمة الله وبركاته -

اسعد الدهان راجي الغفران

## (١٣ A) صورة ما قرظ به الفاضل الاديب الاريب اللبيب الحاسب الكاتب الرفيع المراتب حسنة الاوان + مولانا الشيخ عبد الرحمن الدهان + دام بالمن والاحسان +

بسم الله الرحمن الرحيم

الحمد لله الذي اقام في كل عصر قواما ووفقهم لخذ منه + وايدهم لدى مناضلة الملحدين بنصرته + والصلاة والسلام على سيدنا محمد الذي اذل ببعثته اهل الكفر والطغيان وعلى اله واصحابه الذين اخمد وا نار الجهل فظهر نور اليقين واضح العيان + وبعد فلا شك ان القوم المسئول عنهم اهل الحمية الجاهلية + مارقون من الدين + كما يمرق السهم من الرمية + مستحقون في الدنيا ضرب[1] الرقاب + ويوم العرض والحساب اشد العذاب فلعنهم الله واخزاهم + وجعل النار مثواهم + اللهم كما وفقت من اختصصته من عبادك لقمع هؤلاء الكفرة المتمردين واهلته للذب عما يد عواليه النبي الامين + فانصره نصرا تعزبه الدين وتخزبه وعلى

[1] اعلم ان ضرب الرقاب في الدنيا انما هو الى الحكام + دون العوام + كما ان التعذيب في العقبى ليس الا بيد ذي الجلال والاكرام + اما غير السلاطين وولاة الامور فانما وظيفتهم الرد باللسان + والطرد بالبيان وتحذير المسلمين + عن مخالطة الشياطين + ورفع الامر الى ولاة الامر ولا يكلف الله نفسا الا وسعها بل قد صرحوا في الكتب الفقهية ان من قتل مرتد ابدون اذن السلطان يعزره السلطان هذا في الممالك الاسلامية فكيف بغيرها فانه تقتله الحكام ان قتل المرتد فيكون فيه القاء بالايدي الى التهلكة والله تعالى يقول (بقيه بر صفحه ٧٦)

ચમકતા રહેશે અને તેનો દરવાજો હંમેશા મુરાદો અને આશાઓના કઅબા રહે. જ્યાંસુધી તારીફ કરવાવાળો તેની તારીફના મધુર સુરો કાઢે અને જ્યાં સુધી કોઈ એલાન કરવાવાળો તેના શુક્રનો એલાન કરે. અલ્લાહ તઆલા અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ ઉપર અને તેઓની આલ અને અસ્હાબ ઉપર દુરૂદ અને સલામ મોકલે. તાલેબ ઈલ્મોના ખાદિમ, બખ્શીશના ઉમેદવાર **અસઅદ બિન દહહાન** અફલ્લાહો અન્હોએ પોતાની જીભથી કહ્યું અને પોતાની કલમથી લખ્યું અને આપ ઉપર સલામ અને અલ્લાહની રેહમત અને બરકતો.

રાજીયુલ
અફરાન
અસઅદ
દહહાન

---

**(૧૩-A) ફાઝિલે અદીબ, ઝી અકલ હોશમંદ, દાનાએ હિસાબો કિતાબ, બલંદ મરતબા, નિક્રોઈયે રોઝગાર, મૌલાના શયખ અબ્દુર્રેહમાન દહહાનનો ફત્વો. તેઓ હંમેશા એહસાન અને ખુબી સહિત રહે.**

**બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ**

સર્વ ખુબીઓ તે ખુદાને છે, જેણે દરેક ઝમાનામાં કેટલાક લોકો કાયમ કર્યા, જેમને પોતાની ખિદમતની તવફીક બખ્શી અને બેદીનોના ઝઘડાના વખતે પોતાની મદદથી તેમને હિદાયત કરી અને સલાત અને સલામ અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ ઉપર, જેઓની નબુવતે કાફિરો અને ગુમરાહોને બેઈઝઝત કરી દીધા અને દુરૂદ અને સલામ તેઓની આલ અને અસ્હાબ ઉપર જેઓએ જહાલતની અગ્નિ શાંત કરી, એટલે યકીનનું નૂર આંખોથી દેખીતી રીતે પ્રકાશિત થઈ ગયું. હમ્દ અને સલાત બાદ બિલકુલ શંકા નથી, કે તે કોમ જેની હાલતનું વર્ણન કરી સવાલ પૂછાયો છે, તે ખુલ્લા કુફ્રના ઝમાનાવાળા અને કંકાશ કરનારા છે. દીનથી નીકળી ગયા છે, જેવો તીર કમાનથી નીકળી જાય છે. દુનિયામાં તેઓ એના હકદાર છે કે ઈસ્લામનો સુલતાન તેઓને કત્લ[1] કરે અને અલ્લાહ અઝઝ વ જલ્લની સમક્ષ હિસાબના દિવસે તે ઘણા જ સખત અઝાબના હકદાર છે. અલ્લાહ તેઓ ઉપર લઅનત કરે, તેઓને બેઈઝઝત કરે અને તેઓનું ઠેકાણું જહન્નમમાં કરે. અય ખુદા ! જેવી રીતે તેં તારા ખાસ બંદાને ગુમરાહ કાફિરોનું નિકંદન કરવાની તવફીક આપી અને સય્યદે આલમ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ જે દીનની તરફ બોલાવી રહ્યા છે, તે દીનના વિરોધીઓનો નાશ કરવા તેને લાયક બનાવ્યો, તેવી જ રીતે તું એને એવી મદદ કર, જેથી તુ દીનને ઈઝઝત આપ, જેથી તારો આ વાયદો પૂરો થાય કે,

........................

૧. જાણી લેવું જોઈએ કે દુન્યામાં કત્લ કરવું ફકત હાકિમોના જ હસ્તકમાં છે, રૈયતના હસ્તકમાં નથી. જેવી રીતે આખેરતમાં અઝાબ કરવો ફકત ખુદાપાકના હાથમાં છે અને જે લોકો બાદશાહો અને હાકિમો સિવાયના છે, તેઓનો ફર્ઝ ફકત જીભથી રદ કરવાનો અને બયાનથી તેને બેઈઝઝત કરવાનો અને એવા શયતાનોના મેલજોલથી ઈસ્લામને બચાવવાનો અને આ કામ હાકેમો સુધી પહોંચાડવાનો છે. 'અલ્લાહ તઆલા કોઈ જાનને તેની તાકતથી વધુ તકલીફ દેતો નથી' બલ્કે હકીકતમાં ફુકહાએ કિરામે ફિકહની કિતાબોમાં સ્પષ્ટ હુકમ કર્યો છે, કે જે ઈસમ → (અનુ. પેજ ૭૭ પર)

وكان حقا علينا نصر المؤمنين - لا سيما عمدة العلماء العاملين / زبدة الفضلاء الراسخين + علامة الزمان + واحد الدهر والاوان / الذي شهد له علماء البلد الحرام + بانه السيد الفرد الامام : سيدي ومولاي + الشيخ **احمد رضا خان البريلوي** متعنا الله بحياته والمسلمين + ومتعني به فان هديه هدى سيد المرسلين + وحفظه من جميع جهاته على رغم انوف الحاسدين + ربنا لا تزغ قلوبنا بعد اذ هديتنا وهب لنا من لدنك رحمة انك انت الوهاب + وصلى الله على سيدنا ومولانا محمد وعلى آله وصحبه وسلم

قاله بفمه + ورقمه بقلمه + معتقدا بجنانه الراجي من ربه الغفران + عبد الرحمن ابن المرحوم احمد الدهان

عبد الرحمن دهان

## (١٤) صورة ما سطره الفاضل المستقيم على الدين القويم + والحق القديم + المدرس بالمدرسة الصولتية + بمكة المحمية + مولانا الشيخ محمد يوسف الافغاني + حفظ بالسبع المثاني +

بسم الله الرحمن الرحيم

سبحنك يا من تفردت بالكبرياء + وتنزهت عن سمة النقص والكذب والفحشاء احمدك حمد من اعترف بعجزه + واشكرك شكر من توجه اليك باسره - واصلي واسلم على سيدنا محمد خاتم انبيائك وخلاصة اهل ارضك وسمائك + واله واصحابه عمدة اصفيائك ومن تبعهم باحسان الى يوم لقائك + **وبعد** فاني قد اطلعت على هذه الرسالة التي الفها الفاضل العلامة + والحبر الفهامة + المستمسك بحبل الله المتين +

(بقيه حاشيه صفحه ٤٧) ولا تلقوا بايديكم الى التهلكة وفيه تعريض نفسه المسلم للقتل بنفسه كالقتل وفي حديث عمرو عبد الله بن عمر رضي الله تعالى عنهما قال قال رسول الله صلى الله تعالى عليه وسلم لزوال الدنيا اهون على الله من قتل رجل مسلم رواه الترمذي والنسائي فليتنبه لذلك فانما وقعت هذه الاحكام فانما هي للسلاطين والحكام كما صرح به في نفس هذه التقاريظ عدة اعلام اه

"મુસલમાનોને મદદ કરવાનો અમારા ઉપર હક છે." ખાસ કરી અમલ કરવાવાળા, આલિમોના ભરોસાપાત્ર અને મોટા મોટા ફાઝિલોના સરતાજ, ઝમાનાના અલ્લામહ અને યકતાએ રોઝગાર જેને માટે મક્કા મોઅઝઝમાના આલિમો ગવાહી આપી રહ્યા છે કે અમારા સરદાર છે, બેનઝીર છે, ઈમામ છે અને તે મારા સરદાર અને મારી પનાહ મેળવવાની જગ્યા હઝરત **અહમદ રઝાખાન બરેલ્વી** કે જેની જીંદગીથી અલ્લાહ તઆલા સૌ મુસલમાનોને ફાયદો બખ્શે અને મને તેઓનો તરીકો નસીબ કરે, સબબકે તેઓનો તરીકો તે સય્યદે આલમ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમનો તરીકો છે અને અદેખાઓની નાક ધૂળમાં રગડવા માટે છ બાજુએથી તેની સંભાળ રાખે. અય ખુદા ! તેં અમોને હિદાયત ફરમાવી છે, તો હવે અમારા દિલો વાંકા ન કર અને અમને તારી પાસેથી રેહમત અતા કર. બેશક તુ ઘણું જ બખ્શવાવાળો છે. અલ્લાહ તઆલા અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ ઉપર અને તેઓની આલ અને અસ્હાબ ઉપર દુરૂદ અને સલામ મોકલે. મારા રબથી બખ્શીશની ઉમેદ રાખનાર અબ્દુર્રેહમાન બિન મરહુમ અહમદ દહહાને પોતાના દિલથી અકીદો રાખીને પોતાની જીભથી કહ્યું અને પોતાના કલમથી લખ્યું.

અબ્દુર્રેહમાન
દહહાન

**(૧૪) મક્કા મોઅઝઝમામાં સવલતીયહ મદ્રસાના મુદર્રિસ ફાઝિલ, જે કદીમ સીધા દીન ઉપર મજબૂત છે તે મૌલાના મોહંમદ યુસુફ અફઘાનીનો ફત્વો. કુરઆને અઝીમના સદકામાં તેઓનું રક્ષણ થતું રહે.**

**બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ**

અય વડાઈમાં વિના જોડના ! તુ પવિત્ર છે અને દરેક એબ, જુઠ અને નાલાયક વાતના ડાઘાથી તું સ્વચ્છ છે. હું તારા વખાણ કરૂં છું, એવા વખાણ જે તારા વખાણ માટે આજેઝીનો આધિન થયો હોય. હું તારા શુક્ર કરૂં છું અને તે એવા શુક્ર કરનારા જેવા જે તન, મનથી લીન થયા હોય. અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ જેઓ તારા નબીઓના ખત્મ કરવાવાળા અને તારા ઝમીન અને આસમાનવાળાઓમાં સૌથી બહેતર છે અને તેઓની આલ અને અસ્હાબ જે તારા વિણી લીધેલામાં ઉમદા છે અને જે કયામતના દિવસ સુધી તેઓના તાબેદાર થયા, તે સર્વ ઉપર દુરૂદ અને સલામ હોજો. હમ્દ અને સલાત બાદ, હું આ રિસાલાથી વાકેફ થયો, જેને ફાઝિલ અલ્લામહ અને સમજણના સમુદ્રે લખ્યો છે, જેણે અલ્લાહનું મજબૂત દોરડુ પકડયું છે.

..........................

બાદશાહના હુકમ વગર કોઈ મુરતદને કત્લ કરે, તો બાદશાહે તેને સજા કરવી જોઈએ. જ્યારે ઈસ્લામી સલ્તનતમાં આવો હુકમ છે, તો પછી ગૈરમુસ્લીમ સલ્તનતમાં કેમ ન હશે ? કારણ કે મુરતદના કત્લ કરનારને ગૈરમુસ્લિમ હાકિમો જરૂર જ કત્લ કરશે. તો આમાં પોતાના હાથોથી પોતાની જાનને હલાકતમાં નાખવું છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે તમારા હાથે તમારી જાતને હલાકતમાં ન નાંખો અને પોતાની મુસ્લિમ નફસને એક કાફિરના જાનના બદલામાં કત્લને માટે રજા ન કરો. સય્યદના ઉમર અને સય્યદના અબ્દુલ્લાહ બિન ઉમર રદીયલ્લાહો તઆલા અન્હોમાની હદીસમાં છે કે રસુલે ખુદા સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમે (અનુ. પેજ ૭૯ પર)

الحافظ منار الشريعة والدين + من قصرت لسان البلاغة عن بلوغ شكره + وعجز عن القيام بحقه وبرّه + الذى افتخر لوجوده الزمان + مولانا الشيخ **احمد رضا خان** + لازال سالكا سبيل الرشاد + وناشرا لوية الفضل على رؤس العباد + وادامه الله للذب عن الشريعة الغراء ومكّن حسامه من رقاب الاعداء + فوجدتها قد هدمت معظم اركان عقائد المفسدين المرتدين + الذين ارادوا ان يطفؤا نور الله بافواههم ويأبى الله الا ان يتم نوره ارغاما لانوف الحاسدين وقد اودعت الحكمة وفصل الخطاب + اذ هى مسلّمة عند اولى الالباب + ولا عبرة بمن انكر عليها ممّن اضله الله وختم على سمعه وقلبه وجعل على بصره غشاوة فمن يهديه من بعد الله + **شعر**

| | |
|---|---|
| قد تنكر العين ضوء الشمس من رمد | وينكر الفم طعم الماء من سقم |

والله انهم قد كفروا + وعن ربقة الدين قد خرجوا + فتعسا لهم واضل اعمالهم + اولئك الذين لعنهم الله فاصمهم واعمى ابصارهم + نسأله السلامة من تلك الاعتقادات + والعافية من هاتيك الخرافات فجزى الله مولفها عن المسلمين خير الجزاء + وانعم علينا وعليه بحسن اللقاء + آمين يارب العلمين + قاله بفمه + ورقمه بقلمه + معتقدا له بجنانه + اضعف خلق الله خادم طلبة العلم محمد يوسف الافغانى + بلغه الله الامانى

**(۱۵) صورة مارقمه ذو الفضل والجاه .. اجل خلفاء الحاج المولوى الشاه امداد الله + مدرس الحرم الشريف والمدرسة الاحمدية + بمكة المحمية + مولنا الشيخ احمد المكى الامدادى + لازال محفوظا بامداد الهادى +**

દીન અને શરીઅતના પ્રકાશિત સ્થંભની હિફાઝત કરનાર અને સંભાળ રાખનાર જેનો પુરેપુરો શુક્ર ખુશ ઝબાન સાહિત્યવાળાઓ અદા કરી શકતા નથી, તેમજ તેના હકો અને ઉપકારોની ખિદમતથી પણ તેઓ અશકત છે ! તે જેની હસ્તીથી ઝમાનો નાઝ કરે છે તે મવલાના હઝરત **અહમદ રઝાખાન** છે. તે હિદાયતના માર્ગ ઉપર ચાલતા રહે અને બંદાઓના માથાઓ ઉપર ફઝલના ઝંડાઓ ફેલાવતા રહે. અલ્લાહ તઆલા શરીઅતને મદદ કરવા માટે તેને હંમેશા રાખે અને તેની તલવારને દુશ્મનોના ગળાઓ ઉપર જગ્યા આપે. મને વિગતવાર જણાયું છે કે તેણે ફિસાદ કરનારાઓ અને મુરતદોના અકીદાઓના મોટા મોટા સ્થંભોને ઢાળી પાડયા, જેઓ એમ ઈચ્છતા હતા કે પોતાના મોઢાની ફૂંકથી અલ્લાહનું નુર ઓલવી દે પણ અલ્લાહ પોતાના નુરને પુરૂં કરવા અને ઈર્ષાખોરોની નાક ધૂળમાં રગડવા માંગે છે. આ રિસાલામાં બેશક હિકમત અને તદન ફૈસલો કરનારી વાત અનામત રાખવામાં આવી છે અને તે એ માટે કે અક્કલોની નજદિક તે મકબુલ છે અને જેને અલ્લાહે ગુમરાહ કર્યો અને તેના કાન અને દિલ ઉપર મહોર લગાવી અને તેની આંખો ઉપર પરદો નાંખ્યો, એવાઓમાંથી જો કોઈ આ રિસાલાનો ઈન્કાર કરે, તો તેનો ભરોસો શો ? કેમ કે ખુદાના ગુમરાહ કર્યા બાદ તેને કોણ માર્ગ બતાવે ?

દુખતી હુઈ આખોંકો બૂરા લગતા હે સુરજ, બીમાર જબાનોંકો બૂરા લગતા હે પાની.

ખુદાની કસમ ! બેશક તેઓ કાફિર થઈ ગયા અને દીનથી નીકળી ગયા. તેઓની બરબાદી થાય અને ખુદા તેઓના આમાલોનો નાશ કરે. તે તે લોકો છે જેઓ ઉપર અલ્લાહે લઅનત કરી છે અને જેઓના કાનો બહેરા કરી દીધા છે અને આંખો આંધળી કરી દીધી છે. ખુદાથી દુઆ કરીએ છીએ કે આવા અકીદાઓથી અમને બચાવે અને આવા બેહુદા કલામોથી દૂર રાખે. અલ્લાહ તઆલા આ રિસાલાના કર્તાને મુસલમાનોના તરફથી વધારે સારો બદલો આપે, અમોને તથા તેને ખુદાના દીદારથી હુશ્ન અને ખુબીની નેઅમત અતા ફરમાવે. અય સર્વે જહાનના માલિક ! એવું જ કર. મારા દિલથી એતેકાદ સહિત પોતાની જીભથી મેં કહ્યું અને મારા કલમથી એને લખ્યું.

ખુદાની મખ્લુક પૈકીનો ઘણો જ કમતર અને તાલેબે ઈલ્મોનો ખાદિમ. ખુદાપાક તેની આશાઓ ફળીભૂત કરે. — **મોહંમદ યુસુફ**

---

**(૧૫) સાહેબે ફઝીલતો વજાહત, અજલ્લે ખુલફાએ હાજી મોલ્વી શાહ ઇમદાદુલ્લાહ સાહેબ, હરમ શરીફમાં મદ્રસએ અહમદીયહના મુદર્રિસ મૌલાના શયખ અહમદ મક્કી ઇમદાદીનો ફત્વો. ખુદાની મદદથી તેઓ હંમેશા મહફૂઝ રહે.**

..........................

(અનુ. પેજ ૭૭ થી ચાલુ) ફરમાવ્યું કે "ખરેખર કોઈ મુસલમાનના માર્યા જવા કરતાં તમામ દુનિયાનું જતું રહેવું અલ્લાહની નઝદિક ઘણુંજ વિશેષ હલકું છે". તિરમિઝી અને નસાઈએ મજકુર રિવાયત કરી છે જેથી આ બાબતમાં તમો ખૂબ હોશિયાર રહો અને જે જગ્યાએ આવા કત્લના હુકમો જાહેર હોય, તો તે ખાસ ઝમાનાના બાદશાહો અને હાકિમો માટે જ છે, જેવું કે એ જ ફત્વામાં કેટલાક ઉલમાએ કિરામે એનો ખુલાસો કરી દીધો છે.

بسم الله الرحمن الرحيم

لله الحمد والآلاء من شيد اركان الاسلام ونصب اعلامها وضعضع بنيان اللئام ونكس ازلامها + وجعل سيدنا محمدا للرسل قفلها وللانبياء ختامها + اشهد ان لا اله الا الله وحده لا شريك له اله واحد صمد تنزه عن جميع النقائص وعما ينفوه به اهل الزيغ والشرك تعالى الله عما يقول الظلمون + واشهد ان سيدنا ومولانا محمدا خير الخلق قاطبة الذي خصه الله بعلم ما كان وما يكون وهو الشفيع المشفع وبيده لواء الحمد آدم ومن دونه تحت لوائه يوم يبعثون وبعد فيقول العبد الضعيف + الراجي لطف ربه اللطيف + احمد المكي الحنفي القادري + الجشتي الصابري الامدادي + اني اطلعت على هذه الرسالة + المشتملة على اربع توضيحات المؤيدة بالادلة القاطعة والبراهين المبرهنة بالكتاب والسنة + كانها اسنة في قلوب الملحدين فرأيتها صمصامة ماضية على رقاب الكفرة الفجرة الوهابيين فجزى الله مؤلفها خير الجزاء وحشرنا الله واياه تحت لواء سيد الانبياء + كيف لا وهو البحر الطمطام + اتى بالادلة الصحيحة غير سقام + واحق ان يقال في حقه انه قائم لنصرة الحق والدين + وقمع اعناق الملاحدة والمتمردين + الا وهو التقي الفاضل والنقي الكامل / عمدة المتاخرين + واسوة المتقدمين + فخر الاعيان / مولانا المولوي الشيخ **محمد احمد رضا خان** + كثر الله امثاله ومنع المسلمين + بطول حياته آمين + لا ريب

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

તેના જ માટે વખાણ અને ઉપકારો જેણે ઈસ્લામના સ્થંભો મજબૂત કર્યા, તેના નિશાનો કાયમ કર્યા અને નીચ માણસોની બાંધણી હલાવી નાખી અને તેમનાં પાસાઓ અવળા કર્યા. અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમને નબુવતના દરવાજા બંધ કરવાવાળા અને રસુલોમાં છેલ્લા રસુલ કર્યા. હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ મઅબુદ નથી. તે પોતે એકલો છે, તેનો કોઈ ભાગીદાર નથી. તે બેમિસ્લ, સમદ (બેપરવાહ) છે. ઉલટા રસ્તાવાળા અને શિર્કવાળા જે બકે છે, તે તમામ ઐબોથી અને બુરી વાતોથી તે પાક છે. ઝાલીમો કહે છે તેના કરતાં અલ્લાહ વધારે બલંદીવાળો છે અને હું ગવાહી આપું છું કે અમારા સરદાર આકા મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ તમામ મખલુકથી અત્યંત શ્રેષ્ઠ છે; જેઓને ખુદા તઆલાએ જે કાંઈ થયું અને જે કાંઈ થશે, તે સર્વ વાતોનું વિશેષ જ્ઞાન આપ્યું. તેઓ શફાઅત કરનાર છે અને તેઓની શફાઅત કબૂલ છે અને તેઓના જ હાથમાં હમ્દનું નિશાન છે. કયામતના દિવસે હઝરત આદમ અલયહિ–સ્સલાતો વસ્સલામ અને તેઓના બાદ બીજા જેટલા પયગમ્બરો છે, તે સર્વ તેમના નિશાન નીચે ઊભા રહેશે. અલયહિમુસ્સલાતો વસ્સલામ. હમ્દ અને સલાત બાદ નાચીઝ બંદો પોતાના મહેરબાન રબની મહેરબાનીનો ઉમેદવાર **અહમદ મક્કી હન્ફી, કાદરી, ચિશ્તી, સાબેરી, ઇમદાદી** કહે છે કે હું આ રિસાલાથી વાકેફ થયો, જેમાં ચાર વર્ણનો આપવામાં આવ્યા છે અને સાચી દલીલોથી મજબૂત છે અને તેમાં એવા દાખલા આપવામાં આવ્યા છે જે કુરઆન અને હદીષથી સાબિત છે, તે બેદીનોના દીલો માટે ભાલા સમાન છે. કાફિર, ફાજેર વહાબીઓની ગરદનો માટે તો તે તેજ તલવાર જેવા છે. ખુદા તઆલા તેના કર્તાને સૌથી સારો બદલો આપે અને કયામતના દિવસે અમોને તથા તેઓને રસુલે ખુદા સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમના નિશાન નીચે જગ્યા આપે અને તે એવો કેમ ન હોય ! કે તે ઈલ્મનો અથાગ સમુદ્ર છે અને તે એવી સાચી દલીલો લાવ્યો છે, જેમાં કાંઈપણ ભૂલ નથી અને એવું તેના હકમાં કહેવું તદન વાજીબ છે કે સાચા દીનને મદદ કરનાર તથા બેદીનો અને ગુમરાહોની ગરદનોને તોડવા ઉપર કાયમ કરાયો છે. સાંભળો ! તે પરહેઝગાર, ફાઝિલ સ્વચ્છ અને કામિલ છે/પાછલાઓનો વિશ્વાસપાત્ર અને આગલાઓને ડગલે ડગલે ચાલનાર, મોટાઓને નાઝ કરવા લાયક/મૌલાના મૌલ્વી હઝરત **મોહંમદ અહમદ રઝાખાન** છે. અલ્લાહ તેઓના જેવા બીજા અનેક પેદા કરે અને મુસલમાનોને તેઓના લાંબા આયુષ્યથી ફાયદો પહોંચાડે. અય અલ્લાહ ! એવું જ કર. આમાં કાંઈ પણ શંકા નથી

ان هؤلاء مكذبون للادلة صريحاً فيحكم عليهم بالكفر فعلى الامام ايد الله به الدين وقصهم بسيف عدله اعناق الطغاة والمبتدعة المفسدين كهؤلاء الفرق الضالة الباغين والزنادقة المارقين ان يطهر الارض من امثالهم ويريح الناس من قبائح اقوالهم وافعالهم وان يبالغ في نصرة هذه الشريعة الغراء التي ليلها كنهارها ونهارها كليلها فلا يضل عنها الا هالك ويشدد على هؤلاء العقوبة الى ان يرجعوا الى الهدى وينكفوا عن سلوك سبيل الردى ويتخلصوا من شر الشرك الاكبر وينادي على قطع دابرهم ان لم يتوبوا بالله اكبر فان ذلك من اعظم مهمات الدين ومن افضل ما اعتنى به فضلاء الائمة وعظماء السلاطين وقد قال الامام الغزالي رحمة الله في نحو هؤلاء الفرق ان القتل منهم افضل من قتل مائة كافر لان ضررهم بالدين اعظم واشد اذ الكافر تجتنبه العامة لعلمهم بقبح ماله فلا يقدر على غواية احد منهم واما هؤلاء فيظهرون للناس بزي العلماء والفقراء والصالحين مع انطوائهم على العقائد الفاسدة والبدع القبيحة فليس للعامة الا ظاهرهم الذي بالغوا في تحسينه واما باطنهم المملو من تلك القبائح والخبائث فلا يحيطون به ولا يطلعون عليه لقصورهم عن ادراك المخائل الدالة عليه فيغترون بظواهرهم ويعتقدون بسببها فيهم الخير فيقبلون ما يسمعون منهم من البدع والكفر الخفي ونحوهما ويعتقدون

---

له هذا الى سلطان الاسلام لا غير كما تقدم التصريح به انفا اه

કે આ ટોળીઓ ખુલ્લી રીતે દલીલોને ઝૂઠલાવે છે તેથી તેમના ઉપર કુફ્રનો હુકમ લગાડવામાં આવશે. ઈસ્લામના સુલતાન ઉપર (અલ્લાહ તેઓથી દીનને ટેકો આપે અને જેમ આ ગુમરાહ ફિરકા દેહરીયહ બેદીન તાબેદારીથી નીકળી ગયા છે, તે પ્રમાણે ગુમરાહ બદમઝહબો ફિસાદીઓની ગરદનોને ઈન્સાફની તલવારથી કાપી નાખે) વાજીબ છે કે આવાઓની નાપાકીથી જમીનને પાક કરે અને તેઓની વાતો અને કામોની બુરાઈઓથી લોકોને છુટકારો આપે અને આ રોશન શરીઅતની મદદમાં હદથી વધુ પ્રયત્ન કરે, જેની રોશની એવી છે કે તેની રાત પણ દિવસ થઈ રહી છે અને જ્યારે રાત આ પ્રમાણેની છે, તો તેના દિવસની રોશનીનું શું કહેવાનું હોય ! આવી શરીઅતથી કોણ ભટકશે ? તે જ જે બરબાદ થયો. વળી ઈસ્લામી સુલતાન ઉપર વાજીબ છે કે આ લોકો જ્યાં સુધી હક તરફ પાછા ન ફરે અને બરબાદીના રસ્તે ચાલતા ન બચે અને પોતાના ભયંકર કુફ્રની બુરાઈથી છૂટકારો ન મેળવે ત્યાં સુધી તેને સખ્ત સજા કરે અને તૌબા ન કરે તો તેઓની જડ કાપવા માટે અલ્લાહો અકબરની ગર્જના કરે અને તે એટલા માટે કે દીનના સૌથી અગત્યના કામોમાંથી છે. વળી તે અફઝલ વાતોમાં છે કે ફઝિલતવાળા ઈમામો અને ઈઝઝતવાળા સુલતાનોએ તેનો બંદોબસ્ત રાખ્યો છે અને બેશક ઈમામ ગિઝાલી રહમતુલ્લાહે તઆલા અલયહે એવા જ ફિરકાઓને માટે ફરમાવ્યું છે કે તેઓમાંથી એકનું કત્લ કરવું, હાકિમ★ માટે હઝાર કાફેરોના કત્લથી બહેતર છે. **(સબબ) કે દીનમાં તેમનું નુકશાન અતિશય હાનીકર્તા છે અને એ માટે કે ખુલ્લા કાફિરથી સામાન્ય લોકો બચે છે, જાણે છે કે તેનું પરિણામ ખરાબ છે, એટલે તે કોઇને ગુમરાહ કરી શકતો નથી અને આ તો લોકોની સામે આલિમો, ફકીરો અને નેક લોકોના વેશમાં જાહેર થાય છે અને દિલમાં આ બધા ફાસિદ અકીદા અને બૂરી બિદઅતો ભરી હોય છે, જેથી આમ લોકો તો (ફકત) તેમનું જાહેર જ દેખે છે કે જે (દેખાવને) તેમણે સારો બનાવ્યો છે અને તેઓના અંદરખાને જે બુરાઇઓ અને ખબીષ આદતો ભરેલી છે તેને તેઓ પૂરી રીતે જાણતા નથી બલ્કે તેનાથી વાકેફ જ હોતા નથી, કારણ કે જેનાથી તેના છૂપા હાલ જાણવામાં આવે તે સાધનો સુધી તેઓની પહોંચ નથી.** એટલે પછી તેઓના જાહેરી દેખાવથી ધોકો ખાઈ જાય છે અને તે સબબે તેઓને સારા સમજી લે છે, જેથી જે બદમઝહબીઓ અને છૂપા કુફ્ર તેઓથી સાંભળે છે, તેને સ્વીકારી લે છે ...........................

★ એ ખાસ સુલ્તાને ઈસ્લામનું કામ છે, બીજા કોઈનું નથી જેવું કે હમણા હમણાં ખુલાસો કર્યો.

કે આ ટોળીઓ ખુલ્લી રીતે દલીલોને ઝૂઠલાવે છે તેથી તેમના ઉપર કુફ્રનો હુકમ લગાડવામાં આવશે. ઈસ્લામના સુલતાન ઉપર (અલ્લાહ તેઓથી દીનને ટેકો આપે અને જેમ આ ગુમરાહ ફિરકા દેહરીયહ બેદીન તાબેદારીથી નીકળી ગયા છે, તે પ્રમાણે ગુમરાહ બદમઝહબો ફિસાદીઓની ગરદનોને ઈન્સાફની તલવારથી કાપી નાખે) વાજીબ છે કે આવાઓની નાપાકીથી જમીનને પાક કરે અને તેઓની વાતો અને કામોની બુરાઈઓથી લોકોને છુટકારો આપે અને આ રોશન શરીઅતની મદદમાં હદથી વધુ પ્રયત્ન કરે, જેની રોશની એવી છે કે તેની રાત પણ દિવસ થઈ રહી છે અને જ્યારે રાત આ પ્રમાણેની છે, તો તેના દિવસની રોશનીનું શું કહેવાનું હોય ! આવી શરીઅતથી કોણ ભટકશે ? તે જ જે બરબાદ થયો. વળી ઈસ્લામી સુલતાન ઉપર વાજીબ છે કે આ લોકો જ્યાં સુધી હક તરફ પાછા ન ફરે અને બરબાદીના રસ્તે ચાલતા ન બચે અને પોતાના ભયંકર કુફ્રની બુરાઈથી છૂટકારો ન મેળવે ત્યાં સુધી તેને સખ્ત સજા કરે અને તૌબા ન કરે તો તેઓની જડ કાપવા માટે અલ્લાહો અકબરની ગર્જના કરે અને તે એટલા માટે કે દીનના સૌથી અગત્યના કામોમાંથી છે. વળી તે અફઝલ વાતોમાં છે કે ફઝિલતવાળા ઈમામો અને ઈઝઝતવાળા સુલતાનોએ તેનો બંદોબસ્ત રાખ્યો છે અને બેશક ઈમામ ગિઝાલી રહમતુલ્લાહે તઆલા અલયહે એવા જ ફિરકાઓને માટે ફરમાવ્યું છે કે તેઓમાંથી એકનું કત્લ કરવું, હાકિમ★ માટે હઝાર કાફેરોના કત્લથી બહેતર છે. **(સબબ) કે દીનમાં તેમનું નુકશાન અતિશય હાનીકર્તા છે અને એ માટે કે ખુલ્લા કાફિરથી સામાન્ય લોકો બચે છે, જાણે છે કે તેનું પરિણામ ખરાબ છે, એટલે તે કોઇને ગુમરાહ કરી શકતો નથી અને આ તો લોકોની સામે આલિમો, ફકીરો અને નેક લોકોના વેશમાં જાહેર થાય છે અને દિલમાં આ બધા ફાસિદ અકીદા અને બૂરી બિદઅતો ભરી હોય છે, જેથી આમ લોકો તો (ફકત) તેમનું જાહેર જ દેખે છે કે જે (દેખાવને) તેમણે સારો બનાવ્યો છે અને તેઓના અંદરખાને જે બુરાઇઓ અને ખબીષ આદતો ભરેલી છે તેને તેઓ પૂરી રીતે જાણતા નથી બલ્કે તેનાથી વાકેફ જ હોતા નથી, કારણ કે જેનાથી તેના છૂપા હાલ જાણવામાં આવે તે સાધનો સુધી તેઓની પહોંચ નથી.** એટલે પછી તેઓના જાહેરી દેખાવથી ધોકો ખાઈ જાય છે અને તે સબબે તેઓને સારા સમજી લે છે, જેથી જે બદમઝહબીઓ અને છૂપા કુફ્ર તેઓથી સાંભળે છે, તેને સ્વીકારી લે છે

..........................

★ એ ખાસ સુલ્તાને ઈસ્લામનું કામ છે, બીજા કોઈનું નથી જેવું કે હમણા હમણાં ખુલાસો કર્યો.

للمائلين انه الحق فيكون ذلك سببا لاضلالهم وغوايتهم فلهذه المفسدة العظيمة قال الامام الولي محمد الغزالي عليه رحمة الباري ان قتل الواحد[١٥] من امثال هؤلاء افضل من قتل مائة كافر وكذا في المواهب اللدنية ان من انتقص من شان النبي صلى الله تعالى عليه وسلم فيقتل فكيف من عاب الله والنبي صلى الله تعالى عليه وسلم من باب اولى فالى الله المشتكى والنجوى اللهم ارنا حقائق الاشياء كما هي واحفظنا عن الغواية واهلها ربنا لا تزغ قلوبنا بعد اذ هديتنا وهب لنا من لدنك رحمة انك انت الوهاب + واغفر لنا ولوالدينا ومشايخنا يوم الحساب + وارزقنا رضاك واجعلنا مع الذين انعمت عليهم من الاحباب + هذا ما قاله بلسانه + وزبره ببنانه + الراجي عفو ربه الباري احمد المكي الحنفي ابن الشيخ محمد ضياء الدين القادري الجشتي الصابري الامدادي المدرس بالحرم الشريف المكي وبالمدرسة الاحمدية بمكة المحمية سنة ١٣٢٤ غفر الله ذنوبهما وكان له ناصرا ومعينا حامدا ومصليا مسلما.



(١٦)

## صورة ما حرره العالم العامل والفاضل الكامل مولانا محمد يوسف الخياط - ادامه الله على سواء الصراط

بسم الله الرحمن الرحيم

الحمد لله وحده + والصلاة والسلام على من لا نبي بعده + سيدنا محمد صلى الله تعالى عليه وسلم من وجد من هؤلاء الاصناف الذين حكى عنهم حضرة الفاضل المؤلف احمد رضا خان شكر الله سعيه ما في هذه الرسالة

١٥ تقدم مرارا ونفس هذا الكلام انه ليس لغير سلطان الاسلام اهـ

અને હક સમજી તેના ઉપર અકીદો રાખે છે, માટે એ જ તેઓના ભટકાવવા અને ગુમરાહ કરવાના કારણ થઈ પડે છે. જેથી આ મોટા ફિસાદના સબબે અલ્લાહને ઓળખવાવાળા ઈમામ મોહંમદ ગિઝાલી રહમતુલ્લાહે તઆલા અલયહે ફરમાવ્યું કે "આવામાંથી એકને કત્લ કરવું, હજાર કાફિરોના કત્લથી હાકિમ માટે વધુ શ્રેષ્ઠ છે." અને આવું *'મવાહિબે લદુન્નીયા'* માં છે કે "જે નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમની શાન ઘટાડે તેને કત્લ કરવામાં આવે," તો (પછી) અલ્લાહ અઝઝ વ જલ્લ અને નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમને એબ લગાડે તેનો શું હાલ છે ? તે પહેલા દરજ્જાની મોતની સજાના હકદાર છે. અલ્લાહથી જ દુઆ અને તેનાથી જ ફર્યાદ છે ! ઈલાહી ! દરેક ચીઝની હકીકત અમને જેવી હોય, તેવી દેખાડ અને અમને ગુમરાહી અને ગુમરાહોથી બચાવ. ઈલાહી ! તેં અમને જ્યારે હિદાયત આપી, તો પછી અમારા દીલો અવળા ન કર અને અમોને તારી પાસેથી રેહમત આપ. બેશક તું જ ઘણું આપવાવાળો છે અને અમોને અમારા મા–બાપ અને અમારા ઉસ્તાદોને કયામતના દિવસે બખ્શી દેજે અને અમોને તારી ખુશનુદી નસીબ કર અને અમોને તે દોસ્તોની સાથે કર જેઓની ઉપર તેં ઉપકાર કર્યો છે. પોતાના પેદા કરનાર માલિકની માફીનો ઉમેદવાર અહમદ મક્કી હન્ફી ઈબ્ને શયખ મોહંમદ ઝિયાઉદ્દીન કાદરી, સાબિરી, ઈમદાદી જે હરમ શરીફ અને મક્કા મોઅઝઝમાના અહમદીયહ મદ્રસામાં પઢાવે છે, તેઓએ પોતાની જીભથી આ કહ્યું અને પોતાના હાથે લખ્યું. અલ્લાહ તે બંનેના ગુનાહ બખ્શે અને તેઓનો કાયમનો મદદગાર થાય. વખાણ કરતો અને દુરૂદ સલામ મોકલતો.

અહમદ મક્કી
કાદેરી ઈમદાદી

---

**(૧૬) આલિમે બાઅમલ, ફાઝિલે કામિલ, મૌલાના મોહંમદ બિન યુસુફ ખૈયાતનો ફત્વો. અલ્લાહ તેઓને સીધા માર્ગ ઉપર કાયમ રાખે.**

### બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

ખાસ અલ્લાહના માટે જ વખાણ છે અને તેઓ ઉપર કે જેઓની બાદ કોઈ નબી નથી એટલે અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ ઉપર દુરૂદ અને સલામ હોજો. હઝરત ફાઝિલ કર્તા **અહમદ રઝાખાન** કે અલ્લાહ તેઓની કોશીશ કબૂલ કરે, જેનો હાલ આ જાતોમાંથી મળી આવે જે આ રિસાલામાં

من هذه المنكرات الفاحشة + التي في غاية الغرابة + التي لا يصدر
مثلها عمن يومن بالله واليوم الآخر لا شك انهم ضالون مضلون
كفار يخشى منهم الخطر العظيم على عوام المسلمين + خصوصا في الاصقاع
التي لا ينصح حكامها الدين + لكونهم ليسوا من اهله ويجب على كل
مسلم التباعد عنهم كما يتباعد من الوقوع في النار وعن الاسود الفاتكة
ويجب على كل من قدر من المسلمين على خذلانهم + وقمع فسادهم +
ان يقوم بما استطاع من ذلك كما فعل حضرة المؤلف الفاضل شكر
الله سعيه وله اليد الطولى عند الله ورسوله ﷺ
والله تعالى اعلم كتبه الحقير محمد بن يوسف خياط

محمد يوسف

## ١٧ صورة ما كتبه الشيخ الجليل المقدار + الرفيع المنار + مولانا الشيخ محمد صالح بن محمد بافضل ادام الله فيوضه على الصغار والكبار +

بسم الله الرحمن الرحيم

احمدك اللهم يا مجيب كل سائل + واصلي واسلم على من هو لنا اليك
اشرف الوسائط والوسائل + رغما على انف كل مجادل معاند + وطردا
لكل مصادر في ذلك ومطارد + واسئل الرضا عن العلماء الاماثل القائمين
بخدمة الشريعة فلا احد لهم في ذلك مماثل + اما بعد
فان الله جلت عظمته + عظمت منته + قد وفق من اختاره
من عباده للقيام بخدمة هذه الشريعة الغراء + وامدهم بثواقب
الافهام فاذا اظلم ليل الشبهة اطلع من سماء علمه بدرا + وهو
العالم الفاضل + الماهر الكامل + صاحب الافهام الدقيقة +

નકલ કર્યું છે, તેમાં આ ગંદી નાપાક વાતો છે, જે હદ દરજ્જે અચંબાની છે અને જે અલ્લાહ અને કયામત ઉપર ઈમાન લાવતો હોય, એવા કોઈ માણસથી કદી જાહેર થશે નહી. કોઈ શંકા નથી કે તેઓ ગુમરાહ છે, ગુમરાહ કરવાવાળા છે, કાફિરો છે. આમ મુસલમાનો ઉપર તેઓથી સખ્ત નુકસાનનો ભય છે. ખાસ કરી તે શહેરોમાં કે જ્યાંના સત્તાધિશો દીને ઈસ્લામની મદદ કરતા નથી. સબબ કે તેઓ પોતે મુસલમાન નથી. જે પ્રમાણે આદમી આગમાં પડતાં અને ભયંકર ઘાતકી જાનવરોથી દૂર રહે છે, તે જ પ્રમાણે દરેક મુસલમાનો પર તેઓથી દૂર રહેવું ફર્ઝ છે અને મુસલમાનોમાંથી જેનાથી થઈ શકે, તે તેવા લોકોને નાબૂદ કરે અને તેઓની ફિસાદની જડ ઉખેડી શકે, તેઓ ઉપર ફર્ઝ છે કે પોતાની પૂરી તાકાત સુધી તે ફર્ઝને બજાવી લાવે, જેવી રીતે હઝરત ફાઝિલ કર્તાએ કર્યું છે. અલ્લાહ તેઓની મહેનત શુક્રને પાત્ર કરે અને અલ્લાહ અને રસુલની આગળ મઝકુર કર્તાની મોટી કદર છે. વલ્લાહ તઆલા આલમ. રાકિમ **હકીર મોહંમદ બિન યુસુફ ખૈયાત.**

મોહંમદ
યુસુફ

---

**(૧૭) હઝરત વાલા મંઝિલત, બલંદ રફઅત, હઝરત મોહંમદ સાલેહ બિન મોહંમદ બાફઝલનો ફત્વો. અલ્લાહ સર્વ નાના મોટા ઉપર એઓનો ફયઝ રાખે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

અય અલ્લાહ ! અય દરેક માંગનારનું સાંભળવાવાળા ! હું તારા વખાણ કરૂં છું અને દરેક ઝગડો કરનાર હઠધર્મીનું નાક ધૂળમાં રગદોળવા માટે અને તે બાબતમાં જે મુકાબલો અને સામે થાય તેને દૂર હાંકવાને તારા દરબારમાં જે અમારા માટે સૌથી શ્રેષ્ઠ વાસ્તા અને વસીલા છે, તેઓ ઉપર દુરૂદ અને સલામ મોકલું છું. હું તારાથી સવાલ કરૂં છું કે શરીઅતની ખિદમતમાં જે બેમિશાલ દ્રઢતાથી કાયમ રહ્યાં છે તે ઉમદા આલિમો ઉપર તારી મહેરબાની થાવ. જેની અઝમત મોટી અને મોટા ઉપકારો છે, તેવા અલ્લાહ અઝઝ વ જલ્લની હમ્દ અને સલાત બાદ પોતાના પસંદ કરેલા બંદાને આ રોશન શરીઅતની ખિદમતની તવફીક બખ્શી અને બારીકીઓને સમજવાની અક્કલ આપી, તેની મદદ કરી કે જ્યારે કદી શંકાની રાત અંધારૂ નાંખે, તો તે પોતાના ઈલ્મના આસ્માનથી એક પૂરો ચંદ્ર ચળકાવે છે અને તે આલિમ ફાઝિલ પૂરા જાણીતા અને બારીકીઓ સમજવાવાળા,

والمعانى الرفيعة، حضرة المؤلف لكتابه الذى سماه المعتمد المستند + وتصدى فيه للرد على اهل البدع والكفر والضلال بما فيه مقنع لذوى البصائر ومن هو بطريق الحق لا يجحد + وهو الامام احمد رضا خان وبين فى رسالته هذه التى تصفحتها مختصر كتابه المذكور وبين لنا اسماء ورؤساء الكفر والبدع والضلال مع ما هم عليه من المفاسد واكبر المصائب فباؤا بخسران مبين + وعليهم الوبال الى يوم الدين + فقد احسن المؤلف فى ابتداع هذا التصنيف + واجاد فى اختراع هذا الترصيف + فشكر الله سعيه وامده بالبراهين + لقمع الملحدين + بجاه سيد المرسلين + سيدنا محمد صلى الله عليه وعلى آله واصحابه اجمعين + آمين يا رب العلمين + رقمه الراجى عفو ربه ذو الفضل + محمد صالح بن محمد بافضل +




## ١٨ صورة ما زبره الفاضل الكامل ذو محاسن الشمائل والفيض الربانى مولانا الشيخ عبد الكريم الناجى الداغستانى حفظ من شر كل حاسد وشانى +

بسم الله الرحمن الرحيم

الحمد لله رب العالمين + والصلاة والسلام على سيدنا محمد وآله وصحبه اجمعين + اما بعد فان هؤلاء المرتدين + قد مرقوا من الدين كما يمرق الشعرة من العجين + كما قاله النبى الامين + وكما صرح به صاحب هذه الرسالة المسطرة بل هم الكفرة الفجرة + فقتلهم واجب على من له حكم ونصل وافر + بل هو افضل من قتل الف كافر + فهم الملعونون + وفى سلك الخبثاء منخرطون +

٥١ وهو سلطان الاسلام فى ممالك الاسلام اعز الله نصره الى يوم القيام اما عامة المسلمين فانما لهم الرد باللسان + والحذر بالجنان + وتنفير الاخوان + عن استماع كلام كل شيطان + وانما يكلف الله نفسا وسعها ١٢ منه

મોટા અર્થવાળા/અને તે ઈમામ **અહમદ રઝાખાન** છે. આ કિતાબના કર્તા, જેનું નામ તેઓએ *અલ મોઅતમદુલ મુસ્તનદ* રાખ્યું છે અને જેમાં બદ મઝહબો, કાફિરો અને ગુમરાહોનું એવું ખંડન કર્યુ કે તે જેઓને દિલની આંખો મળી અને જેઓને હકથી ઈન્કાર નથી તેમના માટે પૂરતુ છે. તે આ રિસાલામાં જેની મેં તપાસ કરી, જેમાં પોતાની મઝકુર કિતાબનો ખુલાસો કર્યો અને કુફ્ર, બદમઝહબી અને ગુમરાહીના તે સરદારોના નામો તેઓના તે ફિસાદો સાથે બયાન કર્યા, જેઓ સૌથી મોટી મુસીબતો અખત્યાર કરી ખુલ્લા નુકશાનમાં પડયા અને કયામતના દિવસ સુધી તેમના ઉપર આફત છે અને બેશક, કર્તાએ બહુજ સારી કિતાબ પેદા કરી અને આ મજબૂત તરીકો અત્યંત ખૂબીનો કાઢયો જેથી અલ્લાહ તેની કોશિષ કબૂલ કરે અને બેદીનોની જડ ઉખેડવા માટે ખરી દલીલોથી સૈયદુલ મુરસલીન સૈયદના મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમની ઈઝઝત અને શફાઅતના સદકામાં તેમની મદદ કરે. અલ્લાહ તઆલા તેઓની ઉપર તેઓની આલ અને અસ્હાબ ઉપર દુરૂદ મોકલે. અય તમામ જહાનના પરવરદિગાર ! કબૂલ કર. પોતાના માલિકથી માફી અને ફઝલનો ઉમેદવાર મોહંમદ સાલેહ બિન મોહંમદ બા ફઝલે આ લખ્યું.

મોહંમદ
સાલેહબિન
મોહંમદ
બા ફઝલ

---

**(૧૮) ફાઝિલ કામીલ, નેકો ખસાઇલ, સાહેબે ફયઝે યઝદાની મૌલાના હઝરત અબ્દુલ કરીમ નાજી દાગસ્તાનીનો ફત્વો. (જેઓ) દરેક અદેખા અને દુશ્મનના તોફાનથી મહફુઝ રહે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

સર્વ ખુબીઓ તે અલ્લાહને છે, જે તમામ જહાનનો માલિક છે અને અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ અને તેઓની આલ અને અસ્હાબ ઉપર દુરૂદ અને સલામ હોજો. હમ્દ અને સલાત બાદ માલુમ થાય કે જેવું નબીએ અમીન સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમે ફરમાવ્યું અને જેવું આ પાક રિસાલાના કર્તાએ ખુલ્લે ખુલ્લુ દર્શાવ્યું તે પ્રમાણે આ મુરતદ લોકો દીનથી એવા નીકળી ગયા જેમ બાંધેલા લોટમાંથી વાળ નીકળી જાય છે બલ્કે તેઓ બદકાર કાફિર છે. ઈસ્લામનો સુલતાન, જે સજા[1] દેવાનો અખત્યાર અને સાધનો રાખે છે, તેની ઉપર તેઓનું કત્લ વાજીબ છે. બલ્કે તે હજાર કાફિરોના કત્લની બહેતર છે, કેમકે તે જ લોકો મલઉન છે અને ખબીસોની હારમાં બંધાએલા છે જેથી તેઓ ઉપર અને

.........................

૧. તે ઈસ્લામી સલતનતોમાં ઈસ્લામનો બાદશાહ છે. (અલ્લાહ તઆલા તેને ઈઝઝત આપે અને કયામતના દિવસ સુધી તેની મદદ અને નુસરત ફરમાવે) આમ મુસલમાનો તો ફકત તેઓનું જીભથી ખંડન અને દિલથી પરહેઝ કરે અને પોતાના ભાઈઓને દરેક શયતાનની વાતથી નફરત અપાવે કે અલ્લાહ તઆલા કોઈ જાનને તેની તાકતથી વિશેષ તકલીફ આપતો નથી.

فلعنة الله عليهم وعلى اعوانهم + ورحمة الله وبركاته على من
خذلهم فى اطوارهم + هذا + وصلى الله على سيدنا محمد
واله وصحبه اجمعين + خادم العلم الشريف
فى المسجد الحرام عبد الكريم الداغستانى +

عبد الكريم الناجي

## (١٩) صورة ما سطره الشارب من منهل الايمان اليمانى الفاضل الكامل البالغ منتهى الامانى + مولانا الشيخ محمد سعيد بن محمد اليمانى لازال محفوظا ومحظوظا باطائب التهانى

بسم الله الرحمن الرحيم

نحمدك اللهم حمد اهل ودادك + من وفقتهم للعمل على وفق مرادك +
فادوا ما حملوه من اعباء الديانة + مع شهودهم العجز والاستكانة + ولولا ان
امددتهم بالفتح والاعانة + ونسألك اللهم فى سلكهم انتظاما + ومن مقسم
الفضل معهم اقتساما + ونصلى ونسلم على من فقه وعلم + واوتى جوامع
الكلم + وعلى اله المياميين + واصحابه اصحاب اليمين + **اما بعد**
فان من جلائل النعم التى لا تثبت فى ساحة شكرها ان قيض الشيخ
الامام + والبحر الهمام + بركة الانام + وبقية السلف الكرام + احد ائمة الا
الزهاد + والكاملين العباد + **احمد رضا خان** للرد على هؤلاء
المرتدين + الضالين + المضلين + المارقين من الدين + مروق
السهم من الرمية اذ لا يشك ذو لب فى ردتهم وضلالهم ومروقهم
من الدين + جعل الله التقوى زاده + ورزقنى واياه الحسنى وزيادة
وانا له من الخيرات ما اراده +

તેઓના મદદગારો ઉપર અલ્લાહની લઅનત હોજો અને જે તેઓને અને તેઓના બૂરા રિવાજોને નાબૂદ કરે તેની ઉપર અલ્લાહની રેહમત અને બરકત થાવ. આ ટૂંકમાં સમજી લો અને અલ્લાહ અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ અને તેઓની આલ અને અસ્હાબ સર્વ ઉપર દુરૂદ મોકલે. મસ્જીદે હરામ શરીફમાં ઈલ્મના ખાદિમ **અબ્દુલ કરીમ દાગસ્તાની.**

અબ્દુલકરીમ
નાજી

---

**(૧૯) મુબારક ઇમાનના ચશ્માથી પાણી પીધેલા, ફાઝીલ, કામિલ કે જેઓ અંતિમ આરઝુએ પહોંચેલા છે, (તે) મૌલાના શયખ મોહંમદ સઇદ બિન મોહંમૂદ યમાનીનો ફત્વો. જેઓ હંમેશા સલામત અને પાક ખુશીઓથી નસીબ પર રહે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

અય ખુદા ! અમો તારા એવા વખાણ કરીએ છીએ, જે પ્રમાણે તારા દોસ્તોએ કર્યા, જેઓને પોતાની મુરાદ મુજબ અમલ કરવાની તેં તવફીક આપી. જેથી પોતાની હીંમતના બાહુબળે દીનના જે ભાર તેઓએ ઊઠાવ્યા હતા, તેને અદા કરી દીધા પણ જો તું પોતાની કશાઈશ (આકર્ષણ) અને મહેરબાનીથી મદદ ન ફરમાવતે તો તેઓ પોતાની આજીજી અને મિસ્કીનીને જોઈ રહ્યા હતા. ઈલાહી ! અમો તારાથી માંગીએ છીએ કે તું અમને પણ તે મોતીઓના એક હારમાં પરોવી દે અને ફઝલની વહેંચણીમાં તેઓની સાથે અમને પણ હિસ્સો આપ અને જેમને તેં પોતાના હુકમો શીખવ્યા અને ઈલ્મો આપ્યા અને થોડા પણ અર્થભર્યા કલમા આપ્યા તેઓની ઉપર અને તેઓની મુબારક આલ અને તેઓના અસ્હાબો, જેઓ કયામતના દિવસે જમણી બાજુએ જગ્યા મેળવનારા છે; અમો દુરૂદ અને સલામ મોકલીએ છીએ. હમ્દ અને સલાત બાદ, બેશક તે મોટી નવાજીશો જેના એહસાનના મેદાનમાં અમો ઠરી શકતા નથી; એ છે કે અલ્લાહ તઆલાએ હઝરત ઈમામ મોટી હીંમતના દરિયા, તમામ દુનિયાની બરકત, આગલા કરમવાળાઓની બચત અને યાદગાર, જેઓ દુનિયાથી રગબત વિનાના ઈમામો અને કામિલ આબિદોમાંના એક છે; નામ પ્રમાણે ગુણ ધરાવનારા **અહમદ રઝાખાન** છે તેઓને મુકર્રર ફરમાવ્યા કે આ મુરતદો, ગુમરાહો અને ગુમરાહ કરવાવાળાઓનું ખંડન કરે, જેઓ દીનથી એવા નીકળી ગયા છે, જેવી રીતે કમાનમાંથી તીર નીકળી જાય છે. એટલા માટે કે કોઈપણ અકલવાળો આ લોકોના મુરતદ, ગુમરાહ અને ધર્મથી પદભ્રષ્ટ થવામાં શંકા ન કરશે. અલ્લાહ તઆલા કર્તાનું આખેરતનું સાધન પરહેઝગારી કરે અને મને અને તેઓને જન્નત અને તેથી પણ વધુ નેઅમત અર્પણ કરે અને ઈચ્છા મુજબ તેઓને ભલાઈઓ આપે.

آمین + بجاه الامین رفیعه اقل الخلیقة + بل لا شئ فی الحقیقة + فقیر
رحمة ربه + واسیر وصمة ذنبه + خویدم طلبة العلم فی المسجد الحرام +
سعید بن محمد الیمانی غفر الله له ولوالدیه ولمشائخه
ولجمیع المسلمین - آمین +

سعید بن محمد الیمانی

## (۳۰) صورة ما کتبه الفاضل الحاوی + للدلائل والدعاوی للحائد الزاوی عن کل المساوی + مولینا الشیخ حامد احمد محمد الجداوی + حفظ عن شر کل غبی وغاوی +

بسم الله الرحمن الرحیم

وصلی الله علی سیدنا محمد وعلی آله وصحبه وسلم + الحمد لله العلی الاعلی + الذی جعل کلمة الذین کفروا السفلی + وکلمة الله هی العلیا + سبحنه من اله تنزه وجوبا عن الزور والبهتان + وعن امکان النقائص وسمات الحدوث والامکان + سبحنه وتعالی عما یقول الظلمون علوا کبیرا + والصلوة والسلام علی افضل خلق الله علی الاطلاق + واوسعهم علما واکملهم فی الخلق والاخلاق + من آتاه الله علم الاولین والاخرین وختم به النبوة ختما حقیقیا فهو خاتم النبین + کما علم ذلک من ضروریات الدین + التی ثبتت بسواطع ادلة البراهین + سیدنا ومولانا محمد بن عبد الله الذی هو احمد + المبشر به علی لسان ابن مریم المسیح المفرد الاوحد + صلی الله علیه وعلی جمیع الانبیاء والمرسلین + وعلی آله واصحبه والتابعین + ومن تبعهم باحسان من اهل السنة والجماعة اجمعین + اولئک حزب الله الا ان حزب الله هم المفلحون جعل الله مع التائید والتابید سنتهم واسنتهم والسنتهم

એવું જ કર, તેઓની ઈઝઝતના સદકામાં જેઓ આમીન છે, સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ. મસ્જીદુલ હરામમાં તાલીબે ઈલ્મના નાના સરખા ખાદિમ, કમતરીને ખલાયક, બલ્કે ખરી રીતે નાચીઝ અને પોતાના રબની રહેમતનો મોહતાજ અને પોતાના ગુનાહોની શામતમાં ફસાયલા સઈદ બિન મોહંમદ યમાનીએ આ લખ્યું. અલ્લાહ તેના મા-બાપ, તેના ઉસ્તાદો અને તમામ મુસલમાનોની બખ્શીશ કરે. અય અલ્લાહ ! એવું જ કર.

સઈદ
બિન મોહંમદ
યમાની

---

**(૨૦) જે દલાઇલ અન દોઆના હાવી ફાઝિલ છે અને તમામ બુરાઇઓને અટકાવનાર છે, તે મૌલાના હઝરત હામિદ અહમદ મોહંમદ જદાવીનો ફત્વો. દરેક બુરી સમજના અને ગુમરાહના તોફાનથી બચેલા રહે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

અને અલ્લાહ તઆલા અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ અને તેઓની આલ અને અસ્હાબ ઉપર દુરૂદ અને સલામ મોકલે. સર્વ ખુબીઓ અલ્લાહને છે, જે સૌથી શ્રેષ્ઠ અને મોટો છે, જેણે કાફિરોની વાતને નીચી કરી અને અલ્લાહનો જ બોલ ઊંચો છે, પાકી છે, અને તે એવો ખુદા છે, જે દરેક જુઠ, બોહતાન અને દરેક એબના લાગુ પાડવામાં અને મખ્લુક અને મુમકિનાતની તમામ નિશાનીઓથી જરૂર પાક છે. ઝાલિમ લોકો જે લખી રહયા છે, તે વાતોથી તેને પાકી અને અપાર દરજ્જાની ઘણી મોટાઈ છે અને દુરૂદ અને સલામ તેઓ ઉપર, જેઓ તમામ મખ્લુકાતથી તદન શ્રેષ્ઠ છે અને તમામ દુનિયાથી તેઓનો ઈલ્મ વધુ વિસ્તારવાળો છે અને સૌંદર્ય અને સદાચારની ખુબીઓમાં તમામ દુનિયાથી બહુ કામિલ છે. તેઓને અલ્લાહ તઆલાએ તમામ આગલા પાછલાનો ઈલ્મ અર્પણ કર્યો અને હકીકતમાં તેઓ ઉપર નબુવત ખત્મ કરી, જેથી તે ખાતેમુન્નબીઈન છે, જેવું કે આ દીનની તે જરૂરી વાતોથી માલુમ થઈ ચૂકયું છે, જે પાયેદાર મજબૂત દલીલો અને હુજ્જતોથી સાબિત થઈ ચૂકયું છે. અમારા સરદાર આકા મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ ઈબ્ને અબ્દુલ્લાહ તે અહમદ છે, જેઓની અજોડ અને બેમિસાલ ખુશખબરી મસીહ બિન મરયમની ઝબાનથી અદા થએલી છે. અલ્લાહ તઆલા તેઓ પર અને તમામ અમ્બિયા અને મુરસેલીન અને હુઝુરની આલ અને અસ્હાબ અને તેઓના અનુયાયીઓ અને જે એહલે સુન્નત વ જમાઅત નેકીની સાથે તેઓની પયરવી કરે, (ડગલે ડગલે ચાલે) તે સર્વ ઉપર દુરૂદ મોકલે. આ જ લોકો અલ્લાહની જમાઅત છે. સાંભળી લ્યો ! અલ્લાહની જ જમાઅત મુરાદે પહોંચનાર છે. જે પ્રમાણે કમાનમાંથી તીર નીકળી જાય છે, તે પ્રમાણે જે દીનથી નીકળી ગયા, તેઓની છાતીઓમાં તેઓની (અલ્લાહની જમાઅતની) ચાલો, જબાનો

واتلاہم رماحا فی نحور المارقین من الدین کما یمرق السہم من الرمیۃ یقرؤن
القرآن لایجاوز حناجرہم اولئک حزب الشیطان الا ان حزب الشیطن ہم
الخسرون ۔ **امابعد** فقد طالعت ہذہ البندۃ التی ہی انموذج المعتمد
المستند ۔ فوجد تہا شذرۃ من عسجد ۔ وجوہرۃ من عقود درّ ویاقوت
وزبرجد ۔ قد نظمہا بید الاجادۃ ۔ فی سلک اصابۃ الصواب فی الافادہ ۔
العمدۃ القدوۃ العالم العامل ۔ الحبر البحر الرحب العذب المحیط الکامل ۔ المجتبٰی
المقبول المرتضٰی ۔ محمود الاقوال والافعال مولانا الشیخ **احمد رضا** متعنا
اللہ والمسلمین بحیاتہ ۔ ونفعہ ونفعنا وایاہم فی الدارین ۔ بعلومہ ومصنفاتہ
تدل علی ان اصلہا حجۃ حق بالغۃ ۔ وشمس ہدی باہرۃ بازغۃ ۔ لادمغۃ
الاباطیل دامغۃ ۔ ولظلمات شبہات اہل الزیغ ماحیۃ ماحقۃ حتٰی
ضحت بانوارہا وجہ الحق زاہقۃ ۔ کیف وہی لباب فی بابہا ومصیبۃ فی
جوابہا ۔ اذلاشک ان من تلطخ بالانجاس المنفرۃ من ارجاس بدع العقائد
المکفرۃ ۔ کان حریا بان یکفر ۔ ویحذر عنہ کل احد ولوکافر ویتفر ۔ اذہو
اکبر الکبائر وحاشا ان یکون من الاکابر ۔ بل ہو اصغر الاصاغر ۔ ویجب علی کل عاقل ان
یغطہ ولا یعظم ۔ وکیف ومن یہن اللہ فمالہ مکرمہ ۔ فان صلح حالہ ۔ والا وجب
بالتی ہی احسن جدالہ ۔ فان تاب والا وجب[1] قتلہ وقتالہ ۔ وکان فی مستقر سقر مالہ
الا وان القلم احد اللسانین ۔ وان اللسان احد السنانین ۔ وان حسم رقاب
البدع المکفرۃ احد الحسامین ۔ وان احسان المجادلۃ بقواطع الحجج احد الجہادین ۔
والذین جاہدوا فینا لنہدینہم سبلنا وان اللہ لمع المحسنین ۔ سبحن ربک رب العزۃ
عما یصفون ۔ وسلم علی المرسلین والحمد للہ رب العلمین ۔ محمد حامد احمد

---

[1] ای ان کان القائل شرذمۃ قتلہم سلطان الاسلام وان کانت لہم
فئۃ قاتلہم بجنود الاسلام واما العلماء والعامۃ فلہم الرد علیہ بالتحریر
والتقریر کما افادہ بقولہ الا وان القلم الخ اھ

7

અને કલમોને અલ્લાહ તઆલા હંમેશની મદદ સહિત નેઝાઓ અને ભાલાઓ કરે. તેઓ કુરઆન પઢે છે, પણ તેઓના ગળા નીચે ઊતરતું નથી અને તે જ શયતાનની ટોળી છે. સાંભળી લ્યો ! શયતાનનું જ ટોળું બેશક નુકસાન ઉઠાવનારૂં છે, હમ્દ અને સલાત બાદ મેં આ ટૂંક રિસાલા જે **'અલમોતમદુલ મુસ્તનદ'** નો નમૂનો છે, તેનું અવલોકન કર્યું, તો મેં તેને ચોખ્ખો સોનાનો ટૂકડો જોયો અને તે મોતીઓ અને યાકુત અને હીરાની માળાથી એક જવહર, જેને ખરા બનાવવાના હાથોથી ફાયદો બખ્શવામાં સીધો રસ્તો મેળવવાની માળામાં બાંધ્યો છે. (જે મોતબર પેશ્વા, બાઅમલ આલિમ) ફાઝિલ, ઈલ્મના મીઠા વિશાળ અને મોટા અનાસાગર, પ્યારા અને મકબુલ અને પાસ કરેલા, જેઓની વાતો અને કામો સૌ પાક છે, તે મવલાના હઝરત **અહમદ રઝા** છે. અલ્લાહ તઆલા અમને સર્વ મુસલમાનોને તેઓની જીંદગીથી ફાયદામંદ કરે અને તેઓને અને અમોને તથા તમામ મુસલમાનોને બંને જહાનમાં તેમના ઈલ્મો અને તેઓની લખેલી કિતાબોથી નફો બખ્શે. આ નમૂનો તેની અસલ હકની સંપૂર્ણ દલીલ છે અને હિદાયતનો ચમકતો સુર્ય છે, જેના નૂર ઉપર આંખ ઠરી ન શકે, ખોટી વાતોનું માથુ છુંદનાર અને ઊંધા લોકોની શંકાના અંધકારને મટાડનાર છે. એટલે સુધી કે તેની રોશનીથી ખુદાની કસમ (અંધારૂં) બિલકુલ નાબુદ થઈ ગયું ! કેમ ન હોય ! જ્યારે તે પોતાના બયાનમાં ઈત્ર (અત્તર) છે અને જવાબમાં સીધો રસ્તો મેળવનાર છે. કારણ કે તેમાં શંકા નથી કે જે આ અણખત પેદા કરનારી ગંદકીઓમાં લથડયો, એટલે આ નવા પેદા થયેલા કુફ્રી અકીદાની નાપાકીમાં ભરાયલો છે, તે તે જ લાયક થશે, કે તેને કાફિર કહેવામાં આવે અને તેનાથી દરેક માણસ એટલે સુધી કે (તેનાથી) કાફિરને પણ બચાવવામાં આવે અને તિરસ્કાર ઉત્પન્ન કરવામાં આવે અને તે એ જ માટે કે દરેક મોટા ગુનાહથી પણ તે મોટો ગુનોહ છે અને આવા અકીદાવાળો મોટા લોકોમાં કદીએ ન હોય, બલ્કે તે દરેક બેઈઝઝત પૈકીથી વધુ બેઈઝઝત છે. જેથી દરેક અક્કલવાળા ઉપર વાજીબ છે, તેને સમજાવે અને તેની ઈઝઝત ન કરે અને કેમ ન હોય જેને ખુદા બેઈઝઝત કરે, તેને કોણ ઈઝઝત આપે ? માટે તેની હાલત જો સીધા માર્ગ ઉપર આવી જાય, તો ઠીક અને નહીં તો ઘણી ચોખ્ખી રીતે તેઓથી વિવાદરૂપી લડાઈ કરવી વાજીબ છે. માટે જો તૌબા કરે તો ઠીક અને નહી તો ઈસ્લામી હાકિમ ઉપર ફર્ઝ છે, કે જો તે થોડા હોય, તો તેમને કત્લ★ કરે અને જથ્થો હોય તો લશ્કર મોકલી તેઓની સાથે લડે અને તેઓનુ ઠેકાણું ખરેખર જહન્નમમાં છે. સાંભળો છો ! કલમ પણ એક ઝબાન છે અને જીભ પણ એક ભાલો છે અને કુફ્રી બદમઝહબીઓની ગરદનો કાપવી પણ એક તલવાર છે અને શંકા નથી કે ખુલ્લી દલીલો સહિત સંપૂર્ણ રીતે વિવાદરૂપી લડાઈ કરવી. એ પણ જેહાદની એક શાખ છે અને હક સુબ્હાનહુ ફરમાવે છે : "જે અમારા રસ્તામાં કોશિશ કરે, તેને જરૂર અમારો રસ્તો દેખાડીશું." અને ખરેખર અલ્લાહ તઆલા નેક લોકોની સાથે છે. તે લોકોની વાતોથી તારા રબને પાકી છે, જે ઈઝઝતનો માલિક છે. સર્વ પયગમ્બરોને સલામ અને સર્વ ખુબીઓ તે ખુદાને છે, જે તમામ જહાનનો માલિક છે. — **હામિદ અહમદ મોહંમદ**

..............................

★ આ હુકમો તો ઈસ્લામી સુલતાન માટે છે કે થોડા હોય તો તેઓને મોતની શિક્ષા આપે અને જથ્થો હોય, તો તેઓના ઉપર ઈસ્લામી લશ્કર મોકલે અને આલિમો અને આમ લોકો માટે એ છે કે લખાણ અને વ્યાખ્યાનથી તેઓનું ખંડન કરે, જેવું કે અંતમાં પોતે જ ફરમાવ્યું છે કે કલમ પણ એક જીભ છે અને જીભ પણ એક ભાલો છે.

7



بسم الله الرحمن الرحيم

(٢١) صورة ما حرره تاج المفتين + وسراج المتقنين +
مفتي السادة الحنفية + بمدينة الامنية
الصفية + ناصر السنة بالنجدة والبأس +
مولانا المفتي تاج الدين الياس + لا زال
مبجلا عند الله وعند الناس +

بسم الله الرحمن الرحيم

ربنا لا تزغ قلوبنا بعد اذ هديتنا وهب لنا من لدنك رحمة
انك انت الوهاب + ربنا امنا بما انزلت واتبعنا الرسول فاكتبنا
مع الشاهدين + سبحانك جل شانك + وعز سلطانك وسطع
برهانك + وسبق الينا احسانك + تقدست ذاتك وصفاتك

૭૮૬
૯૨

# બહારે તસ્દીકાતે મદીના

## ૧૩૨૫ હિજરી

### બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

**(૨૧) તાજે મુફ્તીયાં, ચિરાગે એહલે ઇતકાન, મદીનએ બા અમનો સફામાં હન્ફીઓના સરદારના મુફ્તી, શુજાઅત અને સતવતની સાથે સુન્નીયતના મદદગાર, મૌલાના મુફ્તી તાજુદ્દીન ઇલ્યાસનો ફત્વો. તેઓ અલ્લાહ તઆલાની સમક્ષ અને બંદાઓની આગળ હંમેશા ઇઝ્ઝતની સાથે રહે.**

### બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

ઈલાહી ! જ્યારે તેં અમોને હકનો માર્ગ બતાવ્યો છે, તો હવે અમારા દિલો વાંકા ન કર અને અમોને તારી પાસેથી રહેમત આપ, બેશક તારી જ બખ્શિશો હદ વિનાની છે. અય અમારા રબ ! અમો તે ઉપર ઈમાન લાવ્યા છીએ, જે તેં ઉતાર્યું અને રસુલના તાબેદાર થયા. માટે અમોને પણ હકના ગવાહોમાં લખી લે તને પાકી છે ! અને તારી શાન ઘણી મોટી છે ! અને તારી સલ્તનત ગાલિબ છે; અને તારી દલીલો બુલંદ છે ! અને અમો ઉપર તારા ઉપકારો અઝલથી છે. તારી ઝાત અને સિફતો પાક છે અને અથડામણ

وتنزهت عن المعارض آياتك وبيناتك + نحمدك على ان هديتنا الدين الحق +
ونطقتنا بلسان الصدق + وارسلت الينا سيد الانبياء + وخاتم الرسل
الاصفياء سيدنا محمد بن عبد الله ذا الآيات الباهرة + والحجج الساطعة
القاهرة + والمعجزات الباقيات الظاهرة + فامنا به واتبعناه + ووقرناه
ونصرناه + فلك الحمد كما يجب والثناء الجميل + على ما هديتنا اليه
من سوآء السبيل + فصل يا ربنا وسلم على هادينا اليك + ودالنا
عليك + صلوٰة تليق بك منك اليه + وسلم وبارك
كذالك عليه + وآله وذويه + واجز حملة شريعته فى كل
عصر + وحماة دينه فى كل مصر + بافضل ما جازى به
المحسنين + وباوفر ما تثيب به المتقين + **وبعد** فقد
اطلعت على ما حرره العالم النحرير + والداركة
الشهير + جناب المولى الفاضل الشيخ **احمد رضا خان**
من علماء اهل الهند + اجزل الله مثوبته + واحسن
عاقبته + فى الرد على الطوائف المارقة من الدين
والفرق الضالة من الزنادقة الملحدين + وما افتى به
فى حقهم فى كتابه **المعتمد المستند** فوجدته
فريدا فى بابه + مجيدا فى صوابه + فجزاه
عن نبيه ودينه والمسلمين خير الجزاء وبارك
فى حياته حتى يزيح به شبه اهل الضلالة
الاشقياء + واكثر فى الامة المحمدية امثاله +
واشباهه واشكاله +

તેમજ વિરૂદ્ધતાથી તારી આયતો અને દલીલો તદન પાક છે અને અમો તારા વખાણ કરીએ છીએ, તેં અમોને સાચા દીનની હિદાયત ફરમાવી અને તેં અમોને સાચા કલામથી બોલતા કર્યા અને તેં તેઓને અમારી તરફ મોકલ્યા, જેઓ તમામ નબીઓના સરદાર અને વીણી લીધેલા રસુલોના ખત્મ કરવાવાળા છે. અમારા સરદાર મોહંમદ બિન અબ્દુલ્લાહ એવા નિશાનીઓવાળા છે, જે અક્કલોને હયરાન કરી દે અને વિજયી દલીલોવાળા અને હંમેશના ચમકદાર મોઅજેઝાઓવાળા છે જેથી અમો તેઓ ઉપર ઈમાન લાવ્યા, તેઓની તઅઝીમ કરી, તેઓની તાબેદારી સ્વીકારી અને તેઓના દીનની મદદ કરી. તારા જ માટે વખાણ છે, જે પ્રમાણે વાજીબ છે અને રૂપાળી સુંદર તારીફ એ ઉપર કે તેં અમોને સીધા માર્ગની હિદાયત ફરમાવી. માટે હે અમારા રબ ! તેઓ ઉપર દુરૂદ અને સલામ મોકલ, જેઓ તારા તરફથી અમારી હિદાયત કરવાવાળા છે અને તારો માર્ગ અમોને બતાવનારા છે. એવા દુરૂદ જે તેઓના મરતબા લાયક તારા તરફથી મોકલવામાં આવે અને એવા જ સલામ અને બરકત તેઓ ઉપર, તેઓની આલ અને તેઓથી સંબંધ રાખનારા ઉપર મોકલ અને દરેક ઝમાનામાં તેઓની શરીઅતની રિવાયત કરનારાઓ અને દરેક શહેરમાં તેઓના દીનની હિમાયત કરનારાઓને તે સર્વ બદલાઓથી અફઝલ બદલો અર્પણ થાય જે નેક કામ કરવાવાળાઓને મળ્યો અને તે સર્વ સવાબોથી વધુ સવાબ આપ, જે પરહેઝગારોને મળ્યો છે. હમ્દ અને સલાત બાદ હું તેનાથી વાકેફ થયો, જે જાણકાર આલિમ અને નામાંકિત અલ્લામહ જનાબ મૌલાના ફાઝિલ હઝરત **અહમદ રઝાખાને** જેઓ હિન્દના આલીમો પૈકી છે અને અલ્લાહ તેઓને સવાબમાં વિશેષતા આપે અને તેઓનું અંજામ સારૂં કરે કે તેઓએ તે ટોળીઓના રદમાં લખ્યું, જે દીનથી નીકળી ગઈ અને તે ગુમરાહ ફિરકાઓ જેઓ ઝિન્દીકો અને બેદીનોમાંના છે અને તેથી વાકેફ થયો, જે તેઓ વિષે પોતાની કિતાબ **અલમોઅતમદુલ મુસ્તનદ**માં ફત્વાઓ આપ્યા, તો મેં તેને આ બાબતમાં અજોડ અને પોતાની સચ્ચાઈ ઉપર ખરો ઊભેલો જોયો. તો અલ્લાહ તેને પોતાના નબી દીન અને મુસલમાનો તરફથી સૌથી બહેતર બદલો અતા કરે અને તેની ઉમરમાં બરકત આપે, એટલે સુધી કે તેના સબબે બદબખ્ત ગુમરાહોના તમામ વહેમો મટાડી દે અને ઉમ્મતે મોહંમદીયહમાં તેઓના જેવા અને તેઓની માફક અને તેઓના જેવા ઈલ્મવાળા ઘણા પયદા કરે.

امين الفقير اليه عز شانه ، محمد تاج الدين ابن المرحوم
مصطفى الياس الحنفي المفتي بالمدينة المنورة غفر له

محمد تاج الدين الياس

## ٢٢ صورة ما سطره اجل الافاضل ، امثل الاماثل ، القول بالحق ، وان ثقل وشق ، مفتي المدينة سابقا ، ومرجع المستفيدين لاحقا ، الفاضل الرباني ، مولانا عثمان بن عبد السلام الداغستاني ، دام بالتهاني ، وفوز الامال والاماني

بسم الله الرحمن الرحيم

الحمد لله وحده ، اما بعد فقد اطلعت على هذه الرسالة البهية ، والمقالة الواضحة الجلية ، فوجدت مولانا العلامة ، والبحر الفهامة ، حضرت احمد رضا خان قد انتدب للرد على هذه الطائفة المارقة من الدين ، الكفرة السالكة سبيل المفسدين ، فاظهر فضائحهم القبيحة في معتمد المستند فلم يبق من نتائجهم الفاسدة فيه الا وزيفها فليكن منك التمسك بتلك العجالة السنية ، تظفر في بيان الرد عليهم بكل واضحة دامغة جليلة ، لا سيما المتصدى لحل راية هذه الفرقة المارقة التى تدعى بالوهابية ، ومنهم مدعى النبوة غلام احمد القاديانى والمارق الاخر المنقص لشان الالوهية والرسالة قاسم النانوتى ورشيد احمد الكنكوهى وخليل احمد الانبهتى واشرفعلى التانوى ومن حذا حذوهم
فجزى الله خيرا حضرة الشيخ احمد رضا خان فانه شفى وكفى

અય અલ્લાહ ! એવું જ કર.

રાકિમ ફકીર **મોહંમદ તાજુદ્દીન ઇબ્ને**

**મરહુમ મુસ્તુફા**

**ઇલ્યાસ હન્ફી**

મદીના મુનવ્વરાના મુફતી ગોફેરલહુ.

મોહંમદ
તાજાદ્દીન
ઈલ્યાસ

---

**(૨૨) ફતવો :- ઉમદતુલ ઉલમા, અફઝલુલ અફાઝિલ, હક વાતના મોટા કહી દેવાવાળા જો કે (તે વાતથી) કોઇને સખ્ત ભારે લાગે. મદીનાના પહેલાના મુફતી અને તમામ મુસ્તફીદીનના મરજઅ અને માવા ફાઝિલ રબ્બાની મવલાના ઉસ્માન બિન અબ્દુસ્સલામ દાગસ્તાની હંમેશા (તેઓ) ખુશ રહે અને મુરાદો અને આરઝુઓ મેળવે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

એક જ અલ્લાહને સર્વ ખુબીઓ છે. હમ્દ અને સલાત બાદ. બેશક, હું આ રોશન રિસાલા અને જાહેર અને ખુલ્લા કલામથી વાકેફ થયો. તો મેં તેને જોયું, કે બેશક આ દીનથી ખારેજ ટોળાં, કાફિર, ફિસાદીઓના માર્ગે ચાલવાવાળાના રદને માટે અમારા મવલા અલ્લામહ અને મોટી સમજણના સમુદ્ર હઝરત **અહમદ રઝાખાને** ફર્યાદરસી કરી. જેથી કિતાબ *અલમોઅતમદુલ મુસ્તનદ*માં એ મંડળીની ખરાબ રૂસ્વાઈઓ જાહેર કરી અને તેઓના ફાસિદ અકીદાઓથી એકને પણ નકામો અને કચરો કર્યા વિના મૂકયો નહીં. અય વાંચનાર ! તારા ઉપર લાઝિમ છે કે એ જ રોશન રિસાલાનો પાલો પકડે, જેને કર્તાએ વેળાસર લખી નાખ્યો. તું તે ટોળીઓના ખંડનમાં દરેક જાહેર, પ્રકાશિત અને માથુ કચડવાવાળી દલીલ પામશે. ખાસ કરીને દીનથી આ પદભ્રષ્ટ ટોળીના બાંધેલા નિશાનો નષ્ટ કરવાનો ઈરાદો કરે, તે દીનથી પદભ્રષ્ટ ટોળી કોણ છે ? જેને **વહાબીઓ** કહેવામાં આવે છે અને તેઓ પૈકી નબુવતનો દાવો કરનાર **ગુલામ અહમદ કાદયાની** છે અને દીનથી બીજો નીકળી જનાર ખુદાઈ અને રેસાલતની શાન ઘટાડનાર **કાસિમ નાનોત્વી** અને **રશીદ અહમદ ગંગોહી** અને **ખલીલ અહમદ અંભેટી** અને **અશરફઅલી થાનવી** અને જે તેઓની ચાલ ચાલ્યો અલ્લાહ તઆલા હઝરત **અહમદ રઝાખાન**ને સારો બદલો અતા કરે કે તેણે શિફા આપી અને સંતોષ આપ્યો.

بما افتی به فی کتابه المعتمد المستند المذیل بتقاریظ علماء مکة المکرمة فانهم یحق علیهم الوبال + وسوء الحال + لانهم من المفسدین فی الارض هم ومن علی منوالهم قاتلهم الله انی یؤفکون وجزی الله حضرة الشیخ **احمد رضا خان** وبارك فیه وفی ذریته وجعله من القائلین + بالحق الی یوم الدین + الفقیر الی عفو ربه القدیر عثمان بن عبد السلام داغستانی مفتی المدینة المنورة سابقا عفا الله عنه +

(مہر: عثمان بن عبد السلام داغستانی)

## (۲۳) صورة ما زبره الفاضل الکامل + باهر الفضائل + ظاهر الفواضل + طاهر الشمائل + شیخ المالکیة + ذو الملة المکیة + السیّد الشریف السری + مولانا السیّد احمد الجزائری + دام بالفیض الباطنی والظاهری +

بسم الله الرحمن الرحیم

وعلیکم السلام ورحمة الله تعالی وبرکاته + وتاییده ومعونته ومرضاته + الحمد لله الذی جعل اهل السنة والجماعة + معز وزین + الی قیام الساعة + والصلاة والسلام علی سندنا + وذخرنا وملاذنا ومعتمدنا + سیدنا محمد انسان عین هذا الوجود + الثابت کماله واجلاله + ومجده وافضاله + لدی اهل النقل والعقل والشهود + القائل ما ظهر اهل بدعة الا اظهر الله لهم حجته علی لسان من شاء من خلقه والقائل اذا ظهرت البدع او الفتن وسب اصحابی فلیظهر العالم علمه ومن لم یفعل ذلك فعلیه لعنة الله والملئکة والناس

પોતાના ફતવાઓથી જે કિતાબ **અલમોઅતમદુલ મુસ્તદ** માં લખ્યું છે અને જેના અંતમાં મક્કા મુકર્રમહના આલિમોના ફતવાઓ છે કારણકે તેઓ ઉપર વિપત્તી અને દુઃખદાયક સ્થિતિ થઈ ચુકી છે. એટલા માટે કે તેઓ જમીનમાં ફિસાદ ફેલાવવાવાળા છે. તેઓ અને જે તેઓની ચાલ ઉપર છે, તેઓને અલ્લાહ કત્લ કરે, તેઓ કયાં ઉંધા જઈ રહયા છે ! અલ્લાહ તઆલા હઝરત જનાબ **અહમદ રઝાખાન**ને ઉત્તમ બદલો આપે અને તેઓમાં અને તેઓની અવલાદમાં બરકત રાખે અને તેઓને જેઓ કયામત સુધી હક બોલશે તેઓમાંથી કરે.

રાકિમ, પોતાના કુદરતવાળા રબની માફીના મોહતાજ **ઉસ્માન બિન અબ્દુસ્સલામ દાગસ્તાની** મદીના મુનવ્વરાના પહેલાના મુફ્તી અફલ્લાહો અન્હો.

ઉસ્માન બિન
અબ્દુસ્સલામ
દાગસ્તાની

---

**(૨૩) ફાઝિલે કામિલ, અત્યંત રોશન ફઝીલતોવાળા, નામાંકિત ઇઝઝતોવાળા, પાક આદતોવાળા, માલેકિયહના સરદાર સાહેબે ઈલહામે મલકી, સૈયદ શરીફ સરદાર મવલાના સૈયદ અહમદ જઝાએરીનો ફત્વો. (તેઓ) બાતિન અને ઝાહિરના ફયઝ સાથે રહે.**

**બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ**

અને આપ ઉપર સલામ અને અલ્લાહ તઆલાની રહેમત અને તેની બરકતો અને તેની સહાય અને તેની મદદ અને તેની ખુશી હોજો. સર્વ ખુબીઓ તે ખુદાને છે, જેણે એહલે સુન્નત વ જમાઅતને કયામત સુધી ઈઝઝતવાળા કર્યા અને અમારા આકા અને અમારા ભંડાર અને અમારી પનાહની જગ્યા અને તે કે જેઓ ઉપર અમારો ભરોસો છે, અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ ઉપર સલાત અને સલામ હોજો. જેઓ દુનિયાની આંખની પૂતળી છે અને હંમેશા ઈલ્મવાળાઓ, અક્કલવાળાઓ અને કશ્ફવાળાઓ આગળ જેઓનો સંપૂર્ણ કમાલ, મહાબુઝુર્ગી, કિર્તી અને શ્રેષ્ઠ મરતબો સબળ સનદી છે અને જેઓનું ફરમાન છે : **"જે કોઇ પ્રસંગે અમુક બદમઝહબો જાહેર થાય ત્યારે અલ્લાહ તઆલા પોતાના જે બંદાની જીભ ઉપર ચાહે તેનાથી પોતાની હુજ્જત જાહેર ફરમાવી દે છે"** અને જેઓની હદીષ છે, **"જ્યારે બદમઝહબીઓ અથવા ફિત્નાઓ જાહેર થાય અને સહાબીઓને બુરૂં કહેવામાં આવે, તો વાજીબ છે કે આલિમ એવા પ્રસંગે પોતાનો ઇલ્મ જાહેર કરે અને જે આ પ્રમાણે ન કરે તે ઉપર અલ્લાહ અને ફરિશ્તાઓ અને આદમીઓ**

اجمعين لا يقبل الله منه صرفا ولا عدلا والقائل اترعون عن ذكر

الفاجر متى يعرفه الناس اذكروا الفاجر بما فيه يحذره الناس رواه ابن ابى الدنيا والحكيم والشيرازى وابن عدى والطبرانى والبيهقى والخطيب عن بهز بن حكيم عن جده[1] وعلى اله وصحبه والتابعين + من اهل السنة والجماعة المقلدين + للاربعة المجتهدين + **اما بعد** فقد اطلعت على ما تضمنه هذا السؤال مع الامعان + الذى عرضه حضرة الشيخ **احمد رضا خان** + متع الله المسلمين بحياته + ومتعه بطول العمر والخلود فى جنانه + فوجدت ما نقله من الاقوال الفظيعة + عن اهل هذه البدعة الشنيعة + كفر صراح + ومرتكبها بعد الاستتابة دمه[2] مباح + ومؤلفها مستحق تكليف مضغ لسانه + ورض يده وبنانه + حيث استخف بمقام الالوهيه + واستحقر منصب الرسالة العمومية + وعظم استاذه ابليس + وشاركه فى الاغواء والتلبيس + فعلى من بسط الله لسانه من العلماء الاعلام + واطلق يده من الامراء والحكام + ان يجهدوا فى ازالة بدعتهم باللسان والسنان + حتى ليستريح منهم العباد والبلاد والاذهان + الا وان بمكة بلد الله الامين + طائفة منهم شياطين + فليحذر العوام من مخالطتهم بالكلية + فانها والله اشد من مخالطة المجذوم فى الاذية + ومنهم ايضا عندنا بالمدينة النبوية + شرذمة + وكيله مستترة بالتقيه + فان

---

[1] اى عن ابيه جد هذا معوية بن حيدة القشيرى رضى الله تعالى عنه اه مصحح

[2] هذه الاحكام الى قوله ورض يده لسلطان الاسلام ايده الله بنصره كما سيفصل الشيخ انفا ان على العلماء ازالة بدعتهم باللسان وعلى الحكام بالسنان وعلى العوام الحذر عن مخالطتهما اه

સર્વની લઅનત છે અને અલ્લાહ તેનો ફર્ઝ કે નફલ કબૂલ કરશે નહીં''. જેઓનું ફરમાન છે : ''શું તમો બદકારની બુરાઇઓને વર્ણન કરવાથી પરહેઝ કરો છો ? લોકો તેને કયારે ઓળખશે ? બદકારમાં જે અયબ છે, તે મશહૂર કરો, કે લોકો તેનાથી બચે''. આ હદીષ ઈબ્ને અબીદદુનિયા અને હકીમ અને શીરાઝી અને ઈબ્ને અદી અને તબરાની અને બયહકી અને ખતીબે બહઝ બિન હકીમથી અને તેઓએ[1] પોતાના દાદાથી રિવાયત કરી અને તેઓની આલ અને અસ્હાબ અને સર્વ અનુયાયીઓ ઉપર, જેઓ નેક રાહ પયદા કરનાર ચારે ઈમામોની તકલીદ કરનારા એહલે સુન્નત વ જમાઅત છે સલાત અને સલામ હોજો. હમ્દ અને સલાત બાદ મેં આ સવાલનું લખાણ સંપૂર્ણ લક્ષપૂર્વક જોયું, જેને હઝરત જનાબ **અહમદ રઝાખાને** રજુ કર્યું. અલ્લાહ તઆલા મુસલમાનોને તેઓની જીંદગીથી ફાયદો બખ્શે અને તેઓને મોટું આયુષ્ય અને પોતાની જન્નતોમાં હંમેશાનું રહેઠાણ નસીબ કરે તો (તે લખાણ જોવાથી) જણાયું, કે જે ભયંકર વાતો આ બુરી બદમઝહબીવાળાઓએ લખી છે, તે તદ્દન કુફ્ર છે અને જે આ ગંદી બિદઅતોનો સ્વીકારવાવાળો થયો, તો તૌબા લીધા પછી પણ ઈસ્લામના સુલતાનને માટે તેનું ખુન[2] હલાલ છે અને જેના જેના રચેલા પુસ્તકોમાં આ કલામો છે તેઓ આને પાત્ર છે કે તેઓની જીભો ચાવી નાખવામાં આવે અને હાથ તથા આંગળીઓ કચડી નાંખવામાં આવે. (સબબ) કે તેઓએ ખુદાની શાનને હલકી જાણી અને જગપ્રસિદ્ધ રિસાલતના હોદ્દાને નજીવો ઠેરવ્યો અને પોતાના ઉસ્તાદ ઈબ્લીસની મોટાઈ કરી અને બહેકાવવા અને ધોકા દેવામાં તેના ભાગીદાર થયા, માટે નામચીન આલિમો જેઓની જીભને અલ્લાહ તઆલાએ વિસ્તાર આપ્યો છે અને સુલતાનો અને હાકેમો જેઓના હાથને બદલો અને સજા આપવામાં પહોળા કર્યા છે, તેઓ સર્વ ઉપર ફર્ઝ છે કે આ લોકોની બદમઝહબીઓ નાબૂદ કરવામાં આલિમો જીભથી અને સુલતાન હાથથી કોશિષ કરે, જેથી ખુદાના બંદાઓ, શહેરો અને ઝેહનો તેઓની અડચણોથી રાહત મેળવે. સાંભળી લ્યો ! અને અલ્લાહના અમાનવાળા મક્કામાં પણ આ શયતાનોની એક મંડળી છે, માટે આમ લોકો ઉપર ફર્ઝ છે, કે તેઓના મેલજોલથી તદ્દન પરહેઝ કરે. (સબબ) ખુદાની કસમ ! આ લોકોથી મેલજોલ રાખવો તે કોડીઅલના મેલજોલથી પણ ઈજામાં ઘણો સખ્ત છે. વળી તેઓમાંથી અમારે ત્યાં મદીના તૈયબહમાં કેટલીક ગણત્રીના છે, જેઓ તકૈયા (નાપાક અકીદાઓને સંતાડી ખોટી રીતે પોતાને સુન્ની જાહેર કરવાની રૂઢી)ની આડમાં સંતાયા છે અને જો તેઓ તૌબાહ

............................

૧. એટલે પોતાના બાપથી, બાપે પોતાના બાપ તેમના દાદા મઅવીયહ બિન હયદર કુશૈરી રદીયલ્લાહો તઆલા અન્હોથી.

૨ જયાં સુધી તેઓના હાથ અને આંગળા કચડી નાંખવામાં આવે, સુલતાને ઈસ્લામ માટે આ હુકમો છે. અલ્લાહ તઆલા તેની મદદને શકિત આપે અને હમણાં જ લેખક તેનો ખુલાસો કરશે કે તેમની બિદઅત નાબુદ કરવી, હાકિમો માટે ભાલાઓથી, આલિમો ઉપર જીભથી અને આમ લોકો માટે તેઓના મેલજોલથી દૂર રહેવું અગત્યનું છે.

لم يتوبوا فعن قريب تنفيهم المدينة عن مجاورتها + لما هو ثابت فى الحديث
الصحيح من خاصيتها + هذا ونسأل الله تعالى ان اراد بالناس فتنة ان يقبضنا
اليه غير مفتونين + وان يرزقنا حسن النية ويجعلنا من المخلصين + قاله
بلسانه + ورقمه ببنانه + احقر الورى + وخادم العلماء والفقراء + شيخ المالكية +
بحرم خير البرية + السيد احمد الجزائرى المدنى مولدا +
الاشعرى معتقدا + المالكى مذهبا + القادرى طريقة ونسبا +
حامدا مصليا ومسلما + معظما مبجلا منعما + عبده

احمد السيد الجزائري

## (٢٢) صورة ما رقمه كبير العلماء + وكريم الكرماء + كنز العوارف + ومعدن المعارف + ذو شيبة العلماء + الموفق من السماء + ذو الفيض الملكوتى + مولانا الشيخ خليل بن ابرٰهيم الخربوتى + ايده الله بالنصر اللاهوتى

بسم الله الرحمٰن الرحيم

الحمد لله رب العلمين + والصلوٰة والسلام على خاتم النبيين + سيدنا
محمد وعلى اٰله وصحبه اجمعين + والتابعين لهم باحسان الى يوم الدين +
اما بعد فتحرير علماء الاسلام + المقرر فى هذا المقام + هو الحق المبين
الواجب اعتقاده باجماع علماء المسلمين + حسبما حققه العالم
العلامة الفاضل الكامل المولوى احمد رضا خان البريلوى
فى كتابه المعتمد المستند + ادام الله تعالى نفع المسلمين
به على الابد + والله الهادى الى الصواب + واليه
المرجع والمآب + امر بكتابته خادم العلم الشريف
بالحرم الشريف النبوى خليل بن ابرٰهيم الخربوتى

خليل بن ابراهيم خربوتى

ન કરશે, તો ટુંકમાં જ મદીના તય્યબહ તેઓને પોતાની મુજાવરીતથી કાઢી મૂકશે, કેમકે તેની આ ખાસીયત સહીહ હદીસથી સાબિત છે અને અમો અલ્લાહ તઆલાથી સવાલ કરીએ છીએ કે જો તે લોકોને કોઈ ફિત્નામાં નાખવા ઈચ્છે તો અમને ફિત્નામાં પડતાં પહેલાં પોતાની પાસે બોલાવી લે અને અમોને સારી નીય્યત નસીબ કરે અને અમોને ખરા બનાવી લે. હકીર તરીને મખલુક, ઉલમા અને ફુકરાના ખાદિમ, સૈયદે આલમ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમના હરમ શરીફમાના માલેકિયાના સરદાર **સૈયદ અહમદ જઝાએરીએ** એને પોતાની જીભથી કહયું અને પોતાના હાથે લખ્યું, જે મદીનામાં પયદા થયો અને અકીદાઓનો સુન્ની, ખુદાનો બંદો અને મઝહબનો માલેકી અને તરીકામાં અને વંશનો કાદરી છે. વખાણ કરતાં, તઅઝીમ તકરીમ અને તકમીલ કરતા દુરૂદ અને સલામ મોકલું છું.

સૈયદ
અહમદ
જઝાએરી.

---

**(૨૪) મોઅઝઝમે ઉલમા વ મુકર્રમે એહલે કરમ, ખઝાનએ ઉલુમ વ કાને ફુહુમ આલિમોમાં સાહેબે પીરી, આસ્માનથી તવફીક પામેલા, સાહેબે ફયઝે મલકુત, મવલાના હઝરત ખલીલ બિન ઇબ્રાહીમ ખરબુતીનો ફત્વો. અલ્લાહ તઆલા મદદે ઇલાહીથી તેમને ટેકો આપે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

સર્વ ખુબીઓ અલ્લાહને છે, જે તમામ જહાનનો માલિક છે અને સૌથી પાછલા નબી અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ અને તેઓની આલ અને અસ્હાબ સર્વ ઉપર દુરૂદ અને સલામ હોજો અને તેઓ ઉપર જેઓ નેકીની સાથે કયામત સુધી તેઓના તાબેદાર છે. હમ્દ અને સલાત બાદ આ ઈસ્લામના આલિમોના લખાણમાં જે વાત આ જગ્યાએ નકકી થઈ છે, તે જ હક અને ચોખ્ખી છે, જેનો અકીદો રાખવો મુસલમાનોના આલિમોના સર્વાનુમતે વાજીબ છે. જેવી રીતે આલિમ અલ્લામહ, ફાઝિલ કામિલ, મૌલવી **અહમદ રઝાખાન** બરેલ્વીએ પોતાની કિતાબ *અલમોઅતમદુલ મુસ્તનદ*માં છાનછુન કરી. અલ્લાહ તઆલા હર હંમેશને માટે મુસલમાનોને તેનાથી નફો પહોંચાડે અને અલ્લાહ જ હકનો માર્ગ બતાવવાવાળો છે અને તેની જ તરફ રજુ અને ફરી જવાનું છે. હરમ શરીફ નબવીમાં ઈલ્મ શરીફના ખાદિમ **ખલીલ બિન ઇબ્રાહીમ ખરબુતી**એ આને લખવાનો હુકમ આપ્યો.

ખલીલ બિન
ઈબ્રાહીમ
ખરબુતી

صورة ما حرره الضوء المنور + والرّوح المصوّر +
صورة السعادة + وحقيقة السيادة + ذو الحسنى
وزيادة ودلائل الخيرات + وجلائل
المبرات + الحميد الرشيد + مولنا السيّد
محمّد سعيد + شيخ الدلائل +
لازال بالفضائل +

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

٢٥ الحمد لله الذى به تستنتج المطالب + وبتيسر المأرب + حمد انتمسك
بيمنه + ونلجأ من المخاوف الى امنه + وصلوٰة وسلام مايتوالبان + ما توا
لى الملوان + على سيدنا محمد ن الذى اشرقت ببعثته السماء والارض ولا
ذبه الخلائق عند اشتد لنا البقول يوم العرض + وعلى اله الذين
اقتبسوا النور من اضوائه + وحفظوا اقواله وافعاله فهو لمن بعدهم
فى الدين قدوة + وفى الهدى المحمدى لكل تابع بهما اسوة + وبذلك
كان الحفظ بهذه الشريعة الغرآء مختصا بقول الصادق المصدوق
لا تزال طائفة من امتى ظاهرين حتى يأتيهم امر الله وهم ظاهرون
امابعد فان الله جلت عظمته + وعظمت منته + قد وفق من
اختاره من عباده لخدمة هذه الشريعة الغرا + وامدّه بثوا قب الافهام فاذا
اظلم ليل الشبهة اطلع من سماء علمه بدرا + فصارت بذلك محفوظة عن التغيير
والتبديل + بين جهابذة العلماء النقاد جيلا بعد جيل + ومن اجلهم العالم العلامة +

**(૨૫) નૂરે રોશન, રૂહે મુજસ્સમ, તસ્વીરે સઆદત, હકીકતે સયાદત, સાહેબેખુબી વ ઝેયાદત વ દલાએલે ખુબી વ ફઝાઇલે નેકોઇ, અહમૂદ મોહતદી, મૌલાના સૈયદ મોહંમદ સઇદ શયખુદ દલાએલનો ફત્વો. તેઓની ફઝીલતો હંમેશા રહે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

અલ્લાહને માટે તે વખાણ છે, જેનાથી સર્વ અરમાન નિકળે, મુરાદો સહેલ થાય અને તે હમ્દ જેની બરકતથી અમો જામી રહીએ અને તમામ અંદેશાઓમાં તેના પાલવની પનાહ લઈએ અને તે દુરૂદ સલામ અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ ઉપર જે સવાર અને સાંજ ઉપરાઉપરી આવ્યા કરે, ત્યાં સુધી અવારનવાર આવતા રહે. જેઓની રેસાલતથી આસમાન અને જમીન ચળકી ઉઠયા અને કયામતનો દિવસ જયારે ગભરામણની સખ્તી હશે, ત્યારે કુલ જહાન તેઓની પનાહ લેશે અને દુરૂદ સલામ તેઓની આલ ઉપર જેમણે તેઓની રોશનીથી નૂર હાસિલ કર્યું અને તેઓની વાતો અને તેઓના કામો સર્વ હિફઝ કર્યા. તેથી તેઓ પોતાના પાછલાઓ માટે દીનના પેશ્વાઓ છે અને મોહંમદી તરીકામાં પોતાના દરેક તાબેદારના ઈમામ છે અને એના જ આધારથી આ રોશન શરીઅત સાથે ખાસ સંભાળ થઈ. જેવું કે જેઓ સાચા છે અને સાચા માનવામાં આવ્યા છે, તેઓનું ફરમાન છે : **''હંમેશા મારી ઉમ્મતની એક જમાઅત ફતેહમંદ રહેશે. તે અહીં સુધી કે ખુદાનો હુકમ આ જ હાલતમાં આવશે, કે તેઓ ગાલિબ હશે.''** હમ્દ અને સલાત બાદ, બેશક અલ્લાહ તઆલાએ જેની અઝમત જલીલ અને મિન્નત અઝીમ છે, તેણે પોતાના બંદાઓમાંથી જેને પસંદ કર્યો, તેને આ રોશન શરીઅતની ખિદમતની તવફીક બખ્શી અને તેને અત્યંત તેજ સમજશકિત અર્પણ કરીને મદદ આપી. એટલે જયારે શંકાની રાત્રિ અંધારૂં નાખે છે, ત્યારે તે પોતાના ઈલ્મના આસ્માનથી ચૌદમી રાતનો એક ચંદ્ર ચમકાવે છે. તો એ જ પદ્ધતિથી પાક શરીઅત ફેરફાર અને અદલબદલ થવાથી સંભાળમાં રહી. એક પછી એક દરેક જમાનામાં શ્રેષ્ઠ દરજ્જાના કામિલ આલિમો પારખનારાઓના હાથોમાં એનું રક્ષણ છે અને તેમાં પણ સર્વથી વધુ અઝમતવાળાઓમાંથી (અત્યંત ઈલ્મવાળા આલિમ

والبحر فهامة حضرة الشيخ المولوى **احمد رضا خان** فقد اجاد
فى رده فى كتابه المعتمد المستند + على الزائغين المرتدين اهل الفساد
والنكد + فجزاه الله عن الاسلام والمسلمين خيرا وصلى الله
على سيدنا محمد واله وسلم + قاله بلسانه + ورقمه ببنانه +
الفقير لربه محمد سعيد ابن السيد محمد المغربى
شيخ الدلائل غفر الله له و للمسلمين

محمد سعيد
شيخ الدلائل

## ٢٦ صورة ما كتبه الفاضل الجليل + والعالم النبيل + ذو الضياء الشمسى والقمرى + مولانا محمد بن احمد العمرى + دام بالعيش الهنى الغض الطرى +

بسم الله الرحمن الرحيم

الحمد لله رب العلمين + والصلاة والسلام على خاتم النبيين + وامام
المرسلين + وتابعيه باحسان الى يوم الدين + **وبعد** فقد
اطلعت على رسالة العالم العلامة + والمرشد المحقق الفهامة +
صاحب المعارف والعوارف + والنخ الالهية اللطائف + سيدنا
الاستاذ علم الدين وركنه + وعماد المستفيد ومتنه + المنلا الشيخ
**احمد رضا خان** + متع الله بوجوده + وانار سماء العلوم بانوار شهوده +
وجدتها مكملة المقاصد + ومتممة المراصد + ومقيدة الشوارد + وعذبة
المصادر والموارد + قد استحوذت على شبه الملحدين فاجتثتها + واتت
على اسباب الزندقة فاستاصلتها + مع وضوح الادلة و

સમજણના મોટા સાગર) હઝરત જનાબ મૌલ્વી **અહમદ રઝાખાન** છે. તેમણે પોતાની કિતાબ મોઅતમદુલ મુસ્તનદમાં આ વાંકપણવાળા મુર્તદ્દો જે ફસાદ અને ફરેબ ફેલાવવા નીકળ્યા તેમનો ખૂબ ખરેખરો રદ કર્યો. માટે અલ્લાહ તઆલા ઈસ્લામ અને મુસલમાનોની તરફથી તેને સારો બદલો અતા ફરમાવે અને અલ્લાહ તઆલા અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ અને તેઓની આલ ઉપર દુરૂદ અને સલામ મોકલે. પોતાના રબના મોહતાજ **મોહંમદ સઇદ બિન સૈયદ મોહંમદ** અલ–મગરબી શેખુદ દલાએલે આને પોતાની જીભથી કહ્યું અને પોતાના કલમથી લખ્યું. અલ્લાહ તઆલા તેની અને સર્વ મુસલમાનોની મગફેરત ફરમાવે.

સૈયદ
મોહંમદ સઈદ
શેખુદ દલાએલ

---

**(૨૬) ફાઝિલે જલીલ, આલિમે અકીલ, શોઆએ આફતાબ અને રવશનીએ માહતાબવાળા મવલાના મોહંમદ બિન અહમદ અમરીનો ફત્વો. હંમેશા (તેઓ) લીલાલહેર અને ખુશી સાથે આનંદમાં રહે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

સર્વ ખુબીઓ તે ખુદાને છે, જે સર્વે જહાનનો માલિક છે. તમામ નબીઓના ખત્મ કરવાવાળા અને સર્વ પયગમ્બરોના સરદાર અને તેઓના આ સારા તાબેદારો ઉપર દુરૂદ અને સલામ હોજો. હમ્દ અને સલાત બાદ, બેશક હું વાકેફ થયો, તેઓના રિસાલાથી જે આલિમ અલ્લામહ, મુરશદે મોહક્કિક, અત્યંત બુદ્ધિશાળી ઈરફાન અને મારેફતવાળા, અલ્લાહ અઝઝ વ જલ્લની પાક બખશિશોવાળા, અમારા સરદાર ઉસ્તાદ અને દીનનું નિશાન અને સ્થંભ અને ફાયદો મેળવનારના ભરોસા અને પુશ્તે પનાહ, ફાઝિલ હઝરત **અહમદ રઝાખાન** છે. અલ્લાહ તઆલા તેઓની જીંદગીથી ફાયદો બખ્શે અને તેના ફૈઝના નૂરથી ઈલ્મોના આસ્માનને રોશન રાખે. મેં તે રિસાલાને મતલબો પૂરી કરવાવાળો, ઉમેદવાળાઓની ઉમેદ પૂરી કરવાવાળો અને ઝહનથી નીકળી જનાર, લખાણોનું રોકાણ કરવાવાળો જોયો જેમાં દરેક આવવા જવાવાળા માટે મીઠુ પાણી છે. જેણે દલીલોની રોશની અને

سطوع البراهين + وعن وبة المسالك وصحة الموازين + فجزاه الله ربه عن نبيه و دينه احسن الجزاء + ووفاه اجره عن الاسلام واهله بالمكيال الاوفى + شعر

| | |
|---|---|
| ولا زال فى الاسلام مجزاً مشيدا | به يهتدى فى البر والبحر من يسرى |

قاله فى ربيع الثانى سنة ١٣٢٣ راجى دعائه محمد بن احمد العمرى احد طلبة العلم بالحرم النبوى

العمري محمد بسيمي

٢٧ صورة ما نظمه بالترصيف + السيد الشريف + النظيف اللطيف + الماهر العريف - ذو الغرو التشريف + الغنى عن التوصيف + حضرة مولنا السيّد عباس ابن السيّد الجليل محمد رضوان + شيخ الدلائل عاملهما الله تعالى فى اليوم العبوس + بالرضوان +

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

سبحنك ربنا لا نحصى ثناء عليك + ولك الحمد منك واليك + و صلاة وسلاما على نبيك كاشف الغمة + وعلى اله وصحبه هداة الائمة + ما خط قلم + وخف الى مسارعة الخيرات قدم + اما بعد فيقول فقير دعاء الاخوان + عباس ابن المرحوم السيد محمد رضوان + اطلقت عنان الطرف فى ميدان براعة هذه الرسالة + فوجدتها رافنة من السداد والرشاد فى حلتى جمالة وجلالة + كافلة بالرد على اهل البدع والضلالة + فهى المعتمد المستند + لكونها للمهتدين مفزعا وسند + قد اوضحت ماضلت فى ادراكه دقائقه الافهام + وحققت ماذالت

સાબિતીઓના પ્રકાશ સહિત તરીકાઓની મીઠાશ અને પ્રમાણના સમતોલપણા સાથે મુલહિદોના તમામ વહેમોને ઘેરી લઈ જડમૂળથી ઉખેડી ફેંકયા અને ઝિન્દીકોના બંધનો ઉપર હુમલો કરી તેઓને છેડાથી જ ઉઘેડી નાખ્યા, તો અલ્લાહ તઆલા તેને પોતાના દીન અને પોતાના નબીની તરફથી ઘણો સારો બદલો અતા ફરમાવે અને ઈસ્લામ અને મુસલમાનોના તરફથી સૌથી વધુ સંપૂર્ણ માપથી તેનો સવાબ પૂરો કરો. શેઅર :–

વો હંમેશા રહે ઈસ્લામમેં એક હિસ્ને હસીન
જીસ્સે ખુશ્કી વ તરીવાલે હિદાયત પાએં

તેઓની દુઆના ઉમેદવાર મોહંમદ બિન અહમદ અલ અમરી, જે હરમે નબીમાં ઈલ્મનો એક ખાદિમ છે, તેણે તારીખ, સાત માહે રબીયુસ્સાની સ. ૧૩૨૪ માં આ કહ્યું.

મોહંમદ બિન
અહમદ અમરી

---

**(૨૭) સય્યદ શરીફ, પાકીઝા લતીફ, માહેર અલ્લામહ, સાહેબે ઇઝઝો શરફ, મુસતગની અનિલમદદ, હઝરત મવલાના સય્યદ અબ્બાસ બિન સય્યદ જલીલ મોહંમદ રિદવાન, શેખુદ દલાએલનો મજબૂત ફત્વો. અલ્લાહ તઆલા તે સખ્તીના દીવસે તે બંનેની સાથે પોતાની રઝાનો મઆમલો ફરમાવે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

અય રબ ! અમારા તને પાકી છે. અમો તારા વખાણની ગણત્રી કરી શકતા નથી અને તારા જ માટે વખાણ છે, તારાથી જ તારી તરફ દુરૂદ સલામ મોકલ જ્યાં સુધી કે કોઈ કલમ કાંઈ લખતી રહે અને નેકીઓ તરફ જલ્દી કરવામાં કોઈ પગ હલકો થાય ત્યાં સુધી પોતાના નબી ઉપર, જે મુશ્કેલીઓ ખોલવાવાળા છે અને તેઓની આલ અને અસ્હાબ ઉપર, જેઓ ઉમ્મતના માર્ગદર્શક છે, હમ્દ અને સલાત બાદ, બિરાદરોની દુઆનો મોહતાજ અબ્બાસ ઈબ્ને મરહૂમ સય્યદ મોહંમદ રિદવાન કહે છે કે મેં આ રિસાલાના હયરાન કરવાવાળા કમાલોના મયદાનમાં દ્રષ્ટિની લગામ ઢીલી કરી, તો મેં તેને સીધી અને હિદાયતની પોશાકમાં સૌંદર્ય અને શ્રેષ્ઠતામાં લહેર કરતો જોયો, જેણે બદમઝહબો, ગુમરાહોના ખંડનની જીમ્મેદારી લીધી છે. તો તે જ મોઅતમદ (વિશ્વાસપાત્ર) અને મુસ્તનદ (સનદી) છે અને તે એ માટે કે હિદાયત પામનારાઓની આસરાની જગ્યા અને સનદ તે જ છે. માટે એ રિસાલાએ તે વાતો જાહેર કરી દીધી, જેની બારિકીઓ સુધી પહોંચવાને અકલ ભટકી રહી હતી અને તે વાતોની સત્ય તપાસ કરી, જેની હકીકતો મેળવવામાં

فی حقائق الاقدام + کیف لا وهو العلامة الامام + الذکی الهمام + النبیه
النبیل + الوجیه الجلیل + وحید العصر والزمان + حضرة المولوی
احمد رضاخان + البریلوی + الحنفی + لازال روضا یانعا بالمعارف +
وبدرا سائرا فی منازل لطائف العوارف + اجزل الله لی وله الثواب +
ومنحنی وایاه حسن المآب + ورزقنا جمیعا حسن الختام + بجوار خیر الانام +
وبدر التمام + علیه وعلی اله وصحبه افضل الصلاة واتم السلام +
کاتبه خادم العلم ودلائل الخیرات + فی مسجد
افضل المخلوقات + عباس رضوان فی الیوم السابع
من ربیع الثانی +

بفضل ربه
یدخل الجنان عباس
ابن السید محمد رضوان

## ۲۸ صورة مارقمه الفاضل العقول + احد الفحول + الطیب الزکی + الفطن الذکی + الغصن المزین بالطیب المغرسی + مولانا عمر بن حمدان المحرسی + ذکره الفوز والفلاح ومانسی +

بسم الله الرحمن الرحیم

الحمد لله الذی خلق السموت والارض وجعل الظلمت والنور +
ثم الذین کفروا بربهم یعدلون + والصلاة والسلام علی سیدنا
محمد خاتم النبیین + القائل لا تزال طائفة من امتی ظاهرین علی الحق
حتی تقوم الساعة رواه الحاکم عن عمر وفی روایة لابن ماجة عن ابی هریرة لا
تزال طائفة من امتی قوامة علی امر الله لا یضرها من خالفها وعلی اله الهادین + واصحابه الذین

પગો લપસી ગયા અને કેમ ન હોય ! કે તે (રિસાલો) તેનો લખેલો છે જે અલ્લામહ ઈમામ છે. તટસ્થ યાદ શકિતવાળો, ઊંચી હિમ્મતવાળો છે. ચૈતન્યવાળો, અકલનો સાહેબ અને દબદબા અને જલાલતનો ધણી છે. ઝમાના અને દુનિયાનો અજોડ હઝરત મૌલવી **અહમદ રઝાખાન** બરેલ્વી હનફી છે, જે હંમેશા મારેફતનો પ્રફુલ્લિત બાગ રહે અને ઈલ્મોના બારીક મુકામોમાં ફેરો કરતો પૂરો ચંદ્ર રહે. અલ્લાહ તઆલા મને અને તેને મોટો સવાબ અતા કરે અને તેને અને મને આકેબતની ભલાઈ નસીબ કરે અને અમો સર્વને સારો ખાતમો રાજી કરે. તેઓના આશ્રયબાજુમાં જેઓ તમામ જહાનથી બહેતર અને ચૌદમી રાતના ચંદ્ર છે, તેઓ ઉપર અને તેઓની આલ અને અસ્હાબ ઉપર સૌથી ઉત્તમ દુરૂદ સૌથી વધારે કામિલ સલામ હોજો. લખવાની તારીખ ૭ રબીયુલ આખેર સને ૧૩૨૪ હિજરી. લખનાર સરવરે આલમ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમની મસ્જિદમાં ઈલ્મ અને દલાએલુલ ખેરાતનો ખાદિમ **અબ્બાસ રિદવાન.**

અબ્બાસ ઈબ્ને
સૈયદ રિદવાન

---

**(૨૮) ફાઝિલ, કામિલુલ અકલ, યકી અઝ મરદાને મયદાને ઇલ્મ, પાકીઝા સુતરા બુઝુર્ગ, તેઝ ઝહન શાખ આરાસ્તા વ પાકીઝા મુનબ્બત, મવલાના ઉમર બિન હમદાન મોહરસીનો ફત્વો. ઝફર અને ફલાહ તેઓને યાદ રાખે અને કદી ન ભૂલે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

સર્વ ખુબીઓ અલ્લાહને છે, જેણે જમીન અને આસ્માન બનાવ્યા અને અંધારાં અને અજવાળાં ઉત્પન્ન કર્યાં તે ઉપરથી કાફિર લોકો પોતાના રબનો જોડીદાર બતાવે છે. અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ જેઓ અમ્બિયાઓને ખત્મ કરવાવાળા છે તેઓ ઉપર દુરૂદ અને સલામ હોજો. જેઓનું ફરમાન છે : **"હંમેશા મારી ઉમ્મતથી એક જમાઅત કયામત આવતા સુધી હક સહિત ગાલિબ રહેશે".** આને હાકિમે હઝરત અમીરૂલ મોમેનીન ઉમર રદીયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત કરી અને ઈબ્ને માજહની એક રિવાયતમાં અબુ હુરૈરહ રદીયલ્લાહો તઆલા અન્હોથી છે : **"હંમેશા મારી ઉમ્મતની એક જમાઅત અલ્લાહના દીન ઉપર સખ્તાઇ સહિત કાયમ રહેશે અને જે તેનો વિરોધ કરશે, તે તેઓને નુકસાન ન આપશે".** અને તેઓની આલ ઉપર દુરૂદ અને સલામ જેઓ હિદાયત ફરમાવવાવાળા છે અને તેઓના સહાબા ઉપર, જેઓએ

شاد و االدین + **اما بعد** فانی قد اطلعت علی ما حرره
العالم العلامة + الدراكة الفهامة + ذو التحقیق الباهر جناب
الشیخ **احمد رضاخان** فی الخلاصة الماخوذة من کتابه
المسمی بالمعتمد المستند فوجدته فی غایة التحریر فلله در مؤلفه
فلقد اماط الاذی عن طریق المسلمین ونصح لله ولرسوله ولائمة
الدین وعامتهم قاله فی ۸- ربیع الثانی

المحرسی
عمر بن حمدان

عمر بن حمدان المحرسی المالکی مذهبا
الاشعری اعتقادا خادم العلم
ببلدة سید الانام + علیه افضل
الصلوة والسلام +

## (۳۹) صورة ما سطره حفظه الله مرة اخری والمسك بالتکرار احق واحری

بسم الله الرحمن الرحیم

الحمد لله الذی هدی من وفقه بفضله + واضل من خذله بعدله +
وبشر المؤمنین للبشری + وشرح صدورهم للذکری + فآمنوا بالله
بالسنتهم ناطقین + وبقلوبهم مخلصین + وبما اتتهم به کتبه
ورسله عاملین + والصلوة والسلام علی من ارسله الله رحمة
للعلمین + وانزل علیه کتابه المبین + فیه تبیان کل شیء وابطال
الحاد الملحدین + فبینه بسنته الواضحة الادلة والبراهین +

દીનને મજબૂત કર્યો. હમ્દ અને સલાત બાદ, બેશક હું તેથી વાકેફ થયો, જેને એવા આલિમે અલ્લામાએ લખ્યો છે કે, કમાલ અદરાક મોટી સમજણવાળા છે અને તે એવી છાનબીનવાળા છે જે અક્કલને હયરાન કરી દે તે જનાબ **અહમદ રઝાખાન** છે અને જે ખુલાસો તેઓની કિતાબ **મોઅતમદુલ મુસ્તનદ** થી લીધો છે. તેથી મેં તેમને આલા દરજ્જાની સત્ય તપાસણીવાળા જોયા. જેથી આ (રિસાલાના) લખનારની અલ્લાહ માટે ખૂબી છે. બેશક તેણે મુસલમાનોના રસ્તા પર (શરીઅત) થી દરેક ઈજા દેનારની (કાંટા કચરા) વસ્તુ (ગુમરાહી) ને દૂર કરી દીધી અને અલ્લાહ અને તેના રસુલ અને દીનના ઈમામો અને આમ મુસલમાનોની ખેરખ્વાહી કરી, એને ઉમર બિન હમદાન મોહરસી જે મઝહબના માલેકી અને અકીદાના સુન્ની અશઅરી છે, તેણે રબીયુસ્સાનીની આઠ તારીખે લખ્યું, જે સરવરે આલમના શહેરમાં ઈલ્મનો ખિદમતગાર છે.

ઉમર બિન
હમદાન
મોહરસી

---

**(૨૯) આલીમે મૌસુફ, સલ્લલ્મહુલ્લાહો તઆલાનો બીજી વખતનો ફત્વો, કસ્તુરી જેટલી વાર વધારે થાય તે સૌથી ખૂબીને પાત્ર છે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

સર્વ ખુબીઓ તે ખુદાને છે, જેણે પોતાના ફઝલથી જેને તવફીક બખ્શી, તેને માર્ગ બતાવ્યો અને જેને છોડી દીધો તેને પોતાના ન્યાયથી તેણે ગુમરાહ કર્યો અને ઈમાનવાળાઓને સહેલાઈનો માર્ગ બખ્શયો અને શિખામણ કબૂલ કરવા માટે તેઓના દીલો ખોલી દીધાં. જેથી ઈઝઝત અને બુઝૂર્ગીવાળા અલ્લાહ ઉપર જીભોથી ગવાહી આપતા અને દિલોથી મહોબ્બત રાખતા અને જે કાંઈ તેઓને અલ્લાહ તઆલાની કિતાબો અને રસુલોએ આપ્યું, તે ઉપર અમલ કરતા ઈમાન લાવ્યાં, અને દુરૂદ અને સલામ તેઓ ઉપર જેઓને અલ્લાહ તઆલાએ આખી સૃષ્ટિ માટે રહમત બનાવી મોકલ્યા અને તેઓ ઉપર પોતાની ખુલાસાવાર કિતાબ ઊતારી, જેમાં દરેક વસ્તુનું પ્રકાશિત બયાન છે અને બેદીનોની બેદીનીને બાતિલ કરવાનુ બયાન નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમે પોતાની સુન્નતોથી જાહેર ફરમાવી દીધું, જેથી દલીલો અને સાબિતીઓ જાહેર છે.

وعلیٰ اٰله الهادین + واصحابه الذین شادوا الدین + ومن تبعهم باحسان الی یوم الدین + لا سیما الائمة الاربعة المجتهدین + ومن قلدهم من جمیع المسلمین + اما بعد فقد سرحت نظری فی رسالة الشیخ العالم العلامة با قر مشکلات العلوم + ومبین المنطوق منها والمفهوم + بتوضیحه الشافی + وتقریره الکافی + الشیخ احمد رضا خان البریلوی + المسماة بالمعتمد المستند حفظ الله مهجته + وادام بهجته + فوجدتها شافیة کافیة فیما ذکر فیها من الرد علی من ذکر فیها وهم الخبیث اللعین غلام احمد القادیانی الدجال الکذاب مسیلمة اٰخر الزمان ورشید احمد الکنکوهی وخلیل احمد الانبهتی واشرفعلی التانوی فهؤلاء ان ثبت عنهم ما ذکره هذا الشیخ من ادعاء النبوة للقادیانی وانتقاص النبی صلی الله تعالیٰ علیه وسلم من رشید احمد وخلیل احمد واشرفعلی المذکورین فلا شک فی کفرهم ووجوب قتلهم علی کل من یملکه ذلک قاله الفقیر

المحرسی عمر ابن حمدان

الی الله تعالی عمر بن حمدان المحرسی +

المالکی خادم العلم بالمسجد النبوی +

## ۳۰ صورة ما کتبه الفاضل الکامل العالم العامل + الطبیب المداوی + لداء اهل المساوی + السید محمد بن محمد المدنی الدیداوی + تغمده الله تعالیٰ بالفضل الحاوی

بسم الله الرحمٰن الرحیم

الحمد لله + والصلاة والسلام علی رسول الله + واٰله وصحبه ومن والاه +

અને તેઓની આલ ઉપર દુરૂદ અને સલામ, જેઓ માર્ગ બતાવનારા છે અને તેઓના સહાબા ઉપર, જેઓએ દીનને મજબૂત કર્યો અને નેકીઓની સાથેના તેઓના તાબેદારો ઉપર કયામત સુધી. ખાસ કરી માર્ગ બતાવનારા ચારે ઈમામો અને તે તમામ મુસલમાનો ઉપર જેઓ તેઓના મુકલ્લિદ છે. હમ્દ અને સલાત બાદ મેં મારી નઝરને હઝરત આલિમે અલ્લાહમહના રિસાલામાં લંબાવી, જે ઈલ્મોની મુશ્કેલીઓને ખોલવાવાળા છે અને તેમાં દરેક વિવાદનો ભેદ અને સમજની સમાયલી બારીકીને પોતાની ખુલાસાવાર વિગત અને પૂરતા વિવેચનથી જાહેર કરવાવાળા, હઝરત **અહમદ રઝાખાન** બરેલ્વી, જેઓના રિસાલાનું નામ **અલમોઅતમદુલ મુસ્તનદ** છે. અલ્લાહ તઆલા તેઓના જાનનું રક્ષણ ફરમાવે અને તેઓનો આનંદ હંમેશા રાખે. તો આ રિસાલામાં જે લોકોનું વર્ણન છે, તેઓના રદમાં તેને શાફી અને કાફી જોયો. તે લોકો કોણ છે ? ખબીસ મરદૂદ **ગુલામ અહમદ કાદયાની** દજ્જાલ કઝઝાબ આખિર ઝમાનાનો મુસયલેમહ અને **રશીદ અહમદ ગંગોહી** અને **ખલીલ અહમદ અંભેટી** અને **અશરફઅલી થાનવી** છે. તો આ લોકોથી જ્યારે તે વાતો સાબિત છે, જે મઝકુર ફાઝિલે વર્ણન કરી કે **કાદયાની**નો નબુવતનો દાવો કરવો અને **રશીદ અહમદ** અને **ખલીલ અહમદ** અને **અશરફઅલી**નું નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમની શાનમાં નુકશાન લગાવી ઘટાડો કરવો, તો તે કંઈ શંકા નથી કે તેઓ કાફિરો છે અને જેઓ કત્લનો અખત્યાર રાખે છે, (એટલે ઈસ્લામના સુલતાનો) તેઓ ઉપર વાજીબ છે કે તેઓને મોતની સજા આપે. અલ્લાહ તઆલાના મોહતાજ **ઉમર બિન હમદાન મોહરસી** માલેકીએ આ કહ્યું, જે મસ્જીદે નબવી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમનો ખાદિમ છે.

ઉમર બિન
હમદાન
મોહરસી

---

**(30) ફાઝિલે કામિલ, આલિમ બા અમલ, બુરાઓની બુરાઇઓની તબીઅતના ઇલાજ કરનાર સય્યદ મોહંમદ બિન મોહંમદ મદની દીદાવીનો ફત્વો. અલ્લાહ તઆલા પોતાના ફઝલે અમીમમાં તેઓને સંતાડે.**

**બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ**

સર્વ ખુબીઓ ખુદાને છે અને દુરૂદ સલામ ખુદાના રસુલ અને તેઓની આલ અને અસ્હાબ અને તેઓના સર્વ દોસ્તો ઉપર

اما بعد فقد اطلعت على ما سطره العلامة النحرير + والدراكة
الشهير + الشيخ احمد رضا خان فوجدته سحرا لاولى الالباب +
وترياقا لكل مسموم حائد عن الصواب + وان قوله حق + وادلته المرسومة
صدق + فيجب على كل مسلم العمل بمقتضاها + وتكون هجيراه سرا وجهرا
حتى ينال من الخيرات منتهاها +

السيد محمد الحبيب الديداوى

كتبه اسير المساوى فقير ربه محمد بن
محمد الحبيب الديداوى + عفى عنه

## صورة ما سطره ذوى الخير الجارى + والمير السارى بين الامصار والبرارى + احد الاخيار من خيار البارى الشيخ محمد بن محمد السوسى الخيارى + المدرس بالحرم المختارى + تجلى الله تعالى عليه بشان الغفارى (٣١)

بسم الله الرحمن الرحيم

الحمد لله الذى ارسل رسوله بالهدى ودين الحق ليظهره على الدين كله +
والصلاة والسلام الاتمان الدائمان على افضل الخلق على الاطلاق سيدنا
محمد وعلى اله وصحبه ومن تبعه فى قوله وفعله + وعلى سائر الانبياء
والمرسلين + وعلى ال وصحب كل اجمعين + وعلى جميع
عباد الله الصالحين + اما بعد فقد اطلعت على هذه
الرسالة + فى الرد على اهل الزيغ والكفر والضلالة + التى الفها
العالم الفاضل + الانسان الكامل + العلامة المحقق + الفهامة المدقق +

હમ્દ અને સલાત બાદ, હું તેનાથી વાકેફ થયો, જે અલ્લામહ, ઉસ્તાઝે માહેર, જેઓ અત્યંત દિર્ઘદ્રષ્ટિવાળા નામવર છે, એટલે હઝરત **અહમદ રઝાખાન** તેમણે લખ્યો છે. જેથી મેં તેને બુદ્ધિવાનો માટે હાલ યંત્ર અને દરેક સીધા માર્ગથી જાુદા જાુદા જવાવાળા ઝહેર અપાયલા માટે તિરયાક જોયો અને બેશક તેઓની વાત સાચી છે અને તેઓની લખેલી દલીલો હક છે. માટે દરેક મુસલમાન પર ફર્ઝ છે કે તે જ દલીલોના હુકમ ઉપર અમલ કરે અને જાહેરમાં અને બાતિનમાં તે જ તેની તબીયતે સાનિયહ (પ્રકૃતિ) થઈ જાય, જેથી અત્યંત ભલાઈઓની ટોચે પહોંચે. ગુનાહોના ગિરફતાર અને પોતાના રબના મોહતાજ મોહંમદ બિન મોહંમદ હબીબ દીદાવી અફા અન્હોએ આ લખ્યું.

સૈયદ મોહંમદ હબીબ દીદાવી.

---

**(૩૧) એવા ફયઝ અને નફઅવાળા, જે શહેરો અને જંગલોમાં ચાલુ અને પસાર છે. અલ્લાહ અઝઝ વ જલ્લના નેક બંદાઓમાંથી એક નેક બંદા શેખ મોહંમદ બિન મોહંમદ સોસી ખ્યારીહરમે મદીનએ તૈયબહના મોદર્રિસનો ફત્વો. અલ્લાહ તઆલા તેઓ ઉપર પોતાની બખ્શીશોની તજલ્લી ફરમાવે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

સર્વ ખુબીઓ તે ખુદાને છે, જેણે પોતાના રસુલને હિદાયત અને સાચા દીન સાથે મોકલ્યા; જેથી તે સર્વ દીનો ઉપર ગાલિબ થાય. જે તમામ અલ્લાહની મખ્લુકથી શ્રેષ્ઠ છે, તે અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ ઉપર સૌથી ઉત્તમ અને સદા રહે એવા દુરૂદ અને સલામ હોજો અને તેઓની આલ અને અસ્હાબ ઉપર અને તેઓ ઉપર, જેઓએ તેઓના હુકમો અને ચલણોમાં તાબેદારી કરી અને તમામ નબીઓ અને રસુલો ઉપર અને તેઓ સર્વની તમામ આલ અને અસ્હાબ ઉપર અને અલ્લાહના સર્વ નેક બંદાઓ ઉપર દુરૂદ અને સલામ હોજો. હમ્દ અને સલાત બાદ હું આ રિસાલાથી આગાહ થયો, જે વાંકપણવાળા કાફિરો ગુમરાહોનો રદમાં છે, જેને આલિમ, ફાજિલ, ઈન્સાને કામિલ, અલ્લામહ મોહકિક, ફહામા મુદક્કિક,

حضرة الشيخ احمد رضا خان + اصلح الله له الحال والشان + آمين +
فوجدتها كافية فى الرد على هؤلاء الزائغين الملحدين + المعتدين
على الله تبارك و رسول رب العلمين + الذين يريدون ان يطفئوا
نور الله بافواههم و يابى الله الا ان يتم نوره و لو كره الكفرون + اولئك
الذين طبع الله على قلوبهم و اتبعوا اهواءهم + و اصمهم عن الحق
واعمى ابصارهم + وزين لهم الشيطان اعمالهم فصدهم عن السبيل
فهم لا يهتدون + وسيعلم الذين ظلموا اى منقلب ينقلبون +
كيف لا وهى موافقة للنصوص الصريحة + المشهورة الصحيحة +
فجزى الله مؤلفها عن هذه الامة الخيرية الجزاء الاوفى +
وقربه ومن يلوذ به لديه زلفى + وايد به السنة
وهدم به البدعة + وادام الامة محمد
صلى الله تعالى عليه وسلم نفعه +

آمين

كتبه الفقير الى الله
البارى
محمد بن محمد السوسى
الخيارى + خادم
العلم الشريف
+

محمد
السوسي
الخياري

હઝરત જનાબ **એહમદ રઝાખાને** લખ્યો. અલ્લાહ તેનો હાલ અને કામ સારા કરે. ઈલાહી ! તુ એવું જ કર. તો મેં તેને એવો જોયો, કે ગુમરાહ બેદીનોના રદમાં સંતોષકારક અને સંપૂર્ણ છે. જેઓએ પોતે અલ્લાહ અઝઝ વ જલ્લ અને રબ્બુલ આલેમીનના રસુલ ઉપર ધસારો કર્યો; જેઓ એમ ચાહે છે કે, પોતાના મોઢાથી અલ્લાહનું નૂર ઓલવી નાખે પણ અલ્લાહ (તે) ન માનતાં પોતાના નૂરને પૂરો કરશે, ભલે, કાફિરો બુરૂ માને. એ લોકો તે છે, જેઓના દિલો ઉપર અલ્લાહ તઆલાએ મહોર લગાવી દીધી અને આ લોકો પોતાના નફસની ખ્વાહિશનું પૂછડું પકડી બેઠા છે અને અલ્લાહે તેઓને હકથી બહેરા કરી દીધા અને તેઓની આંખો ફોડી નાંખી અને શયતાને તેઓની નઝરોમાં તેઓના કામો સારા કરી દેખાડયા. એથી તેઓને સીધા માર્ગથી રોકી દીધા; જેથી તેઓ હિદાયત પામતા નથી અને હવે ટૂંકમાંજ ઝાલિમો જાણી લેશે કે કેવા પલટાઓ ઉપર પલટાઓ ખાય છે. કેમ ન હોય ? આ રિસાલો જાહેર અને પ્રખ્યાત અને ખરા નુસુસ (આયતો અને હદીષો) ની માફક છે.

અલ્લાહ તઆલા તેના કર્તાને સારી ઉત્તમ ઉમ્મતથી અત્યંત
કામિલ બદલો અર્પણ કરે અને તેને આ જેટલા તેની
પનાહમાં છે, તેઓને પોતાની નજદીકી બખ્શે
અને તેનાથી એહલે સુન્નતને તાકાત આપે
અને બિદઅતને નાબુદ કરે અને
મોહંમદ સલ્લલ્લાહો તઆલા
અલયહે વ સલ્લમની ઉમ્મત
માટે તેનાથી હંમેશા નફો રાખે. અય અલ્લાહ !
એવું જ કર. અલ્લાહ અઝઝ વ જલ્લ,
ખાલિકે આલમનો મોહતાજ મોહંમદ
બિન સોસી ખ્યારીએ આને
લખ્યું, જે ઈલ્મ શરીફનો
ખાદિમ છે.

મોહંમદ
સોસી ખ્યારી




صورة ما كتبه حائز العلوم النقلية + وفائز الفنون ٣٢
العقلية + الجامع بين شرف النسب والحسب + وارث العلم
والمجد ابا عن اب المحقق الالمعي + والمدقق اللوذعي +
مفتي الشافعية + بالمدينة المحمية + مولانا السيد
الشريف احمد البرزنجي + عمت فيوضه كل رومي وزنجي

بسم الله الرحمن الرحيم

الحمد لله الذي وجب له الكمال المطلق لذاته في ذاته وصفاته + الذي يسبح له ويقدسه عن كل نقص من في ارضه وسماواته + وتعالت حقيقته عن الشريك والنظير + فليس كمثله شئ وهو السميع البصير + كلامه الازلي هو الصدق وعين اليقين + وقوله الفصل والحق المبين + وافضل الصلاة والتسليم + واكمل الرحمة والبركة والتكريم + على سيدنا ومولانا محمدن الذي اصطفاه ربه على العلمين +

૭૮૬
૯૨

# બરકાતે મદનીયહ અઝ ઉમદએ શાફઈયહ

**બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ**

**(૩૨) જામએ ઉલુમે નકલીયહ વ અસ્લે ફનુને અકલીયહ, જામએ શરાફતે હસબો નબસ, આબાઓ અજદાદથી ઈલ્મ અને શરફના વારિસ મોહક્કિ સાહેબે ઝેહનેનકા, વ મુદક્કિકે તેઝ દહન, મદીનએ તૈયબહમાં શાફઈઓના મુફતી મવલાના સય્યદ શરીફ અહમદ બરઝન્જીનો ફત્વો. તેઓનો ફયઝ દરેક કાળા અને સફેદને શામેલ હોય.**

**બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ**

સર્વ ખુબીઓ તે ખુદાને છે, જેને પોતાની ઝાતથી દરેક જાતિ અને સિફાતી કમાલ લાઝિમ છે. જે કાંઈ આસ્માન અને જમીનમાં છે, તે તેની તસ્બીહ કરે છે અને દરેક ઐબથી તેની પાકી બોલે છે અને તેની ઝાત ભાગીદાર અને જોડીદારથી ઘણી જ શ્રેષ્ઠ અને અતિ ઊંચે છે. તો કોઈ વસ્તુ તેના જેવી નથી, તે જ સાંભળે અને જાુએ છે. તેનો કલામ અસલ, સાચો અને સ્વચ્છ યકીન કરવા જેવો છે અને તેનો કૌલ હક અને જુઠમાં ફેંસલો ફરમાવી દેવાવાળો અને તદ્દન સાચો છે અને સર્વથી વધુ સારો દુરૂદ અને સલામ અને સર્વથી વધુ કામિલ રહમત અને તઅઝીમ અમારા સરદાર અને મવલા મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ ઉપર, જેઓને તેઓના રબે તમામ જહાનથી ચૂંટી લીધા

وآتاه علم الاولين والآخرين + وانزل عليه القرآن المجيد + لا ياتيه الباطل من بين يديه ولا من خلفه تنزيل من حكيم حميد + وخصه بالكمالات التى لا تستقصى + وعلمه المغيبات التى لا تحصى + فهو افضل الخلق ذاتا وشمائل على الاطلاق + واكملهم عقلا وعلما وعملا بلا شقاق + وختم به النبيين فلا رسول ولا نبى بعده + وابد شرعه فلا تنسخ حتى تقوم الساعة وينجز الله وعده + وآله الطيبين الطاهرين + واصحابه المؤيدين بنصر الله على عدوهم حتى اصبحوا ظاهرين + اما بعد فيقول المحتاج الى عفو ربه المنجى + السيد احمد ابن السيد اسمعيل الحسينى البرزنجى + مفتى السادة الشافعية + فى مدينة خير البريه + عليه افضل الصلاة والتحية + انى قد وقفت ايها العلامة النحرير + والعالم الشهير + ذو التحقيق والتحرير + والتدقيق والتحبير + عالم اهل السنة والجماعة جناب الشيخ احمد رضا خان البريلوى ادام الله توفيقه وارتفاعه + على خلاصة من كتابك المسمى بالمعتمد المستند + فوجدته تعالى اكمل الدرجات من حيث الاتقان والمنتقد + وقد ازلت بها الاذى عن طريق المسلمين + ونصحت فيها الله ورسوله ولائمة الدين + واثبت فيها براهين الحق الصحيحة + وامتثلت فيها قوله صلى الله تعالى عليه وسلم الدين النصيحة + فهى وان كانت غنية عن الاطراء والتبجيل + والثناء الجميل + لكنى احببت ان اجاريها فى زهانها + واجلو عن بعض الوجوه فى مضمار تبيانها + لكى اشارك صاحبها فيما استوجب من الحظ الجميل + والاجر المدخر

અને તેઓને આગલા અને પાછલાનું સર્વ ઈલ્મ અર્પણ કર્યું અને તેઓ ઉપર કુરઆને અઝીમ ઊતાર્યું, જેની તરફ જુઠને આગળ પાછળથી માર્ગ નથી, જે હિકમતવાળા અને વખણાયલા તરફથી ઉતારવામાં આવ્યું છે અને તેઓને એવા કમાલો સાથે ખાસ કર્યા, જેની કોઈ હદ થઈ શકતી નથી એને તેઓને એટલા ગયબના ઈલ્મો અર્પણ કર્યા, જેમની ગણત્રી નથી. જેથી તેઓ તમામ જહાનથી ઝાતમાં તથા સિફાતમાં બિલકુલ જ અફઝલ છે અને અકલ, ઈલ્મ અને અમલમાં વગર વિરોધે આખી દુનિયાથી પૂરા કામિલ છે અને તેઓ ઉપર અમ્બિયાને ખત્મ ફરમાવ્યા, જેથી તેઓની પછી કોઈપણ નબી કે રસુલ નથી અને તેઓની શરીઅતને હંમેશની કરી, જેથી કયામત સુધી તે મન્સુખ ન થશે અને અલ્લાહ પોતાનો વાયદો પૂરો કરશે અને તેઓની સાફ અને પાક આલ અને તેઓના અસ્હાબ ઉપર જેઓની દુશ્મનો ઉપર અલ્લાહ તઆલાની મદદે મદદ ફરમાવી અને તે અહીં સુધી કે તેઓ જ ફતેહમંદ નિવડયા. હમ્દ અને સલાત બાદ પોતાના નજાત આપનાર રબની માફીના મોહતાજ સૈયદ અહમદ બિન સૈયદ ઈસ્માઈલ હુસેની બરઝનજી જે સરવરે આલમ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમના મદીના તૈયબહમાં શાફઈઓનો મુફતી છે, તે કહે છે કે ''અય અલ્લામહ કમાલે માહેર ! મશ્હુરો મુશ્તહર ! સાહેબે તહકીક વ તનકીહ ! વ તદકીક વ તઝઈન ! આલિમે એહલે સુન્નત વ જમાઅત ! જનાબ હઝરત **અહમદ રઝાખાન** બરેલ્વી અલ્લાહ તઆલા તેની તવફીક અને બુલંદી હંમેશા રાખે.'' હું આપની કિતાબ **અલ મોઅતમદુલ મુસ્તનદ**ના ખુલાસાથી વાકેફ થયો, તો મેં તેને મજબૂતી અને પરખના ઊંચા દરજજા ઉપર જોયો અને તે (રિસાલા)થી આપે મુસલમાનોના માર્ગમાંથી ઈજા આપનારી દરેક વસ્તુ હટાવી દીધી અને તેમાં આપે અલ્લાહ અને રસુલ અને અઈમ્માએ દીનની ખેરખાહી કરી અને આપે તેમાં હકની ખરી દલીલોથી સાબિતીઓ આપી અને તેમાં આપે રસુલુલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમના આ હુકમ કે **''દીન ખેરખાહી છે''** નો અમલ કર્યો. જેથી આપનું લખાણ જો કે મદહ અને તઅઝીમ અને સારી તારીફથી બેન્યાઝ છે, છતાંય મને તેના વિશાળ મેદાનમાં તેની સાથે ભાગ લેવાનું પસંદ આવ્યું અને તેના ઝળકી રહેલા પ્રકાશિત વિવેચનના ક્ષેત્રમાં બીજા કેટલાએક સબબો જાહેર કરૂં, જેથી હું પણ રિસાલો લખનારના તે સારા ભાગમાં જે તેણે પોતાના માટે વાજીબ કરી લીધો અને તે બદલો અને ઉત્તમ સવાબમાં

9

عند الله والثواب الجزيل فاقول اما ما ذكر عن
غلام احمد القاديانى من دعواه مماثلة المسيح
ودعواه الوحى اليه النبوة وتفضيله على كثير من الانبياء
وغير ذلك من الاباطيل التى تمجها الاسماع + وينفر عنها مستقيم الطباع + فهو
فى ذلك اخو مسيلمة الكذاب + واحد الدجالين بلا ارتياب + لا يقبل
الله منه علما ولا عملا ولا قولا + ولا صرفا ولا عدلا + لانه قد مرق
عن دين الاسلام مروق السهم عن الرمية + وكفر بالله
ورسوله وآياته الجلية + فيجب على كل مؤمن يخشى الله وعذابه
ويرجو رحمته وثوابه + ان يتجنبه واحزابه + وان يفر منه فراره
من الاسد والمجذوم + لان قربه داء سار وبلاء جار وشوم +
وكل من رضى بشئ من مقالاته الباطلة او استحسنه او اتبعه عليها
فهو كافر فى ضلال مبين + اولئك حزب الشيطن الا ان حزب
الشيطن هم الخسرون + لانه قد علم بالضرورة من الدين +
ووقع الاجماع من اول الامة الى اخرها بين المسلمين + على
ان نبينا محمدا صلے الله تعالى عليه وسلم خاتم النبيين واخرهم
لا يجوز فى زمانه ولا بعده نبوة جديدة لاحد من البشر + ان
من ادعى ذلك فقد كفر + واما الفرقة المسماة بالاميرية والفرقة
المسماة بالنذيرية والفرقة المسماة بالقاسمية وقولهم لو فرض
فى زمنه صلے الله تعالى عليه وسلم بل لو حدث بعده نبى جديد لم
يخل ذلك بخاتميته الخ فهو قول صريح فى تجويز
نبوة جديدة لاحد بعده ولا
شك ان من جوز
ذلك فهو

જે અલ્લાહ અઝઝ વ જલ્લની પાસે ખજાનો છે, તેનો સાથી થઈ જાઉં. તે જે **ગુલામ અહમદ કાદયાની**ના કલામો (જેવાં કે) પોતે મસીહ જેવો હોવાનો અને પોતાની તરફ વહી આવવાનો અને પોતે નબી હોવાનો અને ઘણા નબીઓથી પોતે સારો હોવાનો દાવો કરે છે; અને તે સિવાય બીજી જૂઠી વાતો જેને સાંભળતાં જ કાનો ફેંકી દે છે અને સાચી તબીઅતવાળાઓ તેનાથી નફરત કરે છે. જેનું વર્ણન કરવામાં આવ્યું છે, તો હું કહું છું કે તે એ વાતોમાં જૂઠા મુસયલેમહનો ભાઈ છે અને વગર શકે દજ્જાલો પૈકી એક દજ્જાલ છે. અલ્લાહ તઆલા તેનો ઈલ્મ, અમલ, કૌલ, ફર્ઝ અને નફીલ કબૂલ કરશે નહીં. સબબ કે જેવો કમાનથી તીર નીકળી જાય છે, તેમજ તે દીને ઈસ્લામથી નીકળી ગયો. અલ્લાહ અને રસુલ અને તેની પ્રકાશિત આયતોની સાથે (તેણે) કૂફ્ર કર્યું એટલે દરેક મુસલમાન ઉપર જે અલ્લાહ પાકના અઝાબથી બીએ અને તેની રહેમત અને સવાબનો ઉમીદવાર હોય, તેના ઉપર વાજીબ છે કે તેનાથી અને તેની ટોળીથી પરહેઝ કરે અને તેનાથી એવી રીતે નાસે, જેવી રીતે વાઘ અને કો'ડીયલથી નાસે છે; એટલા જ માટે કે તેની પાસે જવું, તે ચેપી રોગ ચાલતી બલા અને નેહસ્તી છે અને જે કોઈ માણસ તેની જુઠી વાતોમાંથી કોઈપણ વાત ઉપર રાજી થાય અથવા તેને સારી જાણે અગર તેની તાબેદારી કરે તો તે પણ કાફિર ખુલ્લી ગુમરાહીમા છે. એ જ લોકો શયતાનની ટોળીવાળા છે અને શયતાનની જ ટોળીવાળા નુકસાનમાં સપડાયલા છે. કારણ કે દીનથી બિનજરૂરત યકીન થયેલુ સિધ્ધાંત છે અને તમામ ઉમ્મતે ઈસ્લામનો શરૂઆતથી છેવટ સુધી ઈજમાઅ (સંપ્રદાય) છે કે અમારા નબી મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ સર્વ અમ્બિયાના ખત્મ કરવાવાળા અને સર્વ પયગમ્બરોથી પાછળ આવેલા છે. ન તો તેઓના ઝમાનામાં કોઈ માણસને માટે નવી નબુવતનું હોવું શકય છે, ન તો તેઓની બાદમાં હોઈ શકે છે અને જે કોઈ એનો દાવો કરે, તે વગર શકે કાફિર છે. હવે રહ્યા **અમીર અહમદ** અને **નઝીર હુસેન** અને **કાસિમ નાનોત્વી**ના ફિરકાઓ અને તેઓનું કહેવું કે અગર હુઝુરે અકદસ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમના ઝમાનામાં કોઈ નબી ફર્ઝ કરવામાં આવે, બલ્કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમના બાદ કોઈ નબી પયદા થાય તો તેથી મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમના ખાતિમે નબુવત હોવામાં કાંઈપણ ફર્ક ન આવશે (તેના છેવટના બોલ સુધી). તો આ કલામથી સ્પષ્ટ જાહેર છે કે નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ પછી કોઈને નવી નુબુવત મળવી દુરસ્ત માની રહયા છે; અને કાંઈ શંસય નથી કે જે તેને જાએઝ માને, તે

كافر باجماع علماء المسلمين + وهم عند الله من الخسرين +
وعليهم وعلى من رضى بمقالتهم تلك ان لم يتوبوا غضب الله
ولعنته الى يوم الدين + واما الفرقة الوهابية الكذابية
اتباع **رشيد احمد الكنكوهى** القائل بعدم تكفير
من يقول بوقوع الكذب من الله بالفعل تعالى الله عما يقولون
علوا كبيرا فلا شك ايضا ان من يقول بوقوع الكذب من الله
تعالى كافر معلوم كفره من الدين بالضرورة ومن لا يكفره
فهو شريكه فى الكفر لان القول بوقوع الكذب من الله تعالى
يؤدى الى ابطال جميع الشرائع المنزلة على نبينا صلى الله تعالى
عليه وسلم وعلى من قبله من الانبياء والمرسلين لان القول
بذلك مستلزم لعدم الوثوق بشئ من الاخبار التى اشتملت عليها
كتب الله المنزلة فلا يتصور مع ذلك ايمان وتصديق الجازم
بشئ منها مع ان شرط الايمان وصحته التصديق الجازم بجميع ذلك قال
الله تعالى قولوا امنا بالله وما انزل الينا وما انزل الى ابرٰهيم
واسمٰعيل واسحٰق ويعقوب والاسباط وما اوتى موسىٰ وعيسىٰ
وما اوتى النبيون من ربهم لا نفرق بين احد منهم
ونحن له مسلمون ٥ فان اٰمنوا بمثل ما اٰمنتم به فقد اهتدوا
وان تولوا فانما هم فى شقاق فسيكفيكهم الله وهو السميع العليم +

ولان الرسل كلهم اجمعين قد اتفقوا على
صدقه سبحٰنه وتعالى فى جميع كلامه
فحينئذ يكون القول بوقوع
الكذب من الله تعالى
تكذيب لجميع الرسل

ઉમ્મતના આલિમોના (ઈજમાઅથી) એકીમતે કાફિર છે અને અલ્લાહની નજદિક (તેઓ) નુકસાન પહોંચાડનારા છે અને આ લોકો ઉપર અને જે તેઓની વાત ઉપર રાજી રહે તેના ઉપર જો તેઓ તૌબા ન કરે તો કયામત સુધી અલ્લાહનો ગઝબ અને લઅનત છે અને તે ટોળી જે વહાબીયહ કઝઝાબીયહ **રશીદ અહમદ ગંગોહીની** તાબેદાર છે અને જેનો કોલ છે કે અલ્લાહ તઆલાથી વુકુએ કિઝબ બિલફઅેલ માનવાવાળાને કાફિર ન કહેવું જોઈએ, અલ્લાહ અત્યંત બુલંદ છે, તેઓની વાતોથી ! તો કોઈ શંકા નથી કે જે બારી તઆલાથી વુકુએ કિઝબ બિલ ફઅેલ માને (તે) કાફિર છે અને તેનો કુફ્ર દીનની તે બદીહી (જેમાં દલીલની હાજત ન હોય એવી જાણીતી) વાતોથી છે, જે ખાસ અને આમ કોઈથી પણ છુપુ નથી અને જે તેને કાફિર ન કહે, તે તેના કુફ્રમાં તેનો ભાગીદાર છે. કારણ અલ્લાહ અઝઝ વ જલ્લથી જુઠનું જાહેર થવું માનવું, તે સર્વ શરીઅતોને જે નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ અને તેઓથી આગલા નબીઓ અને રસુલો ઉપર ઊતારી છે, તે બધી શરીઅતો રદ કરવાનો સબબ થશે. કેમકે એથી લાઝિમ આવશે કે દીનની કોઈપણ ખબર ઉપર ભરોસો ન કરવામાં આવે, એટલે તેમાં અલ્લાહની કિતાબો (જે નબીઓ પર ઉતરેલી છે) તે પણ શામેલ છે. તે બધી પણ જુઠી ઠરશે ! આવી સ્થિતિમાં ન તો ઈમાન મજબૂત રહેશે અને ન તો તે (શરીઅતો અને કિતાબો ઉપર) ખાત્રીપૂર્વક યકીન જામશે ! (તો ઈમાન કયાં રહ્યું ?) ઈમાન અને ઈમાનની દુરસ્તીની તો એ જ શરત છે, કે સંપૂર્ણ યકીન સાથે (સ્હેજ પણ શંકા કે સંશય વગર) તે તમામ ખબરોને સાચવવામાં આવે. અલ્લાહ અઝઝ વ જલ્લ પોતાના બંદાઓથી ફરમાવે છે : “એમ કહો કે, **અમો ઇમાન લાવ્યા, અલ્લાહ ઉપર અને તે ઉપર જે અમારા તરફ ઉતારવામાં આવ્યો અને જે ઉતારવામાં આવ્યો, ઇબ્રાહીમ અને ઇસ્માઇલ અને ઇસ્હાક અને યઅકુબ અને બની ઇસરાઇલની શાખોની તરફ અને તે ઉપર જે કાંઇ અતા કરવામાં આવ્યું; મુસા અને ઇસા અને જે કાંઇ બીજા નબીઓને પોતાના રબની પાસેથી અપાયું, અમો તેઆમાં કોઇ ઉપર ઇમાનમાં ફરક નથી કરતા અને અમો તેની હુઝુર ગરદન રાખી રહયા છીએ. તો આ યહુદીઓ અને નસારાઓ વિગેરે તમારા વિરોધીઓ જો આ જ પ્રમાણે ઇમાન લઇ આવે, જેવી રીતે તમો લાવ્યા, ત્યારે તો માર્ગ મેળવી ગયા અને જો મોઢું ફેરવે, તો તેઓ મોટા ઝગડવાવાળા છે. તો અય નબી ! કરીબ છે કે, અલ્લાહ તઆલા તને તેઓની બુરાઇથી કિફાયત કરશે અને તે જ છે સાંભળવા અને જાણવાવાળો**”. અને એ માટે કે તમામ અમ્બિયાએ કિરામ અલયહે મુસ્સલાતો વસ્સલામનો એકમત છે કે અલ્લાહ સુબ્હાનોહુ વ તઆલા પોતાના તમામ કલામોમાં સાચો છે. ત્યારે હક સુબ્હાનોહુ વ તઆલાથી જુઠ જાહેર થવું માનવું અલ્લાહ તઆલાના તમામ રસુલોને જુઠા ઠેરવવું થશે

ولا شك فی کفر من یکذبهم ولا یلزم فی ذلک دور بین تصدیق الرسل الله تعالی وتصدیق الله للرسل بالمعجزات لان التصدیق بالمعجزة تصدیق بالفعل وتصدیق الرسل لله تعالی تصدیق بالقول فانفکت الجهتان کما وضحه صاحب المواقف واما استناد هذه الفرقة الضالة فی تجویز الکذب علی الله سبحنه وتعالی عما یقولون علوا کبیرا الی تجویز بعض الائمة الخلف فی وعید الله للعصاة فهو استناد باطل لان کلّ اٰیة ونص شرعی مشتمل علے وعید البعض العصاة اذا کان ذلک الوعید فی تلک الاٰیة او النص مطلقا فهو مقید بمشیة الله تعالی بلا ریب لقوله تعالی ان الله لا یغفر ان یشرک به ویغفر ما دون ذلک لمن یشآء اما بالنظر الی کلامه النفسی الازلی فلانه صفة واحدة فالمقید والمقید فیها مجتمعان ازلا وابدا لا یفترقان واما بالنظر للوحی المنزل فالاطلاق والقید یفترقان بحسب تعدّد الاٰیات وافتراقها وکلّ مطلق فیها محمول علی المقیّد منها کما هی القاعدة الاصولیة فکیف یتصور مع هذا الزوم القول بالکذب علی الله جل شانه عند من یقول بجواز خلف الوعید والله المستعان علے ما یصفون وامّا قول رشید احمد الکنکوهی المذکور فی کتابه الذی سماه بالبراهین القاطعة ان هذه السعة فی العلم ثبتت للشیطان وملک الموت بالنص وای نص

قطعی فی سعة علم رسول الله صلی الله

تعالی علیه وسلم حتی ترد به النصوص

جمیعا ویثبت شرک الخ

અને અમ્બિયા અલયહિમુસ્સલાતો વસ્સલામને જુઠા ઠેરવવાવાળાના કુફ્રમાં કાંઈ શંકા નથી અને આમાં આ બિના ઉપર કે રસુલોએ અલ્લાહ પાકને સાચવ્યો અને અલ્લાહ અઝઝ વ જલ્લે તેઓને મોઅજીઝા અતા ફરમાવી તેઓને સાચવ્યા. કોઈપણ વસ્તુનું પોતાની નફસ ઉપર મોકુફ હોવું લાઝિમ ન આવશે અને તે એ માટે કે અલ્લાહ અઝઝ વ જલ્લે અમ્બિયા અલયહિમુસ્સલામની સચ્ચાઈ જે મોઅજીઝાઓથી ફરમાવી, તે એક કાર્યની સાથે સચ્ચાઈ છે (કે મોઅજેઝાનું જાહેર થવું તે અલ્લાહનું કાર્ય છે) અને રસુલોનું અલ્લાહ અઝઝ વ જલ્લને સાચવવું કૌલથી છે જેથી કારણો જુદા થઈ ગયા. જેવું કે સાહેબે મવાકિફ તેનો પ્રકાશિત ખુલાસો કર્યો અને તે જે ગુમરાહ ફિરકાએ **મસલએ ઇમકાને કિઝબ** (જુઠ બોલી શકવાના મસ્લા)માં જેનાથી અલ્લાહ પાક, બરતર અને ઘણો જ બુલંદ છે, તેની સનદ લીધી છે કે અમુક ઈમામો તેને જાએઝ રાખે છે કે (અલ્લાહ પાક) ગુનાહગારોને બખ્શે અને અઝાબ ન કરે, તો એ સનદ તેઓની બાતિલ છે અને તે એટલા માટે કે દરેક આયત અથવા શરઈ નસ (મોતબર રિવાયત) જે ગુનાહગારોને માટે કોઈ વઈદ ઉપર મુશ્તમિલ હોય અને જો તે વાયદો તે આયત અથવા નસમાં જાહેરમાં પણ બિલકુલ સંબંધ વિના છેડી દેવાયો હોય તો પણ હકીકતમાં તે વગર શકે ખુદાપાકની મશીયત (મરજી) સાથે સંબંધક છે, કેમકે અલ્લાહ અઝઝ વ જલ્લ પોતે ફરમાવે છે કે **"બેશક અલ્લાહ તઆલા કુફ્રને બખ્શતો નથી અને તેથી નીચે જે કાંઇ છે, (તે પૈકીમાંથી) 'જેને ચાહશે' (તેને) બખ્શી દેશે."** અગર અલ્લાહ અઝઝ વ જલ્લના કદીમી જાતી કલામ તરફ જુઓ તો ત્યાં આ છુટનું સંબંધ થવું, એ પ્રમાણે જાહેર છે કે તે એક સિફતે બસીત છે, જેથી તેમાં કેદ (સંબંધ) અને કેદી (સંબંધક) અઝલથી અબદ સુધી હંમેશા એકઠા છે, જેમાં કદીએ જુદાપણુ નથી અને જો આ ઉતારેલા વહી તરફ નઝર કરો તો એમાં પહેલાંથી જ ઘણી આયતો જુદી જુદી લે, તો તેથી કેદ (સંબંધક) અને બેકેદ (અસંબંધક) અલગ અલગ થઈ જશે, પરંતુ આમાં જે મુત્લક (અસંબંધક) છે, તે મુકય્યદ (સંબંધ) ઉપર મહમુલ છે, જેવો કે ઉસુલનો કાયદો છે. આ કારણોના હોવા છતાં કેવી રીતે ખ્યાલમાં આવી શકે છે કે અલ્લાહ અઝઝ વ જલ્લનો જુઠનો કોલ 'ખોલફે વઈદ' જાએઝ માનવાવાળાઓ ઉપર લાઝિમ આવે? અને આ લોકોની (ગંદી) વાતો ઉપર અલ્લાહ અઝઝ વ જલ્લથી મદદ દરકાર છે અને તે **રશીદ અહમદ ગંગોહી**એ પોતાની કિતાબ **બરાહીને કાતેઅહ**માં લખ્યું છે કે શયતાન અને મલેકુલ મૌતને આ (ઈલ્મનો) વિસ્તાર નસ (આયત અને હદીષ)થી સાબિત થયો. ફખરે આલમના ઈલ્મના વિસ્તારની કઈ નસ કતઈ છે કે જેનાથી તમામ નુસુસ (આયતો અને હદીષો)ને રદ કરીને એક શિર્ક સાબિત કરે છે? તો મજકુર રશીદ અહમદનું આ કહેવું

فهو كفر من وجهين الوجه الاول انه صريح فى ان ابليس
واسع العلم دونه صلى الله تعالىٰ عليه وسلم وهذا استخفاف
صريح به صلى الله تعالىٰ عليه وسلم والوجه الثانى انه جعل
اثبات سعة العلم لرسول الله صلى الله تعالىٰ عليه وسلم شركا وقد
نص ائمة المذاهب الاربعة على من استخف برسول الله كافروان
من جعل ما هو من الايمان شركا وكفرا كافر واما قول اشرفعلى
التانوى ان صح الحكم على ذات النبى المقدسة بعلم
المغيبات كما يقول به زيد فالمسئول عنه انه ماذا اراد بهذا
البعض الغيوب ام كلها فان اراد البعض فاى خصوصية فيه لحضرة
الرسالة فان مثل هذا العلم حاصل لزيد وعمرو بل لكل
صبى ومجنون بل لجميع الحيوانات والبهائم الخ فحكمه ايضا انه كفر
صريح بالاجماع لانه اشد استخفافا برسول الله صلى الله تعالىٰ
عليه وسلم من مقالة رشيد احمد السابقة
فيكون كفرا بالطريق الاولى وموجبا لغضب الله ولعنته الى يوم الدين
فهم جديرون بقوله تعالىٰ قل ابالله واٰيٰته ورسوله
كنتم تستهزؤن لا تعتذروا قد كفرتم بعد ايمانكم هذا حكم
هؤلاء الفرق والاشخاص ان ثبتت عنهم هذه المقالات
الشنيعة فنسأل الله الحنان المنان ان يثبتنا على الايمان
والتمسك بسنة سيد ولد عدنان وان يحفظنا من نزغات
الشيطان ووساوس النفوس واوهامها الباطلة
مدى الازمان وان يجعل ماوينا فى
فسيح الجنان وصلى الله تعالىٰ عليه وسلم
وبارك على سيدنا محمد

બે રીતે કુફ્ર છે. એક તો એ કે એમાં તેનો ખુલાસો છે કે ઈબ્લીસનો ઈલ્મ વિસ્તારવાળો છે અને હુઝુર સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમનો નથી અને આ ખુલ્લે ખુલ્લુ હુઝુરે અકદસ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમની શાન ઘટાડવું છે. બીજું એ કે હુઝુર સૈયદે આલમ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમના ઈલ્મના વિસ્તારને માનવું શિર્ક ઠેરવ્યું અને ચારે મઝહબના ઈમામોએ ખુલાસાઓ ફરમાવ્યા છે કે નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમની પાક શાન ઘટાડવાવાળો કાફિર છે. બીજું એ કે જે કોઈ ઈમામની કોઈ વાતને શિર્ક અને કુફ્ર ઠેરવે, તે કાફિર છે અને તે જે **અશરફઅલી થાનવીએ** કહ્યું કે આપની પાક ઝાત ઉપર ગૈબના ઈલ્મનો હુકમ કરવો અગર ઝયદના કહેવા પ્રમાણે ખરૂં હોય તો પૂછવાનું એ છે, આ ગયબથી મુરાદ અમુક ગયબ છે અથવા કુલ ગયબ અને જો અમુક ગયબના ઈલ્મો મુરાદ છે, તો એમાં હુઝુરનું શું ખાસપણું છે ? એવો ગયબનો ઈલ્મ તો ઝયદ અને અમર બલ્કે દરેક બચ્ચા અને દીવાના, બલ્કે તમામ હયવાનો અને ચોપગાઓને હાંસિલ છે. જેથી તેનો હુકમ પણ એ જ છે કે, તે સર્વાનુમતે ખુલ્લું કુફ્ર છે અને તે એ માટે કે એમાં **રશીદ અહમદના** તે કલામથી પણ વધારે રસુલુલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમની શાનની હલકાશ છે, જેથી તે પહેલા દરજ્જાનું કુફ્ર થશે અને કયામત સુધી અલ્લાહ તઆલાના ગઝબ અને લઅનતના કારણરૂપ થયો, જેથી આ લોકો આ આયતે કરીમાના પાત્ર છે કે **"અય નબી ! એઓથી ફરમાવી દો, શું અલ્લાહ અને તેની આયતો અને તેના રસુલની સાથે ઠઠ્ઠા કરતા હતા, બહાનાઓ ન બતાવો, તમો ઇમાનની બાદ કાફિર થઇ ચૂકયા."** (સુરે તૌબા) આ ટોળીઓનો અને શખ્સોનો આ હુકમ છે. જો તેઓથી આ નાપાક વાતો સાબિત હોય, તો અલ્લાહ મોટા રહમવાળા અને ઉપકારવાળાથી અમો સવાલ કરીએ છીએ કે અમોને ઈમાન ઉપર કાયમ રાખે અને સય્યદે આલમ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમની સુન્નતનો પાલવ અમારા હાથથી કદીએ ન મૂકાવે અને શયતાનના ઝટકાઓ અને નફસના વસવસાઓ અને તેના બાતિલ વહેમોથી અમોને હંમેશા અમનમાં રાખે અને અમારૂ ઠેકાણું વિસ્તારવાળી જન્નતમાં કરે અને અલ્લાહ તઆલા અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ

سيد الانس و الجان + والحمد لله رب العلمين + امر بكتابته المحتاج
الى غفوربه المنجي + السيد احمد ابن السيد اسمعيل الحسيني
البرزنجي + مفتي السادة الشافعيه + بمدينة
خير البرية + عليه افضل الصلوة والتحية

البرزنجي
احمد
السيد

(٣٣) صورة مارقمه الفاضل الشهير + من هوفي ابلاد
الفهم كامير + ولسلطان العلم مثل وزير + مولنا
الشيخ محمد العزيز الوزير + المالكي المغربي الاندلسي + المدني
التونسي + حفظه الله تعالى عن كل مايسئ +

بسم الله الرحمن الرحيم

الحمد لله المنعوت بصفات الكمال + الواجب تقديسه وتنزيه عما
يليق في الاعتقاد والمقال + والصلوة والسلام على نبيه
ومصطفاه + وحبيبه وخيرته من خلقه ومجتباه + المبرء
من كل مايشين + المستوجب من تنقصه كل هوان ثم عذاب
مهين + وعلى آله وصحبه هداة الانام + الناقلين من دينه القويم ما
تندفع به النزعات وترهات الاوهام + وكل ذلك من معجزاته على ممر
الدهور والاعوام + اما بعد فقد طالعت ماحرر في هاته الرسالة
السنية من فضائح هاته الفرق وضلالاتهم الابليسية + وقضيت
من ذلك العجب + كيف زخرف لهم الشيطان ما اراد

ઈન્સાન અને જીનોના સરદાર ઉપર દુરૂદ મોકલે અને સર્વ ખુબીઓ અલ્લાહને છે, જે કુલ જહાનનો માલિક છે. આને લખવાનો તેણે હુકમ આપ્યો, જે પોતાના નજાત આપનાર રબની માફીનો મોહતાજ સય્યદ **અહમદ ઇબ્ને સય્યદ ઇસ્માઇલ હુસેની** બરઝન્જી છે, જે હુઝુરે અકદસ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમના મદીના શરીફમાં શાફઈઓના મુફતી છે.

સૈયદ અહમદ બરઝન્જી

---

**(33) ફાઝિલે નામવર જે કિશ્વરે ફહમમાં હાકિમ જેવા છે અને ઇલ્મના સુલતાનના માટે બજાએ વઝીર, મવલાના હઝરત મોહંમદ અઝીઝ વઝીરે માલેકી મગરેબી અન્દલસી મદની તોનિસીનો ફત્વો. અલ્લાહ તઆલા તેઓને દરેક બદીથી મહફુઝ રાખે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

સર્વે તારીફ તે ખુંદાને જે સંપૂર્ણ સિફતો સહીત તારીફ કરાયલો છે. દિલના અકીદાથી અને ઝબાનના કલામમાં દરેક અણછાજતી વાતથી તેની શાનને પાક જાણવી અને પાકી બોલવી ફર્ઝ છે અને અલ્લાહ તઆલા દુરૂદ મોકલે પોતાના નબી અને પોતાના ચૂંટી લીધેલા અને પોતાના પ્યારા અને તમામ મખ્લુકમાંથી પોતાના પસંદ કરેલા અને પોતાના બરગુઝીદા ઉપર, જેઓ દરેક ઐબથી પાક છે. જે તેઓની શાન હલકી કરે તો દુનિયામાં દરેક ખરાબી અને આખેરતમાં ઝિલ્લત દેનારા અઝાબનો હકદાર છે અને તેઓની આલ અને અસ્હાબ ખલ્કને માર્ગ બતાવનારા છે તેઓ ઉપર દુરૂદ અને સલામ. જે નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમના ખરા દીનથી તે વાતોની રિવાયત કરવાવાળા છે, જેથી શયતાની ઝઘડાઓ અને વહેમોની બનાવટો નાબૂદ થઈ જાય. આ બધું હુઝુરે અકદસ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમના મોઅજીઝાઓથી છે કે જમાનાઓ અને વર્ષોના વીતતાં સુધી રહેશે. હમ્દ અને સલાત બાદ જે કાંઈ આ પૂરનૂર રિસાલામાં તે ફિરકાઓની રૂસ્વાઈઓ અને તેઓની શયતાની ગુમરાહીઓ લખી છે તે મેં જોઈ. મને એથી સખ્ત નવાઈ ઉપજી કે શયતાને પોતાની ખ્વાહિશોને તેઓની સામે કેવી

وبلغ منهم الارب + واختلق لهم انواعا من الكفر فهم فيها يعمهون +
وتفننوا فى سلوكها فهم من كل حدب ينسلون + حتى اعتدوا
على جانب الرب الكريم وسلكوا مسلكا خبيثا + ومن اصدق من
الله حديثا + وتجرؤا على خاتم رسله المنتخب من صميم
الصميم + المنزل عليه وانك لعلى خلق عظيم + وما سطر بعدها
من الفتاوى والاجوبة المرضية المجتثة لتلك الاباطيل من
اصلها + الطاعنة بسنان الحق ورماح الفصل فى اعناقها
ونحورها + فذهبت هباء منثورا لا يذكر + وانى لظلام
الدجى البقاء مع الصبح المنير او يبهر + سيما ما نمقه وهذبه
صاحب الراية العلمية + حامل لواء مذهب ابن ادريس
بالديار الطيبة الزكية + مفتى الانام + قدوة العلماء الا
علام + الاتى من البراعة والبلاغة فى كل منزع لطيف
شيخنا واستاذنا سيدى احمد البرزنجى الشريف + جزى الله
جميعهم خير الجزاء + ومنحهم بره الجزيل الاوفى + فلم يبق لمثلى
مقال + وانى لا ذكر مع الرجال + وهل يذكر مع الصقر الفراش +
او يقاس مرأى الفرس بنظر الخفاش + لكن خشيت من عدم
الاجابة لهذا الشان + وان كنت لبعيد الشأو عن فرسان
هذا الميدان + ورجوت ان تنالنى مع هؤلاء الفحول بهم
صبابة + والفوز بالقدح المعلى فى زمرة تلك
العصابة + وانتظم فى سلك من انتضى سيفه نصرة
للدين + والله يهدى للحق وبه استعين + فاقول
مقتفيا سبيل شيخنا المذكور + ضاعف الله لجميع الاجور +
فيما نمقه من التحرير والتاصيل + وهذبه من التفريع والتفصيل +

શણગાર કરી અને તેમાં (તે) પોતાની ઈચ્છામાં ફાવી ગયો ! અને જુદા જુદા પ્રકારના કુફ્ર તેઓ માટે ઘડયા, એટલે તેઓ તેમાંજ આંધળા થઈ રહ્યાં છે અને તેઓ તે કુફ્રોના માર્ગમાં નોખનોખા થઈ ગયા. તો તેઓ ઉંચાણ તરફથી નિચાણ ખાઈ તરફ ગબડી રહયા છે. અહિં સુધી છટકયા કે ખુદ રબ્બે કરીમની બારગાહમાં હુમલો કરી બેઠા અને બહુ જ ગંદકીના માર્ગે ચાલ્યા અને "અલ્લાહથી વધારે કોની વાત સાચી છે" અને તેઓ ઉપર ધસારો કર્યો જેઓ તમામ રસુલોના ખતમ કરનાર અને સ્વચ્છમાં સ્વચ્છથી ચૂંટી કઢાયેલા છે. જેઓ ઉપર આ ખિતાબ ઉતર્યો કે "બેશક તમો ખલ્ક ઉપર અઝમતવાળા છો." વળી મેં તે ફતવાઓ અને પસંદ કરેલા જવાબો જોયા, જે આ રિસાલાના અંતમાં લખવામાં આવ્યા, જેઓએ પેલા બાતિલ કલામોને જડથી ઉખેડી ફેંકી દીધા અને હકના ભાલાઓ અને સત્ય ફેંસલાની બરછીઓ પેલી બાતિલ વાતોની ગરદનો અને છાતીઓમાં ભોંકી જેથી તેઓ છિન્ન ભિન્ન અને બરબાદ થઈ ગઈ, જેનું ચેપ કે ચિન્હ કાંઈ ન રહયું ! અને ઘોર રાત્રિનું અંધારૂં, ચળકતી અને ઝળકતી સવાર સામે કયાં થોભી શકે છે ? ખાસ કરી તે લખાણ જેમાં તત્વ ખેંચ્યું અને સભ્ય બનાવ્યું, ઈલ્મનો ઝંડો ઉઠાવનાર, પાક અને સુતરા શહેરોમાં ઈમામ શાફઈના મઝહબનો વાવટો ફરકાવનાર, મુફતીએ જહાં, બુઝુર્ગ આલિમોના પેશ્વાએ જે હયરાન કરી નાખવાવાળા કમાલ અને કલામની ઊંડાઈમાં દરેક પવિત્ર મુરાદે પહોંચ્યા, (તે) હમારા સરદાર અને હમારા ઉસ્તાદ સૈયદ અહમદ બરઝનજી શરીફ સાહેબ છે. અલ્લાહ તઆલા તેઓ સર્વને સૌથી ઘણો સારો બદલો અતા ફરમાવે અને તેઓને પોતાનો અત્યંત મોટો કામિલ એહસાન બખ્શે. તો હવે મારા જેવાને માટે શું કહેવાનું બાકી રહી ગયું છે ? કે મરદાને મયદાનમાં મારી ગણત્રી નથી અને શું બાઝની સાથે પતંગિયાનું વર્ણન થઈ શકશે ? અથવા ઘોડાનો દેખાવ શું વડવાગડની નજરથી ધારી શકશે ? પરંતુ મને આ બાબતમાં જવાબ ન આપવાથી ખૌફ ઉત્પન્ન થયો. જો કે હું આ મેદાનમાં સવારોની ઝડપી ચાલથી દૂર છું, પણ મેં આશા બાંધી કે આ મરદાને મયદાનની સાથે મને પણ બચેલું પાણી મળે અને એ જમાઅતમાં આગળ વધવાનો મોટો હિસ્સો જડે અને તે લોકોની હારમાળામાં પરોવાઈ શકું, જેઓએ દીનની મદદને માટે પોતાની તલવારો ઊગામી અને અલ્લાહ હકનો માર્ગ બતાવે છે અને હું તેનાથી મદદ ચાહું છું. એટલે હવે મારા મજકુર ઉસ્તાદની તાબેદારી કરતાં કહું છું કે અલ્લાહ તેઓ સર્વને બમણો બદલો આપે, તે પવિત્ર તપાસમાં જે તેઓએ મુખ્ય વિવેચન ઉસૂલી મતલબનો ખુલાસો કર્યો અને પરિણામો તથા દરેક ચીજનું વિગતવાર વર્ણન કરી,

ان انطباق الكليات على الجزئيات وادخال هؤلاء الفرق تحت قواعد الشريعة المطهرة وتنزيل الاحكام بمقتضاها قد حرره سادتنا بالاجوبة المذكورة بما لا مزيد عليه ولا ارتياب ولا شك فيه وانما القصد جلب بعض نصوص توجب الاعتضاد وتحكم اساس البنيان والله ولى الارشاد قال عياض من ادعى الوحي اليه او النبوة وما اشبه ذلك فهو كافر حلال الدم قال ابن القاسم فيمن تنبأ وزعم انه يوحى اليه انه كالمرتد دعا الى ذلك سرا او جهرا وقد استظهره ابن رشيد وارتضاه ابو المودة خليل في توضيحه انه يقتل دون استتابة حيث اسر الا ما اذا جهر وقال في المختصر عطفا على ما يوجب الردة او اعلن بتكذيبه او تنبأ الا ان يسر على الاظهر وحكم من سب عياذا بالله الجناب النبوي الرفيع او عابه او الحق به نقصا في نفسه او نسبه او دينه او شبهه على طريق السب والازراء عليه والتصغير لشانه والعيب له فهو ساب له حكمه القتل قال ابوبكر بن المنذر اجمع عوام اهل العلم على ان حكم الساب لمن ذكر يقتل وممن قال بذلك مالك والليث واحمد واسحق وهو مذهب الشافعي وقال محمد بن سحنون اجمع العلماء ان الشاتم المنتقص لمن ذكر كافر والوعيد جار عليه بعذاب الله وحكمه عند الامة

---

له قد تقدم مرارا ان الائمة ذكروا هذه الاحكام لسلطان الاسلام ايد الله نصره فان قتل احد او اجراء الحد عليه انما هو له واليه وعلى العلماء اظهار مكائدهم وابطال عقائدهم ورد مفاسدهم وعلى العوام الفرار منهم والاحتراز عن مخالطتهم وسماع مغالطتهم والله الموفق اه مصحح

શોભા આપી તે એ કે કુલ્લિયાત (સર્વત્વ)નું જુઝૈયાત (અંશત્વ) ઉપર બરાબર ગોઠવવું અને આ ફિરકાઓને શરીઅતના કાયદા હેઠળ લાવવું અને હુકમોને તેઓની યથાયોગ્ય જગ્યા ઉપર ઊતારવું, એ સર્વ કામ તો અમારા સરદારોએ એવી રીતે તે જવાબોમાં કરી દેખાડયા કે તેથી ઉપર વધવાની જગ્યા નથી; અને તેમાં શંકા અને શંસય કાંઈ રહયા નથી ! પરંતુ મારી ઈચ્છા ફકત એટલી જ છે કે અમુક નુસુસ મોતબર રિવાયતો લખું, જેથી ટેકો મળે અને તે ઈમારતનો પાયો વધારે મજબૂતીથી ચઢે અને અલ્લાહ હિદાયતનો માલિક છે. ઈમામ કાઝી એયાઝે ફરમાવ્યું : "જે પોતાની તરફ વહી આવવાનો અથવા નબુવત અગર તેની માફક કોઈ વસ્તુનો દાવો કરે, તો તે કાફિર છે; તેને કત્લ[1] કરવો હલાલ છે." ઈમામ ઈબ્નુલ કાસિમે ફરમાવ્યું : "જે નબી અને કહે કે, મારી તરફ વહી આવે છે, તે મુર્તદ્દની માફક છે. પછી ચાહે તે પોતાના તરફ લોકોને છૂપી દાવત આપે અથવા તો જાહેર દાવત આપે." અને ઈબ્ને રૂશદે એને જાહેર બતાવ્યું અને અબુલ મોઅદ્દત ખલીલે કિતાબુત્તવઝીહમાં તેને પસંદ કર્યું કે "ઈસ્લામનો સુલતાન આવા શખ્સને કે જ્યારે તે છુપી રીતે દાવો કરતો હોય તો તૌબા લીધા વિના કત્લ કરી નાખે અને જ્યારે જાહેરમાં દાવો કરતો હોય તે વિના તૌબાએ નહી." અને ટૂંકમાં તે વસ્તુઓ આદમીને મુરતદ્દ કરી નાખે છે, તેમાં એને પણ ગણ્યું કે "નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમને જાહેરમાં ઝુઠાવે અથવા તો નબી બને પણ આવી હાલતમાં કે જાહેરમાં દાવો ન કરતો હોય, તો તે કૌલથી જે વધુ જાહેર છે. અને જે શખ્સ મઆઝલ્લાહ ! નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમની બુલંદ બારગાહમાં બદગોઈ કરે, અથવા અયબ લગાડે અથવા હુઝુરે અકદસ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ તરફ કોઈ હલકાશની નિસ્બત આપે, હુઝુરની જાતમાં કે વંશ અથવા દીનમાં; અથવા હુઝુરને બુરૂં કહેવા, અગર તો પવિત્ર શાનમાં હલકાઈ બતાવવા કે શાને અકદસને નાની બતાવવા અને એબ લગાડવાની રૂઢીએ કોઈથી ઉપમા આપે, તો તે પણ હુઝુરને ગાળ દેવાવાળો છે. આ સર્વને માટે આ હુકમ છે કે સુલતાનનો ઈસ્લામ તેને કત્લ કરે." અબુબકર બિન અલમનઝરે કહ્યું છે : "આલીમોના સંપ્રદાયની સંમતિ (ઈજમાઅ) છે કે જે કોઈ નબી અથવા ફરિશ્તાની શાનની હલકાશ કરે, તેને મોતની સજા આપવામાં આવશે." અને ઈમામ માલિક અને લયસ અને અહમદ અને ઈસ્હાક એ જ કોલોના સહમત થયા અને એ જ મઝહબ ઈમામ શાફઈનો છે અને ઈમામ મોહંમદ બિન સહનુને ફરમાવ્યું કે "જે કોઈ નબી અથવા ફરિશ્તાને બુરો કહે અથવા તેની શાન ઘટાડે આલિમોના ઈજમાઅથી કાફિર છે અને તેની ઉપર અલ્લાહના અઝાબની વઈદ લાગુ થઈ ગઈ અને તમામ ઉમ્મતની સહાનુમતિ સમક્ષ તેના

૧. વારંવાર વર્ણવામાં આવ્યું કે ઈમામોએ આ હુકમો ઈસ્લામના સુલતાન માટે લખ્યા છે. અલ્લાહ તઆલા તેની મદદને કુવત આપે અને તે એ માટે કે કોઈને કત્લ કરવું અથવા તેના માટે હદ નક્કી કરવું ખાસ સલતનત માટે છે, અને તેને જ આનો અખત્યાર છે. આલિમો ઉપર લાઝિમ છે કે, તેઓના મકર ઉઘાડા પાડે અને તેઓના અકીદાઓને રદ કરે અને તેઓના ફિસાદોને દુર કરે અને આમ લોકો ઉપર આ લાઝિમ છે કે, તેઓથી નાસે અને તેઓથી મેલજોલ ન કરે અને તેઓની વાતો ન સાંભળે. અલ્લાહ તવફીક આપવાવાળો છે.

القتل ومن شك فى كفره و عذابه كفر و النصوص عليه
عن مالك من روايه ابن القاسم وابى مصعب وابن
ابى اويس ومطرف وغيرهم مشحونة بها امهات كتب
المذهب ككتاب ابن سحنون والمبسوط والعتبية
وكتاب محمد بن المواز وغيرها بان حكم من شتم اوعاب
اوتنقص القتل مسلما اوكافرا ولا يستتاب ونص عياض فى
ان مما يلحق فى الحكم بمن ذكر ان ينفى ما يجب له مما
هو فى حقه نقيصة مثل ان يغض من مرتبته اوشرف
نسبه اووفور علمه اوزهده فحكم هذا الوجه كالاول
القتل دون تلعثم ثم قال اعلم ان مشهور مذهب فى
مالك فى الساب وقول السلف وجمهور العلماء قتله
حدا لا كفرا ان اظهر التوبة ولهذا لا تقبل توبته
ولا تنفعه استقالته وفيئته كانت توبته قبل القدرة
عليه اوبعدها قال القابسى يقتل بالسب ان اظهر التوبة
لانه حد ومثله لابن ابى زيد وقال ابن سحنون لا تذيل
توبته عنه القتل واما بينه وبين الله فتوبته فى
تنفعه وعلله عياض بانه حق للنبى صلى الله
تعالى عليه وسلم ولامته بسببه لا تسقطه
التوبة كسائر حقوق الادميين
وجمع ذلك العلامة
خليل فى قوله

---

له هذا كله لسلطان الاسلام ايده الله نصره كما تقدم مرارا ۱۲ه

માટે મોતની સજાનો હુકમ છે; અને જે તેના કાફિર હોવામાં અને અઝાબી હોવામાં શંકા કરે, તે પણ પોતે કાફિર છે.'' અને ઈમામ માલેકના નસુસ (આયતો અને હદીષો) જે તેઓથી ઈબ્નુલ કાસિમ અને અબુ મુસઈબ અને ઈબ્ને અબી ઉવેસ અને મુતરફ વિગેરે સાહેબોએ રિવાયત કર્યા, તેનાથી અતિ ઉમદા મઝહબની કિતાબો, જેવી કે *'ઈબ્ને સહનુનની કિતાબ'* અને *'મબસુત'* અને *'અતબીયહ'* અને *'મોહંમદ બિન અલમવાઝ'*ની કિતાબ વિગેરે ભરેલી છે કે ''જે બુરો કહે અથવા એબ લગાડે અગર હુઝુરની શાનની હલકાશ કરે તેને માટે આ જ હુકમ છે કે ઈસ્લામનો સુલતાન તેને કત્લ[1] કરશે અને તેનાથી તૌબા ન લેશે. પછી ભલે તે મુસલમાન હોય અથવા કાફિર હોય.'' ઈમામ કાઝી એયાઝે નસ ફરમાવ્યો કે ''તે જ મજકુર હુકમોમાં આ પણ દાખલ છે કે નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમને માટે જે વાત લાઝિમ (નિમિત્ત) છે, તેનો ઈન્કાર કરે, જેમાં તેઓની શાનની હલકાશ હોય, જેવું કે તેઓનો મરતબો અથવા નસબનો શરફ અથવા ઈલ્મનો વિસ્તાર અથવા પરહેઝગારીમાંથી જરાપણ ઘટાડે, તો તેનો હુકમ પણ પહેલી વાતો પ્રમાણે જ છે કે ઈસ્લામનો સુલતાન એવાને વગર ઢીલે કત્લ કરે.'' ફરી ફરમાવ્યું કે **''માલુમ રહે, કે ઇમામ માલેક રદીયલ્લાહો તઆલા અન્હોનો મશહુર મઝહબ શાને અકદસની હલકાશની બાબતમાં અને તે જ કવ્લ પ્રાચીન આલિમોની જમાઅત સમુહનો છે** અને તે એ છે કે જો તે તૌબા જાહેર ન કરે, તો તેવી સ્થિતિમાં પણ તેને કત્લ કરવો, તે સજાની બિના ઉપર છે, બિનાએ કુફ્ર ઉપર નથી (કે કુફ્ર તો તવબહથી રદ થયો, પણ જે ગુનોહ બંદાઓના હકોથી નિસ્બત રખાયલો છે, તેની સજા તવબહથી પણ રદ થતી નથી) **જેથી તેની તવબહ કબુલ કરવામાં ન આવશે અને તેની માફી માગવી અને તેનું ફરી જવું તેને ફાયદો ન આપશે** પછી ચાહે તેણે કબજામાં આવ્યા બાદ કે તે પહેલા તવબહ કરી હોય.'' કાબેસીએ કહ્યું કે ''શાનની હલકાશ કરવા ઉપર કત્લ કરવામાં આવશે, જો કે તવબહ જાહેર કરે અને તે એ માટે કે તે સજા છે.'' અને એવું જ ઈમામ ઈબ્ને અબી ઝયદે કહ્યું : ''ઈમામ ઈબ્ને સહનુને કહયું કે તેની તવબહ તેના કત્લને દૂર ન કરશે અને આ હાકિમોને ત્યાં છે. હા, તે મામલો જે ખાસ તેને અને ખુદાના દરમ્યાનમાં છે, તેમાં તેની તવબહ નફો આપશે'' અને ઈમામ એયાઝે તેની આ દલીલ બયાન ફરમાવી કે ''આં નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમનો હક છે અને તેઓના વસીલાથી તેઓની ઉમ્મતનો પણ હક છે. એટલે તેને છોડવશે નહી જેવા બંદાઓના બીજા હકો છે.'' અને અલ્લામા ખલીલે આ સર્વ હુકમો આ કૌલમાં એકઠા કર્યા

..........................

૧. આ સર્વ ઈસ્લામના સુલતાન માટે છે, અલ્લાહ તઆલા તેની મદદ મજબૂત કરે.

وان سبّ نبيّا او ملكا او عرض او لعن او عاب او قذف او استخف
بحقه او الحق به نقصا وغض من مرتبته او وفور علمه او زهده
او اضاف له ما يجوز عليه او نسب اليه ما لا يليق بمنصبه على طريق
الذم قتل ولم يستتب حدا قال شراحه ان تاب او انكر والا
قتل كفرا وقال عياض في عداد ما هو من المقالات كفر ان منها من
جوز على الانبياء الكذب فيما اتوا به ادعى في ذلك المصلحة
بزعمه ام لا فهو كافر باجماع وكذلك من ادعى نبوة احد ما مع
نبيّنا صلى الله تعالى عليه وسلم او بعده او ادعى النبوة
لنفسه او جوز اكتسابها قال خليل او ادعى شركا مع نبوته عليه
الصّلاة والسّلام او بعده او جوز اكتسابها وكذلك من
ادعى انه يوحى اليه وان لم يدع النبوّة قال فهؤلاء كفار
مكذبون للنبي صلى الله تعالى عليه وسلم لانه
اخبر انه خاتم النّبيّين وانه ارسل كافة للناس واجمعت
الامة على ان هذا الكلام على ظاهره وان مفهومه
المراد منه دون تاويل ولا تخصيص فلا شك في كفر
هؤلاء الطوائف كلها قطعا اجماعا وسمعا

قال سيّدي ابراهيم اللقاني وخص
خير الخلق ان قد تمما + به الجميع
ربنا وعمما + بعثته فشرعه
لا ينسخ + بغيره حتى
الزمان ينسخ

કે "જો કોઈ નબી અથવા ફરિશ્તાને બુરો કહે, અગર તો ભેદભરમમાં પહેલુ બચાવી તેઓના ઉપર તાનો કરે, અથવા ધિક્કારપાત્ર લાનતનો શબ્દ મોઢાથી કાઢે, અથવા ઐબ લગાડે, અથવા વ્યભિચારની તહોમત મૂકે, અથવા તેઓના હકને હલકો સમજે અથવા કોઈપણ રીતે હલકી વાત કરે, અથવા તેઓના મરતબાઓ, અથવા તેઓના વિશાળ ઈલ્મમાં અથવા તકવામાંથી કાંઈ ઘટાડે અથવા તેઓની તરફ તે વાતની નિસ્બત કરે, જે વાત તેઓ ઉપર રવા ન હોય અથવા તેઓને દોષિત કરવાના હેતુથી સીધી કે આડકતરી રીતે કોઈ વાતની તેઓ તરફ નિસ્બત કરે, જે તેઓની શાનના લાયક ન હોય, તે સજાના અંગે કત્લ કરવામાં આવશે અને તેની તૌબાહ સ્વીકારવામાં આવશે નહી." શારેહીનોએ (શરીઅતના હુકમોના લંબાણથી ખુલાસાઓ કરનાર) કહયું કે "ફકત સજાની બિના ઉપર હાકિમનું તેને કત્લ કરવું તે હાલતમાં છે કે તે તૌબા કરે, અથવા હાકિમની સામે ફરી જાય કે મેં આ પ્રમાણે કહ્યું જ નથી અને નહીં તો કુફ્રની બિના ઉપર હાકિમ કત્લ કરશે" અને ઈમામ કાજી ઈયાઝે કુફ્રના કલામોની ગણત્રીમાં ફરમાવ્યું કે, "શરીઅતના વિષયોમાં અમ્બિયા અલૈહિમુસ્સલાતો વસ્સલામનું જુઠું બોલવુ જે જાએઝ માને છે (કે નબીઓ જુઠુ બોલી શકે છે) તે પણ કાફિર છે પછી ચાહે તો પોતાની મગરૂરી ધારણામાં કોઈ પણ મસલેહતનો દાવો કરે, કે ન કરે, તો તે ઉમ્મતના એકે મતે કાફિર છે અને એ જ પ્રમાણે નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમના ઝમાનામાં અથવા હુઝુરના બાદ કોઈને નબુવત મળી શકવાનો જે દાવો કરે અથવા તો પોતાની નબુવતનો દાવો કરે, અથવા (એમ) કહે કે નબુવત હુનર (બાહુબળ)થી મળી શકે છે, તે પણ કાફિર છે." અલ્લામા ખલીલે ફરમાવ્યું કે "જે હુઝુરની નબુવતમાં કોઈને ભાગીદાર માને, અથવા હુઝુરની બાદ કોઈને નબી જાણે અથવા (એમ) કહે કે નબુવત કોઈ અમલથી પ્રાપ્ત થઈ શકે છે અને એ જ પ્રમાણે જે પોતાની તરફ વહી આવવાનો દાવો કરે, તે પણ કાફિર છે, જો કે (તે પોતે) નબુવતનો દાવો કરતો ન હોય ફરમાવ્યું કે આ તમામે તમામ કાફિરો છે." (સબબ કે તેઓ) નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમને જુઠો ઠેરવે છે અને તે એ માટે કે હુઝુરે ખબર આપી છે કે **"હું સર્વ પયગમ્બરોને ખત્મ કરવાવાળો છું"** અને બીજું એ છે કે **"હું સર્વ સૃષ્ટિ માટે મોકલાયો છું"** અને સમસ્ત ઉમ્મતે એક મત કર્યો છે કે, આ કલામ પોતાના જાહેર અર્થ ઉપર જ છે અને એનાથી જે સમજવામાં આવે છે, તે જ હેતુ મુરાદ છે અને એમાં કોઈ મનઘડત અર્થ કે ખાસ બીજા અર્થને સ્થાન નથી, તો આ બધી ટોળીઓના કુફ્રમાં જરાપણ શંકા જ નથી. યકીનની રૂએ પણ નથી કે નથી ઈજમાઅની રૂએ અને નથી કુરઆન અને હદીસની રૂએ. (એટલે કુરઆન, હદીસ, ઈજમાઅ અને કિયાસ ચારે તરફના સિદ્ધાંતથી તે ટોળીઓ તદન કાફિર છે) અમારા સરદાર ઈબ્રાહીમ લેકાનીએ ખૂબ ફરમાવ્યું :

યેહ ફઝલ ખાસ સરવરે કોનેન કો દિયા
હકને કે ઉનકો ખાતિમે જુમલા રોસુલ કિયા
બેઅસત કો ઉનકી આમ કિયા ઉનકી શરઅ પાક
ઝાએલ ન હોગી દહેરકો જબતક રહે બકા

وکذالک نقطع بتکفیر کل من قال قولا یتوصل به الی تضلیل الامۃ و ابطال الشریعۃ باسرها وکذالک نقطع بتکفیر من فضل احدا علی الانبیاء وقال مالک فی کتاب ابن حبیب وابن سحنون وقال ابن القاسم وابن الماجشون وابن عبد الحکم واصبغ وسحنون فیمن شتم احدا منهم وانتقصه قتل[1] ولم یستتب وقال عیاض بعد تحریر عقود الانبیاء فی التوحید والایمان والوحی وعصمتهم فی ذالک فاما ما عدا ذالک من عقود قلوبهم فجماعها انها مملوءۃ علما ویقینا علی الجملۃ وانها قد احتوت علی المعرفۃ والعلم بامور الدین والدنیا مالا شیٔ فوقه وقال ایضا ومن معجزاته صلی اللہ تعالیٰ علیه وسلم ما اطلع علیه من الغیب وما یکون وذالک بحر لا یدرک قعره ولا ینزف غمره من جملۃ معجزاته المعلومۃ علی القطع الواصل الینا خبرها علی التواتر وهذا لا ینافی الایات الدالۃ علی انه لا یعلم الغیب الا اللہ ولو کنت اعلم الغیب لاستکثرت من الخیر المنفی علمه من غیر واسطۃ واما اطلاعه علیه باعلام اللہ له فامر متحقق فلا یظهر علی غیبه احدا الامن ارتضی من رسول وقال العضد فی عقائده ولا یجوز علی اللہ الجهل والکذب قال الدوانی والوجه فی دفع الاستناد الی جواز الخلف فی الوعید ان ایات الوعید مشروطۃ بشروط

---

[1] ای قتله سلطان الاسلام ایده اللہ نصره ولم یعرض علیه التوبۃ وان تاب لم یسمع وامضی حکمه فیه لان قتله حد والحد لا یسقط بالتوبۃ والحد ولا یتولاها الا السلطان کما نصوا علیه اھ

ખચ્ચિત એ જ પ્રમાણે જે એવી વાત કહે, જેનાથી સર્વે ઉમ્મતને ગુમરાહ ઠેરવવા અથવા તમામ શરીઅતને બાતિલ કરવા તરફ માર્ગ ઉતપન્ન થાય તો તેને કાફિર કહેવા ઉપર અમો યકીન કરીએ છીએ. એવી જ રીતે જે તમામ જહાનમાં કોઈને અમ્બિયા અલયહિમુસ્સલાતો વસ્સલામથી અફઝલ બતાવે, તેના કાફિર હોવા ઉપર અમો યકીન કરીએ છીએ. ઈમામ માલિકે ઈબ્ને હબીબ અને ઈબ્ને સહનુન અને ઈબ્નુલ કાસિમ અને ઈબ્નુલ માજેશુન અને ઈબ્ને અબ્દુલહકમ અને અસબગ અને સહનુનથી રિવાયત કરી કે તેના હકમાં જે અમ્બિયા અલયહિમુસ્સલાતો વસ્સલામમાંથી કોઈને બુરો કરે, અગર તો તેઓની શાન ઘટાડે, તેને મૌતની સજા[1] આપવા અને તેનાથી તૌબા ન લેવા હુકમ આપ્યો અને ઈમામ કાઝી ઈયાઝે અમ્બિયા અલૈહિમુસ્સલાતો વસ્લામની તવહીદ, ઈમાન અને વહીના એતેકાદ બાબતમાં તેઓ હંમેશા પાક અને પવિત્ર હોય છે; અને એ વિષયમાં તેઓ ગલત અને ભૂલથી માસુમ છે, એવી આ મસલાની પવિત્રતા જાહેર કર્યા બાદ આ ફરમાવ્યું કે "આ કામોના સિવાય તેઓના બાકીના અકાએદોની એકમાત્ર હાલત એ છે કે તેઓ દરેક વાતમાં ઈલ્મ અને યકીનથી ભરપૂર છે. વધુમાં એ કે તેઓ દીન અને દુનિયાના તમામ કામોની મારેફત અને ઈલ્મ ઉપર એવો કાબૂ ધરાવે છે જેથી વધીને કોઈ ધારણા થઈ શકતી નથી." વળી ફરમાવ્યું કે "હુઝુરનું ગયબનું જાણવું અને જે કાંઈ થવાનું છે, તે સર્વથી વાકેફ હોવું નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમના મોઅજીઝાઓથી છે અને આ તો તે સમુદ્ર છે, જેનો ઊંડો વિસ્તાર કળી શકાતો નથી. તેમજ તેનું અપાર પાણી માપી શકાતું નથી અને હુઝુરનું ગયબને જાણવું હુઝુરના એવા મોઅજીઝાઓમાંથી છે, જે બિલયકીન (ખાત્રીપૂર્વક) જાણીતા છે" અને જેમની ખબર મુતવાતેર હદીસો અને સમુહ સિદ્ધાંતથી અમોને પહોંચી છે અને આ કાંઈ તે આયતોની નકારદર્શક નથી, જે બતાવે છે કે અલ્લાહના સિવાય કોઈ ગયબ જાણતું નથી અને જો હું ગયબ જાણતે તો ઘણી ભલાઈઓ એકઠી કરી લેતે કેમકે આ આયતોમાં એનો નકાર છે કે હુઝુરનું (ખુદાના) બતાવ્યા વગર, ગયબનું જાણવું, તેની નફી છે. (હવે) ખુદાના બતાવ્યાથી હુઝુરનું ગયબને જાણવું તો એ બાબત તો યકીની (સિદ્ધ) છે. કેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે : **"અલ્લાહ પોતાના પસંદ કરેલા રસુલો સિવાય કોઇને પોતાના ગયબ ઉપર ગાલિબ કરતો નથી."** કાઝી અઝદુદીને અકાએદની કિતાબમાં કહ્યું છે કે "અલ્લાહ તઆલાનું જેહલ અને જુઠ મુમકિન (શકય) નથી." અલ્લામહ દવાનીએ તેની શરહમાં કહ્યું કે "ખોલોફે વઈદ (અઝાબના વાયદા)થી ખિલાફ કરવું જાએઝ હોવાથી જે સનદ પકડે, તેના નષ્ટની સાબિતી એ છે કે અઝાબના વાયદાની આયતો તે શરતોથી કરી છે, જે બીજી

..........................

૧. એટલે સુલતાને ઈસ્લામ (નસરહુલ્લાહો તઆલા) તેને કત્લ કરે અને તેને તવબહ કરવા માટે ન કહે અને તે તવબહ કરે તો પણ તે ન સાંભળે અને પોતાનો હુકમ તે બદલ અમલમાં મૂકે અને તે એ માટે કે તેને કત્લ કરવું તો હદ તરીકે છે. અને હદ તવબહથી સાકિત થતી નથી અને હદ અમલમાં મૂકવાનો અખત્યાર ફકત સુલતાનને છે જેવું કે આલિમોએ તેનો ખુલાસો કર્યો છે.

معلومة من الآيات الاخر والاحاديث منها الاصرار وعدم التوبة وعدم العفو فيكون فى قوة الشرطية فكانه قيل العاصى اذا اصر ولم يتب ولم يعف عنه بالشفاعة وغيرها يكون معاقبا فعدم عقابه لعدم تحقق واحد من تلك الشرائط لو يستلزم كذبا او يقال المراد انشاء الوعيد والتهديد بدلا حقيقة الاخبار فلا كذب ونقل عياض عن ابن حبيب واصبغ بن خليل اثناء نازلة تتضمن الوقوع والعياذ بالله فى الجناب الالهى ما نصه ايشتم رب عبدناه ثم لا ننتصر له انا اذا لعبيد سوء وما نحن له بعابدين وذكر الانشريسى فى معياره حكى ابن ابى زيد ان الرشيد سأل مالكا عن رجل شتم وذكر النبى صلى الله تعالى عليه وسلم وان فقهاء العراق افتوه بجلده فغضب مالك وقال يا امير المؤمنين ما بقاء الامة بعد نبيها من شتم الانبياء قتل ومن شتم الصحابة ضرب

والله يمن بحسن الاتباع + ويحفظنا من الزيغ والزلل

وسوء الابتداع + ونرجو من فضل الله ووعده + النجاة

من الوعيد بعدله + بجاه المشفع يوم العرض

والقيام + خاتم الانبياء والرسل

عليه وعليهم افضل الصلاة

والسلام + وعلى اله و

صحبه الهادين

المهديين

+

આયતો અને હદીસોથી માલુમ થાય છે, તે સર્વમાંથી અમુક એ છે કે ગુનેહગાર પોતાના ગુનાહ ઉપર અડયો રહે અને તૌબા ન કરે; અને એ કે અલ્લાહ તઆલા માફ નહીં ફરમાવે; એ શરતોની સાથે વઈદ (સંબંધક) છે. જેથી વઈદના જેટલા હુકમો છે, તેના અર્થ શરતોના અવ્યય હેતુ (ઉભ્યાનવી) સાથે છે, જાણે એવું ફરમાવ્યું કે, ગુનેહગાર જો હઠ કરે અને તૌબા ન કરે અને શફાઅત વિગેરે માફીના કારણો પણ ન જડે તો તે હાલતમાં તેની ઉપર અઝાબ થશે. એટલે જો અઝાબની આ શરતોમાંથી કોઈ એક શરત જડી ન આવતાં અઝાબ ન થાય, તો મઆઝઅલ્લાહ એથી જુઠ (ખુદાનું જાુઠાપણું) લાઝિમ આવતું નથી''. અથવા તો એમ કહીએ કે આ આયતોથી અઝાબનો વાયદો અને બીવડાવવા માટે હુકમ ફરમાવવું મુરાદ છે, અસલ ખબર દેવું નથી, તો એમાં જુઠને બિલકુલ દખલ નથી.'' ઈમામ કાઝી ઈયાઝે ઈબ્ને હબીબ અને અસબગ બિન ખલીલથી એક બનાવ બાબત કે જેમાં કોઈ નાપાકે અલ્લાહની શાનની હલકાશ કરી હતી, તે નકલ કરી છે કે, તેઓએ ફરમાવ્યું કે, ''શું તે રબ ! જેની અમો ઈબાદત કરીએ છીએ, તેને ગાળ આપવામાં આવે ! અને અમો બદલો ન લઈએ ? ત્યારે તો અમે ઘણા જ નાલાયક બંદા છીએ અને તેના પૂજવાવાળા જ ન થયા !'' અનશરેસીએ પોતાની કિતાબ *મેઅયાર*માં વર્ણન કર્યું; ઈબ્ને અબી ઝયદે નકલ ફરમાવ્યું કે, ''ખલીફા હારૂન રશીદે ઈમામ માલિકથી તે શખ્સના બાબતમાં સવાલ કર્યો, જેણે બદગોઈ કરી અને તેમાં નબી સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમનું પાક નામ લીધું. વળી એ કે ઈરાકના આલિમોએ તેને કોડા મારવાનો ફત્વો આપ્યો છે. ઈમામ માલિક આ સાંભળી ક્રોધવાન થયા અને ફરમાવ્યું કે, અમીરૂલ મોઅમેનીન ! જ્યારે નબીની શાનની હલકાશ કરવામાં આવે, તો પછી ઉમ્મતની જીંદગી કેવી ? અમ્બિયાને જે બૂરા કહેશે, તે કત્લ કરવામાં આવશે અને જે સહાબાને બૂરા કહેશે, કોડાઓ તો તેને માટે છે!'' અલ્લાહ તઆલા અમને નેક તાબેદારી દઈને ઉપકાર આપે અને ઊંધા વાકાં વિચાર દીનથી છટકવાના અને બૂરી બિદઅતોથી બચાવે ! તેઓના સદકામાં જે પેશી અને કયામતના દિવસે શફાઅત કબૂલ કરવામાં આવ્યા અને અમ્બિયા અને રસુલોનાં ખત્મ કરવાવાળા છે, અલ્લાહ તઆલાના ફઝલ અને વાયદાથી અમો ઉમેદ કરીએ છીએ કે જે અઝાબની વઈદો તેણે પોતાના અદલથી મુકર્રર ફરમાવી છે, તેનાથી નજાત બખ્શે ! હુઝુર સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ ઉપર અને સર્વ પયગમ્બરો ઉપર બહેતર દુરૂદ અને સલામ અને તેઓની આલ અને અસ્હાબ ઉપર કે (જેઓ) રાહ પામેલા માર્ગ બતાવનારા છે અને

ومن اقتفى اثرهم الى يوم الدين + رقمه حليف العجز والتقصير + المفتقر لعفو ربه القدير عبده محمد العزيز الوزير + الاندلسى اصلا والتونسى مولدا و نشأ والمدنى قرارا اثم لفضل الله مدفنا تحريرا فى ٥ ثانى ربيعين سنة ١٣٢٤ هـ

## (٣٤) صورة ماسطره من فى العلم تصدر + وفى الدرس تقرر + ودقق النظر ووردهما + بتوفيق من القادر + الشيخ الفاضل عبد القادر + توفيق الشلبى الطرابلسى الحنفى المدرس بالمسجد الكريم النبوى + منحه الله تعالى من فيضه القوى +

بسم الله الرحمن الرحيم

الحمد لله وحده + والصلاة والسلام على من لا نبى بعده + وعلى اله وصحبه + واتباعه وحزبه اما بعد فاذا ثبت وتحقق مانسب لهؤلاء القوم وهم غلام احمد القاديانى وقاسم النانوتى ورشيد احمد الكنكوهى وخليل احمد الانبهتى واشرف على التانوى واتباعهم مما هو مبين فى السؤال فعند ذلك يحكم بكفرهم واجراء احكام المرتدين عليهم وان لم تجز فيلزم التحذير منهم + التنفير عنهم على المنابر وفى الرسائل والمجالس والمحافل + حسما لمادة شرهم + وقطعا لجرثومة كفرهم وخشية من ان تسرى روح الضلالة فى العالم + من مؤمنى بنى ادم + وانما قيدنا بالثبوت والتحقيق لان التكفير فى حد ذاته خطر + ومهايعه وعرة + لم تسلكه ساداتنا العلماء الا بنور الاثبات + والاعتماد على قواطع براهين الائمة الاثبات + لا بمجرد تخمين و اخبار + مرتقبين يوما تشخص فيه الابصار + وصلى الله تعالى على سيدنا محمد وعلى اله وصحبه وسلم امر برقمه العبد الضعيف عبد القادر توفيق الشلبى الطرابلسى والمدرس الحنفى فى المسجد النبوى ※

عبد القادر توفيق الشلبى

કયામત સુધી તેમના તાબેદારો ઉપર પોતાના કુદરતવાળા રબની માફીનો મોહતાજ બંદએ ખુદા **મોહંમદ અઝીઝ વઝીર**, જેણે આજીજી અને તકસીરની સાથે દોસ્તીનો અહદ બાંધ્યો છે, જેના બાપ-દાદા અન્દલિસ શહેરના છે અને તુનિસમાં પયદા થયો અને મદીના તય્યબહમાં રહે છે અને ખુદાના ફઝલથી અહીંજ દફન થશે તેણે આ લખ્યું. લખવાની તારીખ ૫ માહે રબીયુલ આખેર સને ૧૩૨૪ હિજરી. **મોહંમદ અઝીઝ વઝીર.**

---

**(૩૪) જે ઇલ્મમાં સદર બન્યા અને મુદર્રિસ ઠર્યા અને લક્ષ દીધું તેમજ કુદરતવાળાની તવફીકથી ઇલ્મ બારીકીઓમાં આવ-જા કરી, તે હઝરત ફાઝિલ અબ્દુલ કાદિર તવફીક શલબી તરાબેલસી, હનફી, કરમવાળી મસ્જીદે નબવીમાં મુદર્રિસનો ફત્વો. અલ્લાહ તઆલા તેમને પોતાના સબળ ફૈઝથી અપનાવે.**

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

સર્વ ખુબીઓ એક અલ્લાહને અને દુરૂદ તથા સલામ તેઓ પર જેમના પછી કોઈ નબી નથી અને તેમની આલ તથા સહાબા અને તાબેદારો અને તેમના જથ્થા પર હમ્દ અને સલાત બાદ જયારે તે લોકો **ગુલામ અહમદ કાદીયાની** અને **કાસિમ નાનોત્વી** અને **રશીદ અહમદ ગંગોહી** અને **ખલીલ અહમદ અંબેટી** અને **અશરફઅલી થાનવી**.અને તેમને સાથ દેનારાઓ તરફ જે નિસ્બત કરવામાં આવ્યું તે સાબિત અને નકકી થયું; અને સવાલમાં જે કંઈ બયાન થયું તો એ બેશક તેઓના કુફ્ર પર હુકમ કરે છે અને તેઓ ઉપર મુરતદ્દોનો જે હુકમ છે તે લાગ્યો. એટલે કે હાકિમનું તેઓને કત્લ કરવું લાગુ પડશે અને જો એ હુકમ ત્યાં ચાલતો ન હોય તો વાજીબ છે કે મુસલમાનોને તે લોકોથી બીવડાવવામાં આવે; અને તેઓથી ધિકકાર દેવડાવે; મિમ્બરો પર રિસાલાઓમાં, મજલિસોમાં અને મેહફિલોમાં તેમની ફજેતી કરવી જેથી તેમના ફસાદનું બી બળી જાય અને તેમના કુફ્રની જડ કપાઈ જાય. એ જ ભયથી કે તેમની ગુમરાહીનુ વ્હેણ ઈસ્લામી દુનિયામાં ફેલાઈને ઊંડે ન ઊતરી જાય અને અમોએ સાબિત અને નકકી થવાની શરત એટલા માટે લગાવી કે તકફીરના માર્ગમાં ખતરો છે અને તેના રસ્તાઓ કઠિન છે. અમારા સરદાર આલિમોએ તકફીરનો માર્ગ ત્યારે જ ગ્રહણ કર્યો છે જ્યારે પ્રકાશિત સાબિતી જોઈ લીધી અને મુજતહેદ ઈમામોની તદ્દન મજબૂત દલીલો ઉપર વિશ્વાસ કર્યો. માત્ર અટકળ કે સાંભળેલી વાત ઉપર તકફીર નથી કરી. (અને એવું બનેજ કેમ !) તેઓને તે દિવસનો પણ ખૌફ છે જે દિવસે આંખો ફાટીને રહી જશે અને અલ્લાહ તઆલા અમારા સરદાર મોહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ અને તેમની આલ અને સહાબાઓ ઉપર અને સલામ મોકલે. ઝઈફ બંદો **અબ્દુલ દેર તવફીક શલબી તરાબોલસી** એ જે મસ્જીદે નબવીમાં હન્ફીઓનો મુદર્રિસ છે, આ લખવાનો હુકમ કર્યો.

અબ્દુલકાદિર તવફીક-શલબી

હુસામુલ હરમૈન શરીફમાં મક્કા મોઅઝઝમાના અને મદીના તૈયબાના મહાન મુફતીઓના ફત્વાઓ છે તેમના મુબારક નામો.

## ❖ મક્કા મોઅઝઝમા ❖

(૧) શયખુલ ઉલ્મા, શાફઈઓના મુફતી, હઝરત મવલાના શયખ મોહંમદ સઈદ બાબુસૈલ સાહેબ.
(૨) શયખુલ ખુતબા, મવલાના શયખ અબુલખૈર મીરદાદ સાહેબ.
(૩) નાસૈરે સુનન, હનફીયોના માજી–મુફતી હઝરત અલ્લામા શયખ સાલેહ કમાલ.
(૪) બુલંદ મરતાબાવાળા, હઝરત મવલાના શયખ અલી બીન સિદ્દિક કમાલ.
(૫) બકીયતુલ–અકાબેર મવલાના શયખ અબ્દુલ–હૅક્ક મોહાજીર સાહેબ
(૬) હરમ શરીફના કુબુતખાનાના મુહાફિઝ અલ્લામા સૈયદ ઈસ્માઈલ ખલીલ.
(૭) મહાન ઈલ્મવાળા અલ્લામા સય્યદ અબુહુસૈન મરઝુકી સાહેબ.
(૮) બુઝુર્ગીવાળા મવલાના જનાબ ઉમર બિન અબીબકર બાજુનૈદ
(૯) માલેકીયોના મુફતી અલ્લામા શયખ આબિદ હુસયન માલેકી.
(૧૦) આલિમ ફાઝિલ મવલાના શયખ અલી બિન હુસયન માલેકી.
(૧૧) કીર્તીવાન જનાબ મવલાના મોહંમદ અલી બિન હુસયન
(૧૨) આલિમ ફાઝિલ મૌલાના જમાલ બિન મોહંમદ બિન હુસયન
(૧૩) અજોડ મુફતી અલ્લામા શયખ અસઅદ બિન અહમદ દહહાન
(૧૩-A) નામાંકિત મવલાના જનાબ શયખ અબ્દુલ રહમાન દહહાન
(૧૪) સવલતીયા મદ્રસાના મુદર્રિસ હઝરત મવલાના મોહંમદ યુસુફ
(૧૫) અહમદીયા મદ્રસાના મુદર્રીસ મવલાના શયખ અહમદ મક્કી ઈમદાદી
(૧૬) આલિમે બરકાત અલ્લામા મોહંમદ યુસુફ ખય્યાત
(૧૭) મોટા મરતબાવાળા મવલાના મોહંમદ સાલેહ બિન મોહંમદ બાફઝલ
(૧૮) ખુદાનો ફૈઝ પામેલા અલ્લામા અબ્દુલ કરીમ નાજી દાગસ્તાની
(૧૯) ફાઝિલ અલ્લામા, હઝરત શયખ મોહંમદ સઈદ યમાની.
(૨૦) કામિલ અલ્લામા હઝરત હામીદ અહમદ મોહંમદ જદાવી

## ❖ મદીના તય્યબા ❖

(૨૧) હન્ફીઓના મહાન મુફતી અલ્લામા તાજુદ્દીન ઈલ્યાસ
(૨૨) મદીના તય્યબાના પહેલા મુફતી હઝરત ઉસ્માન બીન અબ્દુસ્સલામ દાગસ્તાની
(૨૩) શરીફ અને સરદાર મવલાના સૈયદ અહમદ જઝાએરી
(૨૪) ફાઝીલ ફૈઝવાળા મવલાના ખલીલ બીન ઈબ્રાહીમ ખરબોતી.
(૨૫) નેકીના સરદાર, અલ્લામા સય્યદ મોહંમદ સઈદ શેખુદ દલાએલ
(૨૬) મોટા ફાઝીલ મવલાના મોહંમદ બીન અહમદ અમરી
(૨૭) જાણકાર અલ્લામા હઝરત મવલાના સય્યદ અબ્બાસ રીદવાન
(૨૮) અક્કલમંદ આલીમ મવલાના ઉમર બીન હમદાન મોહરસી
(૨૯) અક્કલમંદ આલીમ મવલાના ઉમર બીન હમદાન મોહરસી
(૩૦) મવલાના સય્યદ મોહંમદ દીદાવી
(૩૧) મદીનામાં હરમ શરીફના મુદર્રીસ શયખ મોહમદ સોસી ખ્યારી.
(૩૨) શાફઈઓના મુફતી, પ્રખ્યાત મવલાના સય્યદ શરીફ અહમદ બરઝન્જી
(૩૩) નામવર મુફતી હઝરત અલ્લામા મોહંમદ અઝીઝ વઝીર
(૩૪) ફાઝીલ ઉસ્તાદ મવલાના અબ્દુલ કાદીર તવફીક શલબી

*(ખુદાપાક તેઓના નુરાની ફયઝથી મુસલમાનોના દીલો પ્રકાશીત બનાવે, આમીન.)*